**આજનો સુવિચાર**

જેઓ પોતાનું નસીબ લખે છે તે તૂટેલી કલમથી પણ લેખ લખે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૩૧ જૂનાગઢ તા.૧૬-૦૫-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 131, Junagadh : Date : 16 May, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay




## આનંદો... ૩૧ મેનાં રોજ ચોમાસુ કેરળ પહોંચી જશે ૧૯ થી ૩૦ જૂન વચ્ચે ગુજરાતમાં સક્રિય થઈ જશે

નવી દિલ્હી તા. ૧૬ આ વર્ષે ચોમાસું સામાન્ય તારીખના એક દિવસ પહેલા કેરળમાં પહોંચી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર નૈઋત્ય ચોમાસું ૩૧ મેના રોજ કેરળ પહોંચશે. જો કે કેરળમાં ચોમાસાના આગમનની સામાન્ય તારીખ ૧ જૂન છે. હવામાન વિભાગે બુધવારે મોડી રાત્રે આ અંદાજ જાહેર કર્યો હતો. જાહેર કરેલી તારીખમાં ૪ દિવસ વધુ કે ઓછા રહેવાની શક્યતા છે. એટલે કે ચોમાસું ૨૮ મેથી ૩જી જૂન વચ્ચે ગમે ત્યારે આવી શકે છે.

હવામાન વિભાગે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં નૈઋત્ય ચોમાસુ ૧૯ થી ૩૦ જૂન વચ્ચે સક્રિય થઈ જવાની શકયતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ચોમાસું આંદામાન સમુદ્ર અને બંગાળની ખાડીમાં આવેલા ટાપુ જૂથોમાં બે દિવસ પહેલા એટલે કે ૧૯ મેના રોજ પહોંચવાની સંભાવના છે, જ્યારે ત્યાં પહોંચવાની સામાન્ય તારીખ ૨૧ મે છે. ગયા વર્ષે પણ અંદામાન અને નિકોબાર ટાપુઓમાં ચોમાસું ૧૯ મેના રોજ આવ્યુ હતું, પરંતુ ૮ જૂને કેરળમાં ૯ દિવસ મોડું પહોંચ્યું હતું.

IMDના ડેટા અનુસાર કેરળમાં ચોમાસાના એન્ટ્રીની તારીખો છેલ્લા ૧૫૦ વર્ષોમાં તદ્દન અલગ રહી છે. ૧૯૧૮માં ચોમાસું ૧૧ મેના રોજ સૌ પ્રથમ કેરળ પહોંચ્યું હતું, જ્યારે ૧૯૭૨માં તે ૧૮ જૂનના રોજ સૌથી મોડા કેરળ પહોંચ્યું હતું. છેલ્લા ચાર વર્ષની વાત કરીએ તો ૨૦૨૦માં ચોમાસું ૧ જૂન, ૨૦૨૧માં ૩ જૂન, ૨૦૨૨માં ૨૯ મે અને ૨૦૨૩માં ૮ જૂને કેરળ પહોંચ્યું હતું.

## લૂ લાગવાથી વિશ્વમાં દર વર્ષે ૧.૫૩ લાખ લોકોનાં મોત ભારતમાં ૩૦ હજાર લોકોનાં મોત થાય છે

નવી દિલ્હી,તા. ૧૬: વિશ્વમાં દર વર્ષે ૧.૫૩ લાખથી વધુ લોકોના મોત લૂ લાગવાથી થાય છે. ૧૯૯૦ પછીના ૩૦ વર્ષના સમયગાળાને જોઈએ તો આંચકાજનક આંકડા મળે છે. છેલ્લા ૩૦ વર્ષમાં દર વર્ષે ૧.૫૩ લાખથી વધુ લોકોએ લૂ લાગવાના લીધે જીવ ગુમાવ્યા છે. તેમાં પાંચમાં ભાગનો હિસ્સો ભારતનો છે એટલે કે ૧.૫૩ લાખથી વધુ લોકોમાં ભારતના ૩૦ હજારથી પણ વધુ લોકોનો સમાવેશ થાય છે. ભારત પછી ચીન અને રશિયાનો નંબર આવે છે. તેમાં ૧૪ ટકા અને ૮ ટકા મોત હીટવેલ સાથે જોડાયેલ હોય છે. સંશોકોએ તે પણ જોયું કે દરેક ઉનાળામાં થતા કુલ ૧.૫૩ લાખ મોતમાં અડધાથી વધુ એશિયામાં અને ૩૦ ટકાથી વધુ યુરોપમાં થાય છે.

## ભારતનાં ચૂંટણી પરીણામ અંગે ચીને કરી ભવિષ્યવાણી મોદી કહે છે ૪૦૦ પાર ચીને કહયું ૪૩૦ને પાર

બૈજીંગ,તા. ૧૬: ભારતમાં લોકસભા ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા ચાલી રહી છે. ભારતની આ ચૂંટણી પર માત્ર દેશ જ નહીં પરંતુ વિશ્વની નજરો છે. આ લિસ્ટમાં ચીન પણ છે. પ્રધાનમંત્રી મોદી કેટલી સીટ જીતશે, તે હવે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ જણાવશે. પડોશીઓના ઘરમાં ડોકિયું કરવાની અને બબડાટ કરવાની ટેવથી મજબૂર ચીને ભારતમાં યોજાઈ રહેલી લોકસભાની ચૂંટણી બાબતે પણ મોં ખોલ્યું છે.

આ વખતે તો એક નંબર લઈને આવ્યું છે. જેમ આપણા દેશમાં તમામ નેતા પોત-પોતાની રીતે NDA ની સીટો જણાવી રહ્યાં છે. તે રીતે એક નંબર બૈજિંગથી પણ આવ્યો છે. જિનપિંગના મીડિયા પાર્ટનર ગ્લોબલ ટાઈમ્સ પ્રમાણે ૨૦૨૪ની ચૂંટણીમાં મોદીની જીતનો જાદુઈ આંકડો શું છે.

રાહુલ ગાંધીનું કહેવું છે કે ભાજપને ૧૫૦ સીટો મળશે. જયારે પ્રિયંકા ગાંધીએ કહ્યું કે ચૂંટણી બરોબર થઈ તો ૨૦૦ સીટથી વધુ નહીં આવે. મલ્લિકાર્જુન ખડગેએ ત્યાં સુધી કહ્યું કે ભાજપ ૨૦૦ પાર કરી શકશે નહીં. તો અરવિંદ કેજરીવાલે કહ્યું કે પીએમ મોદીને ૨૨૦-૨૩૦ સીટો આવી રહી છે. રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા, મલ્લિકાર્જુન ખડગે, અરવિંદ કેજરીવાલ, મમતા બેનર્જી અને ઈન્ડીયા ગઠબંધનના નેતાઓ કહી ચૂક્યા છે કે આ સીટમાં એનડીએને કેટલી સીટો આવશે. પરંતુ ભારતના ચૂંટણી અંક ગણિત પર ચીનનું અલગ કહેવું છે. ભારતની ચૂંટણીમાં રસ ધરાવી રહેલા ચીને સીટોને લઈને ભવિષ્યવાણી કરી છે.

## દક્ષિણ એશિયાનાં સૌથી પ્રદુષિત શહેરોમાં અમદાવાદ - સુરત ટોચ પર

નવી દિલ્હી, તા.૧૬: દક્ષિણ એશિયા અને દક્ષિણ પૂર્વિય એશિયાના શહેરોમાં વાયુ પ્રદૂષણથી થતાં રોગો અને મૃત્યુમાં અમદાવાદ પણ આગળ છે. અમદાવાદમાં પ્રદૂષિત એવા પીએમ ૨.૫નું પ્રમાણ સામાન્ય કરતા ૨.૨ ગણું વધારે જોવા મળ્યું છે. દક્ષિણ એશિયાનાં સૌથી પ્રદુષિત શહેરોમાં અમદાવાદ - સુરત ટોચ પર છે. જો કે અમદાવાદમાં એલિસબ્રિજ, સરદાર પટેલ સ્ટેડિયમ જેવા વિસ્તારોમાં સ્કીન મુકવામાં આવ્યા છે, છતાં પણ પોલ્યુશનને નિયંત્રિત કરવાના કોઈ પગલાં સફળ નિવડ્યા નથી. એસ.જી.હાઈવે, સી.જી રોડ, આશ્રમ રોડ, કોટ વિસ્તાર, પૂર્વ વિસ્તારમાં પ્રદૂષણ બમણાં લેવલે. આમ તો અમદાવાદના તમામ વિસ્તારો પ્રદૂષણથી પ્રભાવિત છે. ખાસ કરીને એસ.જી.હાઈવે, સી.જી રોડ, આશ્રમ રોડ, કોટ વિસ્તાર, પૂર્વ વિસ્તારમાં પ્રદૂષણ બમણાં લેવલે છે. સાંજે ૪ વાગ્યા પછી પીએમ ૨.૫નું લેવલ ભયજનક સ્તરે વધે છે, જેની નોંધ આરોગ્ય સંસ્થાઓ લઈ રહી છે.

## ઈન્દોર - અમદાવાદ હાઈવે પર ગમખ્વાર અકસ્માત : ડમ્પર સાથે કાર અથડાતા ૮નાં મોત



ઈન્દોર,તા. ૧૬: મધ્ય પ્રદેશમાં ઈન્દોરના બેટમા પાસે ગંભીર અકસ્માત સર્જાતા ૮ લોકોના મોત થયા છે. આ અકસ્માત એસયુવી કારના ધાર રોડ પર ઉભેલા રેતીના ડમ્પર સાથે ટકરાતા થયો હતો. કારમાં ૯ લોકો સવાર હતા જેમાંથી ૮ લોકોના મોત થયા છે. મૃતકમાં એક મહિલા પણ સામેલ છે.

ડીએસપી ઉમાકાંત ચૌધરીએ જણાવ્યું, અમને પીએસ બેતવા સરહદમાં ઈન્દોર-અમદાવાદ હાઈવે પર એક કાર અકસ્માતની સૂચના મળી હતી.

એક બોલેરો એસયુવી દૂર્ઘટનાગ્રસ્ત થઈ હતી અને કારમાં સવાર ૯ લોકોમાંથી ૮ લોકોના મોત થયા છે. તમામ લોકો ગુના તરફ જતા હતા. અકસ્માતમાં એક પોલીસ કોન્સ્ટેબલનું પણ મોત થયું છે.

## દેશમાં ભયનું વાતાવરણ છે : રામમંદિરનું નિર્માણ પૂર્ણ થયા બાદ પુર્નઃ પ્રાણ પ્રતિષ્ઠા કરવી પડશે : શંકરાચાર્ય

અલ્વર, તા.૧૬: જગદગુરુ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ બુધવારે અલવરમાં પત્રકારો સાથે વાત કરતાં કહયું કે, હાલમાં દેશમાં ભયનું વાતાવરણ છે.

રામમંદિરનું નિર્માણ પૂર્ણ થયા બાદ પુર્નઃ પ્રાણ પ્રતિષ્ઠા કરવી પડશે. કેન્દ્રની મોદી સરકાર, ભાજપ, કોંગ્રેસ અને AAP સહિત અન્ય પક્ષો પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે આ વખતે વારાણસીમાં આંધ્રપ્રદેશના પોલિસાટીના ગૌસેવક શિવકુમારે પ્રથમ ઉમેદવારી નોંધાવી છે. તે ગૌમાતા ગઠબંધનમાં સામેલ છે અને તેના મોટાભાગના ઉમેદવારો છે.

હવે વારાણસીના મેયર તેમના સમર્થકોને ડરાવી રહ્યા છે અને તેમની પાસેથી ખસી જવા માટે દબાણ કરી રહ્યા છે. દરખાસ્તોને હટાવીને ગૌસેવક શિવકુમારનું નામાંકન નામંજૂર કરાવવા ભાજપ પ્રયાસ કરી રહી છે.

તેમણે કહ્યું કે માતા ગાયોના રક્ષણ માટે દેશમાં ઘણી જગ્યાએ તેમના તરફથી ઉમેદવારો ઉભા કરવામાં આવ્યા છે.

## શહેરી વિસ્તારોમાં બેરોજગારી દરમાં ઘટાડો

નવી દિલ્હી તા.૧૬ એનએસએસઓ- રાષ્ટ્રીય નમુના સર્વેક્ષણ કાર્યાલય તરફથી બુધવારે જાહેર કરાયેલ ૨૨માં પીરિયાડિક લેબર ફોર્સ સર્વેના અનુસાર શહેરી ક્ષેત્રોમાં મહિલાઓ વચ્ચે બેરોજગારીનો દર આ વર્ષે જાન્યુઆરી-માર્ચમાં ઘટીને ૮.૫ ટકા થઈ ગયો છે. એક વર્ષ પહેલા આ ત્રિમાસિકમાં આ દર ૯.૨ ટકા હતો. દેશમાં શહેરી બેરોજગારી દર માર્ચ ત્રિમાસિકમાં મામુલી ઘટીને ૬.૭ ટકા પર આવી ગયો છે. એક વર્ષ પહેલા આ દર ૬.૮ ટકા હતો તો શહેરી ક્ષેત્રોમાં બેરોજગારી દર આ વર્ષે જાન્યુઆરી માર્ચમાં વધીને ૬.૧ ટકાના સ્તરે પહોંચ્યો હતો. એક વર્ષ પહેલા આ દર ૫.૮ ટકા હતો.

## દુબઈમાં મિલ્કત ખરીદવામાં ભારતીયો નં.૧

દુબઈ,તા.૧૬ હાલમાં એક ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ જર્નાલિસ્ટ્સ દ્વારા દુબઈના પ્રોપર્ટી માર્કેટને લઈને એક ખુલાસો કર્યો છે જે નોંધનીય છે.આ ઓર્ગેનાઈઝેશનના ૬ મહિનાના અભ્યાસ કર્યા પછી જણાવ્યું હતું કે દુબઈમાં પાકિસ્તાનીઓની ૨૨ હજાર પ્રોપર્ટી છે. તેની કિંમત ૧૨.૫ અબજ ડોલર છે. જ્યારે ભારત આ યાદીમાં નંબર વન છે. ભારતીયોએ દુબઈમાં ૧૭ અબજ ડોલરની પ્રોપર્ટી ખરીદી છે. આ સિવાય આ લિસ્ટમાં દુનિયાના ઘણા વ્હાઈટ કોલર લોકોના નામ છે જેમની સામે ઘણા કેસ પેન્ડિંગ છે. જેમાં ડ્રગ માફિયા, મની લોન્ડરર અને મોસ્ટ વોન્ટેડનો સમાવેશ થાય છે. દુબઈમાં સ્ટીલ અને કોંક્રીટના જંગલોમાં, ઘણા એવા વ્હાઈટ કોલર વ્યક્તિઓએ વૈભવી મિલકતો ખરીદી છે જેમની કમાણી તેમના વતનમાં શંકાસ્પદ લાગી રહી છે. આ યાદીમાં ઉદ્યોગપતિઓ, ડ્રગ માફિયાઓ, મની લોન્ડરર્સ, આર્મી જનરલો સહિત સમાજના ઘણા કથિત ઉચ્ચ વર્ગનો લોકોનો સમાવેશ થાય છે. આ પાવરફુલ લોકોની યાદીમાં ભારત,પાકિસ્તાનના ધનકુબેરોનો પણ સમાવેશ થાય છે. જેમણે કરોડો-અરબોની કમાણીથી દુબઈના સૌથી ધનિક વિસ્તારોમાં પોતાની હવેલીઓ ખરીદી છે.

## હવે વાહનની ક્ષમતા કરતા વધુ પેસેન્જર બેસાડયા તો ખેર નહી રહે.. સ્થળ પર જ દંડ ફટકારાશે



અમદાવાદ તા. ૧૬ : જો તમે વાહનમાં અધિકૃત ક્ષમતા કરતા વધારે પેસેન્જરો બેસાડતા હોય તો દંડ ચૂકવવા તૈયાર થઈ જાઓ કેમ કે ગુજરાત સરકાર ટુંક સમયમાં જ કાર, બસ, ટુ વ્હીલર્સ સહિતના વાહનોમાં વધારાના પેસેન્જરો બેસાડવા પર ઓન ધ સ્પોટ દંડનું નોટીફીકેશન બહાર પાડી શકે છે. રાજ્ય પરિવહન વિભાગ દ્વારા આરટીઓને આવા ગુનામાં ફાઈન અંગેનું કોઈ નોટીફીકેશન નહી હોવાના કારણે ઘણા વાહનો વધારાના પેસેન્જરો સાથે ખુલ્લેઆમ ફરી રહ્યા છે.

મોટર વ્હીકલ એકટ જણાવે છે કે કોઈ પણ વાહન પછી તે પેસેન્જર વાહન હોય કે ટ્રાન્સપોર્ટ વાહન, વાહનની આરસી બુકમાં લખેલ પેસેન્જરની સંખ્યા કરતા વધારાનો એક પણ પેસેન્જર બેસાડી શકે નહી. દાખલા તરીકે એક ફાઈવ સીટર કારનો માલિક જો વધારાનો પેસેન્જર બેસાડે તો તેના પર ઓવરક્રાઉડીંગનો દંડ થઈ શકે. દંડની રકમ અંગે કહેવાયું છે કે કાર અને અન્ય વાહનો માટે પ્રતિ પેસેન્જર વધુમાં વધુ ૨૦૦ રૂપિયા અને ટુ-થ્રી વ્હીલર્સ માટે પ્રતિ પેસેન્જર મહત્તમ ૫૦ રૂપિયા દંડની જોગવાઈ છે. તેમ અહેવાલ જણાવે છે.

એક અધિકારીએ કહ્યું કે, ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટના ઓર્ડર છતાં, દંડની રકમ અંગે ગુજરાતમાં કોઈ નોટીફીકેશન જ નથી. હવે ચૂંટણી પુર્ણ થયા બાદ આવી શકે છે. અન્ય એક આરટીઓ અધિકારીએ ધ્યાન દોર્યું કે રાજકીય ઈચ્છા શકિતનો અભાવ અને લાગુ કરવાથી વિરોધ થશે એવી સામાન્ય માન્યતાના કારણે નોટીફીકેશન નહીં હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં ખાનગી કે પેસેન્જર વાહનો મોટા ભાગે ઓવર ક્રાઉડેડ જ હોય છે.

## કિંમતી ધાતુમાં અવિરત તેજીનો દોર યથાવત




### અમદાવાદમાં ૧૦ ગ્રામ સોનાનો ભાવ રૂા.૭૫,૨૦૦ - ૧ કિલો ચાંદીનાં રૂા. ૮૬,૯૦૦

અમદાવાદ તા. ૧૬ આંતરરાષ્ટ્રીય બજારમાંથી મળેલા તેજીના સંકેત વચ્ચે ભારતીય બજારમાં પણ સોના - ચાંદીની કિંમતોમાં ભારે તેજીમય માહોલ જોવા મળ્યો હતો. રાજધાની દિલ્હી ખાતે સોનાના ૧૦ ગ્રામ દીઠ ભાવ રૂપિયા ૪૫૦ ઉછળીને રૂપિયા ૭૩,૪૦૦ રહ્યા હતા. જયારે ચાંદીના કિલો દીઠ ભાવ રૂપિયા ૯૦૦ ઉછળી રૂપિયા ૮૬,૯૦૦ બોલાયા હતા.

આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ઔંસ દીઠ ભાવ ૨,૩૬૫ ડોલર રહ્યા હતા,જે અગાઉના બંધની તુલનામાં ૨૬ ડોલર વધારે હતા. અમેરિકાના ડોલર અને બોન્ડ ઈલ્ડમાં ઘટાડા વચ્ચે બુધવારે યુરોપમાં કામકાજ દરમિયાન સોનામાં તેજીનો માહોલ જોવા મળ્યો હતો. અમદાવાદ ખાતે સોના અને ચાંદીમાં એકંદરે તેજીમય માહોલ જોવા મળ્યો છે. અમદાવાદ સોનું (૯૯.૯) ૧૦ ગ્રામ દીઠ ભાવ રૂપિયા ૬૦૦ વધી રૂપિયા ૭૫,૨૦૦ અને અમદાવાદ સોનુ (૯૯.૫) ૧૦ ગ્રામ દીઠ રૂપિયા ૬૦૦ વધી રૂપિયા વધી રૂપિયા ૭૫૦૦૦ રહ્યા છે.

## પ્રિ-પેઈડ સ્માર્ટ મીટર લગાવાતા ગ્રાહકોએ ભારે હોબાળો મચાવ્યો : વિજ બીલ ૨ થી ૩ ગણું વધી ગયું



રાજકોટ તા.૧૬ વિજચોરી-ગેરરીતિ સહિતના દુષણો રોકવા માટે વિજતંત્ર દ્વારા રાજયભરમાં પ્રિ-પેઈડ સ્માર્ટ મીટર લગાવવાનું શરૂ કરવામાં આવ્યુ છે. પરંતુ આ સ્માર્ટમીટરના ચકકર ખૂબ ઝડપી કરે છે અને વિજખર્ચ બે-ત્રણ ગણો થઈ ગયો હોવાના દાવા સાથે વડોદરા તથા જામનગરમાં હંગામો સર્જાયો છે. બે મહિનાના સરેરાશ બીલના આધારે પ્રિ-પેઈડ કરાવાયુ હતું. પરંતુ આ નાણાં ૮-૧૦ દિવસમાં જ ખત્મ થઈ જતા હોવાની દલીલ સાથે વડોદરામાં વિજકચેરીએ ધસી જઈને ગ્રાહકોએ હંગામો કર્યો હતો. જામનગરમાં પણ સમાન ઘટનાક્રમ સર્જાયો હતો. વિજગ્રાહકો દ્વારા તપાસની માંગ સાથે આવેદનપત્ર આપ્યુ હતું. ગુજરાતમાં આગામી બે વર્ષમાં તબકકાવાર વર્તમાન વિજમીટરના સ્થાને પ્રિ-પેઈડ સ્માર્ટમીટર લગાવવાનો પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે. પીજીવીસીએલ હેઠળ આવતા સૌરાષ્ટ્ર-કચ્છમાં રાજકોટ, જામનગર તથા વેરાવળ-સોમનાથમાં આ પ્રક્રિયા શરુ થઈ ગઈ છે.

મધ્ય ગુજરાત વિજ કંપનીએ વડોદરા જેવા શહેરોમાં પ્રિપેઈડ સ્માર્ટ મીટર લગાવવાનું શરૂ કર્યુ છે. અન્ય વિજ કંપનીઓ પણ પોતપોતાના કાર્યક્ષેત્રમાં વિજમીટર લગાવી રહી છે. હવે આ સ્માર્ટમીટર સામે જ વાંધો ઉઠવા લાગ્યો છે ત્યારે તંત્રના વલણ પર મીટ છે.

## પીયુસી નહી હોય તો હવે પેટ્રોલ પંપ પર જ કેમેરો વાહનને પકડી પાડશે



નવીદિલ્હી,તા.૧૬ વાહનોના લીધે થતાં પ્રદુષણમાં ઘટાડો કરવા સરકાર સીએનજી, એલએનજી, ઈલેક્ટ્રિક, તથા બાયો ફ્યુલ સંચાલિત વાહનોને પ્રોત્સાહન આપી રહી છે. બીજી બાજુ ટ્રાફિક પોલીસ પણ પ્રદુષણમાં ઘટાડો કરવા અનેક પ્રયાસો કરી રહી છે. જેના માટે પુણેમાં એક ઓટોમેટેડ સિસ્ટમ વિકસિત કરવામાં આવી છે. આ સિસ્ટમ એવા વાહનો પર નજર રાખશે, જેનું પોલ્યુશન અંડર કંટ્રોલ (પીયુસી) સર્ટિફિકેટ એક્સપાયર થઈ ચૂક્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ સિસ્ટમ પુણેના પેટ્રોલ પંપ પર લાગૂ કરવામાં આવશે, જેમાં એક કેમેરો ફીટ કરવામાં આવશે. તે પેટ્રોલ ભરાવવા આવતા વાહનોની સિસ્ટમમાં નોંધાયેલા ડેટાને ઓળખી સરળતાથી તે વાહનની પીયુસી વેલિડિટી જણાવશે.

નોંધનીય છે, પીયુસી ન ધરાવતા તેમજ એક્સપાયર થઈ ગયેલા વાહનો પર રૂ. ૧૦૦૦૦નો દંડ ફટકારવાની જોગવાઈ પણ છે. આ યોજના દિલ્હીમાં પણ લાગૂ થશે.



**જોઈએ છે** જૂનાગઢનાં ફેમસ શો-રૂમમાં
વર્ક કરી શકે તેવા લેડીઝ - જેન્ટસ જોઈએ છે
સેલ્સ ગર્લ્સ જોઈએ છે
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

**CCSIT-JUNAGADH**
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ. સંલગ્ન,
સરસ્વતિ ઈન્ફોટેક એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત
કોલેજ ઓફ કોમ્પ્યુટર, સાયન્સ એન્ડ આઈ.ટી.
ગ્રીન સીટી, ચોબારી રેલ્વે ફાટક પાસે, બાયપાસ, ચોબારી રોડ, જૂનાગઢ
Phone : 9228006940, 7990661530
ADMISSION
B.Sc.(IT)/B.C.A
B.Sc - Microbiology - biotechnology - Chemistry
D.M.L.T.
M.Sc.(IT&CA/Micro./Chem.)
કોલેજ કેમ્પસમાં જ ગર્લ્સ હોસ્ટેલ સુવિધા

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**
**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૩૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

### આખી દુનિયાની નજર પુતિનની જિનપિંગ સાથેની મુલાકાત પર છે

# યુક્રેન યુદ્ધ વચ્ચે ચીન પહોંચ્યા રશિયાના રાષ્ટ્રપતિ પુતિન

## પુતિને તાજેતરમાં જ પાંચમી વખત રશિયાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા, ત્યાર બાદ આ તેમનો પ્રથમ વિદેશ પ્રવાસ છે

નવી દિલ્હી, તા.૧૬

યુક્રેન સાથેના યુદ્ધ વચ્ચે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ગુરુવારે ચીન પહોંચ્યા હતા. તેઓ ચીનની બે દિવસની મુલાકાતે છે. આ દરમિયાન તેઓ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળશે. આખી દુનિયાની નજર પુતિનની જિનપિંગ સાથેની મુલાકાત પર છે.પુતિને તાજેતરમાં જ પાંચમી વખત રશિયાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા. ત્યાર બાદ આ તેમનો પ્રથમ વિદેશ પ્રવાસ છે. પરંતુ રાષ્ટ્રપતિ પદ સંભાળ્યા બાદ પુતિનનો તેમની પ્રથમ મુલાકાત માટે ચીનને પસંદ કરવાનો નિર્ણય ચર્ચામાં રહે છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે પુતિને આ મુલાકાત દ્વારા વિશ્વને પોતાની પ્રાથમિકતાઓને લઈને સંદેશ આપ્યો છે. પુતિને કહ્યું છે કે શી જિનપિંગ સાથે તેમના સંબંધો ખૂબ જ મહત્વપૂર્ણ છે. હકીકતમાં, ચીન અને રશિયાએ ફેબ્રુઆરી ૨૦૨૨માં 'નો લિમિટ' ભાગીદારીની જાહેરાત કરી હતી.ચીન પહોંચ્યા બાદ પુતિને શી જિનપિંગની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે જિનપિંગે રાષ્ટ્રીય હિત અને પરસ્પર વિશ્વાસના આધારે રશિયા સાથે વ્યૂહાત્મક ભાગીદારી બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીના કારણે જ મેં રશિયાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા બાદ ફરી એકવાર ચીનની મુલાકાત લેવાનું નક્કી કર્યું.તેમણે કહ્યું કે અમે ઉદ્યોગ, ઉચ્ચ ટેકનોલોજી, અવકાશ, પરમાણુ ઉર્જા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઈનોવેટિવ ક્ષેત્રોમાં સહયોગ વધારવાનો પ્રયાસ કરીશું.પુતિનની આ મુલાકાત રશિયા અને ચીન વચ્ચેના રાજદ્વારી સંબંધોની ૭૫મી વર્ષગાંઠ પર થઈ રહી છે. ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેન સામે યુદ્ધ શરૂ થવાના થોડા અઠવાડિયા પહેલા પુતિન જ્યારે ચીન ગયા હતા ત્યારે તેમણે જિનપિંગ સાથે કહ્યું હતું કે બંને દેશો વચ્ચે એવી ભાગીદારી હશે જેની કોઈ 'મર્યાદા' નહીં હોય.આ દરમિયાન બંને નેતાઓ વ્યાપક ભાગીદારી અને વ્યૂહાત્મક સહયોગ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરશે. અનેક દ્વિપક્ષીય કરારો પર હસ્તાક્ષર થશે. આ મુલાકાત દરમિયાન પુતિન ચીનના વડાપ્રધાન લી કિઆંગ સાથે પણ મુલાકાત કરશે. બેઈજિંગ ઉપરાંત પુતિન હાર્બિન શહેરની પણ મુલાકાત લેશે.પુતિનની આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે જિનપિંગ ફ્રાન્સ, સર્બિયા અને હંગેરીનો પ્રવાસ કરીને પરત ફર્યા છે.

જિનપિંગ સાથેની બેઠકમાં પુતિનનો સૌથી મોટો એજન્ડા 'પાવર ઓફ સાઈબેરિયા ૨' પાઈપલાઈન પ્રોજેક્ટ સાથે સંબંધિત ડીલ છે. આ પ્રોજેક્ટ હેઠળ ઉત્તરી રશિયાથી ચીનને કુદરતી ગેસની સપ્લાય કરવામાં આવશે. ચીન અને રશિયા વચ્ચેનો આ કરાર હજુ અધૂરો છે.આ સિવાય પુતિન ઈચ્છે છે કે ચીન યુક્રેન યુદ્ધને કારણે રશિયાની અર્થવ્યવસ્થાને થયેલા નુકસાનની ભરપાઈ કરે. જોકે રશિયા અને ચીન વચ્ચેના વેપારમાં વર્ષોથી નોંધપાત્ર વધારો થયો છે, પરંતુ પુતિન તેને વધુ વધારવા માંગે છે.સિન્હુઆને આપેલા ઈન્ટરવ્યુમાં પુતિને રશિયા અને ચીન વચ્ચેના આર્થિક સંબંધોની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે વૈશ્વિક પડકારો છતાં રશિયા-ચીન સંબંધો અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા છે.

પુતિન ઈચ્છે છે કે ચીન યુક્રેન યુદ્ધમાં અત્યાર સુધી આપેલું સમર્થન ચાલુ રાખે. ચીન વિશ્વની સામે યુક્રેન યુદ્ધમાં રશિયાને ખુલ્લેઆમ સમર્થન નથી કરતું, પરંતુ પડદા પાછળ તેને સમર્થન કરતું રહે છે. તે ખુલ્લેઆમ શસ્ત્રો વેચતો નથી, પરંતુ કથિત રીતે એવી મશીનરી અને સાધનો પૂરા પાડે છે, જેનો ઉપયોગ રશિયા યુક્રેન સામેના યુદ્ધમાં કરી રહ્યું છે.

# જૂનાગઢમાં રાજગોર મહિલા મંડળ આયોજીત ભાગવત કથાની પુર્ણાહુતી






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

પુ. મુકતાનંદબાપુના આશિર્વાદથી શ્રી રાજગોર મહિલા મંડળ દ્વારા બિલનાથ મહાદેવ મંદિર ખાતે પુ. ગણેશાનંદબાપુની ઉપસ્થિતિમાં શાસ્ત્રી પ્રો. ડો. જગતભાઈ તોરૈયાના વ્યાસસને તા.૯ મેથી૧૫ મે સુધી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનું આયોજન કરાયું હતું. જેની ગઈકાલે પુર્ણાહુતી થઈ હતી. આ સાત દિવસય કથાને સફળ બનાવવા મહિલા મંડળના મીનાક્ષીબેન મહેતા, વર્ષાબેન બોરીસાગર, આરતીબેન ભરાડ, સંગીતાબેન જોષી, નિરીક્ષાબેન તોરૈયા, રસીલાબેન તોરૈયા, હંસાબેન મહેતા, કૈલાશબેન દવે, કંચનબેન દવે, ચંદ્રીકાબેન મહેતા, રંજનબેન પાઠક, પ્રતિમાબેન મહેતા, જાગૃતિબેન દવે, દક્ષાબેન મહેતા, કૈલાશબેન વેગડા, સોનલબેન મહેતા, ભાવનાબેન દવે, આરતીબેન જોષી, રેખાબેન મહેતા,ગીતાબેન શીલુ, રેખાબેન શીલુ, કવિતાબેન ભરાડ તેમજ ભાગવત સપ્તાહ કમીટીના રમેશભાઈ મહેતા, રાઘવજીભાઈ સાંકળીયા, કિરીટભાઈ શીલુ, યોગેશભાઈ મહેતા, જેન્તીભાઈ શીલુ, જગદિશભાઈ મહેતા, કમલેશભાઈ જોષી, મનુભાઈ રવિયા, સુરેશભાઈ મહેતા, મનુભાઈ રવિયા, મગનભાઈ પુરોહિત, જીત તેરૈયા, દાલતભાઈ ભુટક, મનસુખભાઈ બોરીસાગર, અજયભાઈ તેરૈયા, હરેશભાઈ પંડયા, સંજયભાઈ ભરાડ, દેવેન્દ્રભાઈ શીલુ, હરસુખભાઈ સૌયાગોર, મનિષભાઈ મહેતા, કિશોરભાઈ પાઠક સહિતની ટીમે છેલ્લા એકાદ માસથી આયોજન કરી અને કથાનું ખુબ સારી રીતે સંચાલન કરી વ્યવસ્થામાં ખડેપગે રહ્યા હતા.

આ કથા ખુબ દિવ્ય અને ભવ્ય રીતે સુખરૂપ સંપન્ન થઈ હતી. આ કથા દરમ્યાન ભોજન પ્રસાદની વ્યવસ્થા ધર્મ ભક્તિ કેટરસ વાળા જગદિશભાઈ મહેતાએ સંભાળી હતી.

આ ભાગવત સપ્તાહનું લાઈવ પ્રસાર જીજે ૧૧ જૂનાગઢ યુટયુબ ચેનલ તથા ફેસબુક ઉપર લાઈવ જીજ્ઞેશભાઈ આર. મહેતાના સૌજન્યથી કરાયું હતું અને કગથા દરમ્યાન દરરોજ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ, લોકડાયરામાં નામીઅનામી કલાકારોએ પોતાની કલા પિરસી હતી.

### ૧૦ સપ્ટેમ્બરે યોજાશે ચર્ચા

# જો બિડેને રાષ્ટ્રપતિની ચર્ચા માટે આમંત્રણ સ્વીકાર્યું

## વોલ સ્ટ્રીટ જર્નલ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં દર્શાવવામાં આવ્યું કે મતદારો દેશની અર્થવ્યવસ્થાથી અસંતુષ્ટ છે

નવી દિલ્હી, તા.૧૬

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. રાષ્ટ્રપતિ પદ માટે ૫ નવેમ્બર ૨૦૨૪ના રોજ મતદાન થશે. ડેમોક્રેટિક પાર્ટીના સભ્ય અને વર્તમાન પ્રમુખ જો બિડેન ફરી એકવાર ચૂંટણી લડી રહ્યા છે. તેમજ પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વખત રિપબ્લિકન પાર્ટી તરફથી ચૂંટણી લડી રહ્યા છે. તમામની નજર હવે રાષ્ટ્રપતિ પદની ચર્ચા પર છે. બિડેને ૧૦ સપ્ટેમ્બરે યોજાનારી રાષ્ટ્રપતિની ચર્ચા માટે આમંત્રણ સ્વીકાર્યું છે. એબીસી આ ડિબેટનું આયોજન કરશે.આ અંગે રાષ્ટ્રપતિ જો બિડેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું, 'મને મંગળવાર, ૧૦ સપ્ટેમ્બરના રોજ એબીસી દ્વારા આયોજિત ડિબેટનું આમંત્રણ મળ્યું છે અને મેં તેનો સ્વીકાર પણ કર્યો છે.' તેણે લખ્યું, 'ટ્રમ્પ કહે છે કે તે પોતાના પરિવહનની વ્યવસ્થા જાતે કરશે. હું પણ મારા પ્લેનમાં આવીશ. અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને ગયા મહિને એપ્રિલમાં એક સર્વે કરવામાં આવ્યો હતો. પરિણામોમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની લીડ જોવા મળી હતી. સાત રાજ્યોમાં કરવામાં આવેલા આ સર્વેમાં જો બિડેન ૨૦૧૪માં પાછળ હતા. વોલ સ્ટ્રીટ જર્નલ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં દર્શાવવામાં આવ્યું હતું કે મતદારો દેશની અર્થવ્યવસ્થાથી અસંતુષ્ટ છે અને તેમને બિડેનની ક્ષમતાઓ અને નોકરીની કામગીરી અંગે ઊંડી શંકા છે.૭ રાજ્યો પેન્સિલવેનિયા, મિશિગન, એરિઝોના, જ્યોર્જિયા, નેવાડા અને નોર્થ કેરોલિનામાં ટ્રમ્પ બે થી આઠ ટકા પોઈન્ટની વચ્ચે આગળ હતા. જોકે, વિસ્કોન્સિનમાં બિડેન ટ્રમ્પ કરતાં ત્રણ પોઈન્ટ આગળ હતા. સર્વેમાં દરેક રાજ્યમાં રાષ્ટ્રપતિ બિડેનના જોબ પર્ફોર્મન્સ વિશે વધુ નેગેટિવ ફીડબેક જોવા મળ્યા હતા.રાષ્ટ્રીય ચૂંટણીઓ પર નજર રાખતી વેબસાઈટ રિયલ ક્લિયર પોલિટિક્સ અનુસાર, જો ટ્રમ્પ અને બિડેન આ વખતે સામસામે લડાઈમાં છે. મોટા રાષ્ટ્રીય સર્વેક્ષણોની સરેરાશ દર્શાવે છે કે ટ્રમ્પ બિડેન કરતા નાના માર્જિનથી આગળ છે.

### છોટા ઉદેપુરના મોટા કૌભાંડીનું મોત!

# ગુજરાતના સંદીપ રાજપૂતે ૧૮ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી

## નકલી ઓફિસ કૌભાંડનો આરોપી સંદીપ છેલ્લા ૭ મહિનાથી જેલમાં હતો, તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વડોદરા

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતના પ્રખ્યાત 'ફેક ઓફિસ કૌભાંડ'ના આરોપી અને માસ્ટરમાઈન્ડ સંદીપ રાજપૂતનું અવસાન થયું છે. સંદીપને ગભરાટ (છાતીમાં દુખાવો)ના કારણે છોટા ઉદેપુરની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. સંદીપ પર છોટા ઉદેપુર અને દાહોદમાં નકલી ઓફિસો ખોલીને કરોડોની ગ્રાન્ટ લેવાનો ગંભીર આરોપ હતો. આમ કરીને તેણે સરકાર સાથે લગભગ ૧૮ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.નકલી ઓફિસ કૌભાંડનો આરોપી સંદીપ છેલ્લા ૭ મહિનાથી જેલમાં હતો. તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વડોદરા લવાયો છે. તમને જણાવી દઈએ કે સંદીપ રાજપૂતે કેવી રીતે સરકારી યોજનાઓમાંથી ગ્રાન્ટ લઈને ૧૮ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.ખરેખર, પોલીસના જણાવ્યા અનુસાર, સંદીપે ગુજરાતમાં અલગ-અલગ જગ્યાએ કુલ ૬ ઓફિસો ખોલી હતી. જેમાંથી ૪ કચેરીઓ માત્ર કાગળ પર જ ચાલી રહી હતી. ગયા વર્ષે એટલે કે ૨૦૨૩માં પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે આ કૌભાંડ છેલ્લા ચાર વર્ષથી ચાલી રહ્યું હતું. જેમાં અંદાજે રૂ. ૧૮ કરોડની સરકારી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી.પોલીસે આ કેસમાં તપાસ આગળ ધપાવી ત્યારે સરકારી અધિકારીઓની મિલીભગત પણ સામે આવી હતી. પોલીસે આ કેસમાં નિવૃત્ત આઈએએસ બીડી નિનામાની ધરપકડ કરી હતી. બાદમાં જિલ્લા પંચાયતના સિંચાઈ વિભાગના ઈજનેર ઈશ્વર કોલેચાની પણ ધરપકડ કરવામાં આવી હતી.છેતરપિંડીની પ્રાથમિક તપાસમાં એવું બહાર આવ્યું હતું કે હેતુ અધિકારીએ ૧૦૦ થી વધુ વિકાસના કામો મંજૂર કર્યા હતા, જેમાંથી મોટા ભાગના આ બનાવટી સરકારી કચેરીને આપવામાં આવ્યા હતા. સંદીપ રાજપૂતે સરકારી મીટીંગોમાં પણ ભાગ લઈ છેતરપિંડી આચરી હતી.

# ગોવાના મંત્રીને ધમકી આપનાર વ્યક્તિની ધરપકડ

## આરોપીએ મંત્રી અને તેના પરિવારને ધમકી આપીને ૨૦ કરોડ રૂપિયાની માંગણી કરી હતી

ગોવા, તા.૧૬

ગોવા ક્રાઈમ બ્રાન્ચે બુધવારે સમાજ કલ્યાણ મંત્રી સુભાષ દેસાઈ અને તેમના પરિવારને ધમકી આપવા બદલ એક વ્યક્તિની ધરપકડ કરી છે. આરોપીએ મંત્રીને ફોન કરીને ૨૦ કરોડ રૂપિયાની માંગણી કરી હતી અને જો તેમ નહીં કરે તો તેને હત્યાના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી.પોલીસ અધિક્ષક (ક્રાઈમ બ્રાન્ચ) રાહુલ ગુપ્તાએ જણાવ્યું કે દક્ષિણ ગોવા જિલ્લાના સંગુએમ તાલુકાના રહેવાસી મિથિલ ઉલ્હાસ દેસાઈએ મંત્રી અને તેમના પરિવાર સાથે ફોન પર દુર્વ્યવહાર કર્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આરોપીએ અપશબ્દોનો ઉપયોગ કર્યો અને તેને ગંભીર પરિણામોની ધમકી આપી.સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર મંત્રી સુભાષ દેસાઈએ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આરોપીએ મંત્રી પાસે ૨૦ કરોડ રૂપિયાની માંગણી કરી હતી અને જો તેમ નહીં કરે તો મંત્રીને હત્યાના કેસમાં ફસાવી દેવાની ધમકી પણ આપી હતી. ક્રાઈમ બ્રાન્ચના એસપીએ જણાવ્યું કે વ્યક્તિના મોબાઈલ ફોનમાંથી વાંધાજનક મેસેજ મળી આવ્યા હતા, જેને જપ્ત કરી લેવામાં આવ્યા છે.મંત્રીની ફરિયાદના આધારે, પોલીસે આરોપીઓ સામે આઈપીસી કલમ ૩૮૪ (ખંડણી), ૩૮૮ (મૃત્યુ અથવા આજીવન કેદની સજાને પાત્ર ગુનાનો આરોપ લગાવવાની ધમકી આપીને ખંડણી), ૫૦૪ (કાયદાનું ઉલ્લંઘન કરવાના ઈરાદાથી) એફઆઈઆર હેઠળ કેસ નોંધ્યો. કલમ ૫૦૬ (ગુનાહિત ધાકધમકી) અને ૫૦૬ (ગુનાહિત ધમકી) હેઠળ નોંધવામાં આવી હતી.

# લોરેન્સ વોંગ સિંગાપોરના નવા વડા પ્રધાન બન્યા

નવી દિલ્હી, તા.૧૬

અર્થશાસ્ત્રી લોરેન્સ વોંગે સિંગાપોરના ચોથા વડાપ્રધાન તરીકે શપથ લીધા. તમને જણાવી દઈએ કે ૫૧ વર્ષીય વોંગ ૭૨ વર્ષીય લી સિએન લૂંગનું સ્થાન લેશે. ૬૭ વર્ષીય રાષ્ટ્રપતિ થર્મન ષણમુગરત્નમે વોંગને શપથ લેવડાવ્યા હતા. લી સિએન લૂંગે બે દાયકા સુધી સિંગાપોરના વડાપ્રધાન તરીકે સેવા આપી હતી. વોંગ અને લી સિએન લૂંગ બંને શાસક પીપલ્સ એક્શન પાર્ટીના છે. જે ૫ દાયકાથી વધુ સમયથી સિંગાપોરનું નેતૃત્વ કરી રહ્યું છે.વડાપ્રધાન પદ સંભાળતા પહેલા વોંગ દેશના ડેપ્યુટી પીએમ હતા. પરંતુ હવે તેઓ પીએમ અને નાણામંત્રી તરીકે સરકારનું નેતૃત્વ કરશે. વોંગે વિવિધ પ્રકારના વિક્ષેપોને મંત્રી સ્તરે મોટા ફેરફારો ન કરવા પાછળનું કારણ ગણાવ્યું હતું. એ પણ કહ્યું કે તેને બચાવવાની જરૂર છે.ચેનલ ન્યૂઝ એશિયાના અહેવાલમાં જણાવાયું છે કે લી સિએન લૂંગની સરકારમાંથી વોંગની સરકારમાં નેતૃત્વના સંક્રમણ દરમિયાન, તમામ મંત્રીઓ તેમના પોર્ટફોલિયોને જાળવી રાખશે, જે વોંગની નિર્ણય પ્રક્રિયામાં સાતત્ય સુનિશ્ચિત કરશે. તમને જણાવી દઈએ કે વોંગને એપ્રિલ ૨૦૨૨માં નોમિનેટ કરવામાં આવ્યા હતા અને તે જ વર્ષે જૂનમાં નાયબ વડાપ્રધાન તરીકે પ્રમોટ કરવામાં આવ્યા હતા. જો કે લી કેબિનેટમાં વરિષ્ઠ મંત્રી તરીકે યથાવત રહેશે. જેમ કે બે ભૂતપૂર્વ વડા પ્રધાનો લી કુઆન યૂ અને ગોહ ચોક ટોંગના કિસ્સામાં થઈ ચૂક્યું છે.રાષ્ટ્રપતિ થરમેને કહ્યું કે તેમને વોંગની નેતૃત્વ ક્ષમતામાં સંપૂર્ણ વિશ્વાસ છે કારણ કે સિંગાપોર આંતરરાષ્ટ્રીય સ્તરે અજાણ્યા પ્રદેશમાં પ્રવેશ કરે છે. વોંગ દેશની આર્થિક અને સામાજિક નીતિઓને આકાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. સર્વસંમતિ બનાવવા અને દેશ માટે શ્રેષ્ઠ માર્ગ શોધવા માટે તેમનો પોતાનો અભિગમ હશે અને તેમાં કોઈ શંકા નથી કે તે પોતાની ગતિ અને લય સાથે આમ કરશે. તમને જણાવી દઈએ કે વોંગના લગ્ન લુ ઝે લુઈ સાથે થયા હતા. રાજકારણમાં પ્રવેશતા પહેલા, વોંગ ૧૪ વર્ષ સુધી સિવિલ સર્વન્ટ હતા.

# રાજકારણની લડાઈમાં બનારકા બન્યા પ્રધાનજીના માર્ગમાં અવરોધ

મુંબઈ, તા.૧૬

'પંચાયત' સીઝન ૩નું ટ્રેલર સેક્રેટરી જી ઉર્ફે જિતેન્દ્ર કુમારથી શરૂ થાય છે. ધારાસભ્ય સાથેની સમગ્ર ઘટના બાદ સેક્રેટરીની ટ્રાન્સફર કરાવવાના પ્રયાસો હાથ ધરાયા છે. જ્યારે પ્રધાનજી અને મંજુ દેવી ચૂંટણીને લઈને ચિંતિત છે. બંનેને આશા અને વિશ્વાસ છે કે તેઓ જીતશે, પરંતુ તેમના માર્ગમાં અવરોધ બનારકા જ છે. હવે ફૂલેરા ગામમાં હલચલ મચી જવાની છે. 'પંચાયત'ની સીઝન ૩નું ટ્રેલર આવી ગયું છે. છેલ્લી સીઝન ખૂબ જ પીડાદાયક રીતે સમાપ્ત થઈ. તે જ સમયે, પ્રધાન જી અને સચિવ જીની નોકરી પણ દાવ પર હતી. ધારાસભ્ય સાહેબે બંનેને પરેશાન કર્યા હતા. તો બનારકાસ પણ એ બંને પછી હતું. હવે સીઝન ૩ ના રસપ્રદ ટ્રેલરમાં આગળની વાર્તાની સારી ઝલક આપવામાં આવી છે. 'પંચાયત' સીઝન ૩નું ટ્રેલર સેક્રેટરી જી ઉર્ફે જિતેન્દ્ર કુમારથી શરૂ થાય છે. ધારાસભ્ય સાથેની સમગ્ર ઘટના બાદ સેક્રેટરીએ ટ્રાન્સફર કરાવવાનો પ્રયાસ કર્યો હતો, જે શક્ય બન્યું ન હતું. આવી સ્થિતિમાં તેઓ કોઈને કોઈ રીતે ફૂલેરામાં જીવન વિતાવી રહ્યા છે. જ્યારે પ્રધાનજી અને મંજુ દેવી ચૂંટણીને લઈને ચિંતિત છે. બંનેને આશા અને વિશ્વાસ છે કે તેઓ જીતશે, પરંતુ તેમના માર્ગમાં અવરોધ બનારકા જ છે, જે ધારાસભ્ય સાથે રમત રમવાની તૈયારી કરી રહ્યા છે. હવે શું થાય છે તે જોવાનું છે. વાઈરલ ફીવરની 'પંચાયત' સિઝન ૩નું નિર્માણ કર્યું છે. દીપક કુમાર મિશ્રાએ તેનું નિર્દેશન કર્યું છે. ચંદન કુમાર દ્વારા લખાયેલી આ વાર્તા જોવાની મજા આવશે. આ વખતે શોમાં ફની મોમેન્ટ્સની સાથે દુશ્મની અને લડાઈ પણ જોવા મળશે.

# 'રાખી સાવંત ડ્રામા નથી કરી રહી, તેની હાલત નાજુક છે'

મુંબઈ, તા.૧૬

રાખી સાવંત આ દિવસોમાં ચર્ચામાં છે. ૧૪ મેના રોજ અભિનેત્રીની કેટલીક તસવીરો વાયરલ થઈ હતી, જેના કારણે સોશિયલ મીડિયા પર હંગામો મચી ગયો હતો. એવું કહેવામાં આવી રહ્યું હતું કે રાખીની અચાનક તબિયત ખરાબ થવાને કારણે તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. હોસ્પિટલના બેડ પર બેભાન પડેલી રાખી સાવંતના ફોટા પણ ઈન્ટરનેટ પર વાયરલ થયા હતા. હવે એક્ટ્રેસના પૂર્વ પતિ રિતેશે આ સમાચાર પર પોતાની પ્રતિક્રિયા આપી છે. રિતેશે કહ્યું, 'રાખી બે-ત્રણ દિવસથી ફરિયાદ કરી રહી હતી કે તેને છાતીમાં દુખાવો થઈ રહ્યો છે. ૧૪ મે તે પીડા ખૂબ તીવ્ર બની હતી. તે કહેતી હતી કે ચાલતી વખતે દુખાવો વધી જાય છે. આ પછી જ્યારે અમે હોસ્પિટલ જવા નીકળ્યા ત્યારે તે બેહોશ થઈ ગઈ. તેને છાતીના મધ્ય ભાગમાં દુખાવો થતો હતો. રાખીમાં પહેલા કોઈ લક્ષણો નહોતા. તેમને કેસ્કેડીંગ ઈફેક્ટ્સ કહી શકાય. તેણે વધુમાં કહ્યું કે, 'તેઓ અંગત રીતે બરબાદ થઈ ગયા છે. માનસિક ત્રાસ થયો છે. તેમની પાસેથી પૈસા લેવામાં આવ્યા હતા. મેં રાખીને ટ્રેક પર લાવવાનો ઘણો પ્રયાસ કર્યો. હમણાં જ તમે જોયું કે તે હસતી હતી. પરંતુ આ બધી બાબતો તેને ઘણી અસર કરતી હતી. જો તે પબ્લિસિટી સ્ટંટ હોત તો હું તેની સાથે ન હોત. પબ્લિસિટી સ્ટંટથી મને કોઈ ફરક નથી પડતો. એટલા માટે મારે બધાની સામે આવીને સત્ય કહેવું પડ્યું.

# જોષીપરામાં બાળકોનાં રમવા બાબતે મારામારી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢનાં જોષીપરામાં રહેતા પુષ્પાબેન રાજુભાઈ પરમારે અજયભાઈ ચુડાસમા સામે ફરીયાદ નોંધાવતા જણાવેલ છે કે આ કામના ફરીયાદીનાં દિકરા રેશબ રાજુભાઈ પરમાર તથા યશ અજયભાઈ પરમાર બંને રમતા હતાં દરમ્યાન રમતા રમતા બંને છોકરાઓ ઝઘડો કરવા લાગેલ જેથી યશે તેમના પિતા અજયભાઈને બોલાવતા તે આવી ફરીયાદીનાં દિકરા રેશબને ડાબા ગાલનાં ભાગે ફડાકો મારી ભુંડી ગાળો આપતાં નાયબ પોલીસ અધિક્ષક હીતેષ ધાધલીયાએ વધુ તપાસ હાથ ધરી છે.

**મેંદપરામાં માર માર્યો**

ભેંસાણ તાલુકાનાં મેંદપરા ગામનાં સુમારભાઈ ઈબ્રાહીમભાઈ બુખારીએ અલ્તાફ સુલેમાનભાઈ સમા, સુલેમાનભાઈ અલીભાઈ સમા, ભાભો સુલેમાનભાઈ સમા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં આરોપી નં. ૧નાએ ફરીયાદીને કહેલ કે તું અમારા ટ્રેકટરનું ડ્રાઈવીંગ કરવા કેમ નથી આવતો અને બીજાનાં ટ્રેકટર ચલાવવા જા છો તેમ કહી ફરીયાદીને બેફામ ભુંડી ગાળો આપતા ફરીયાદીએ ગાળો આપવાની ના પાડતા ફરીયાદી સાથે જપાજપી કરી આરોપી નં. ૨નાએ લોખંડનાં પાઈપ વતી ફરીયાદીને માથામાં તથા ડાબા પગના ગોઠણમાં મારી આરોપી નં. ૩નાએ ફરીયાદીને ભુંડી ગાળો આપી ઢીકાપાટુનો માર મારતાં ભેંસાણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### મ્યુઝિયમ કે સંગ્રહાલયમાં સચવાય છે પ્રાચિન દુર્લભ વસ્તુંઓ

# પ્રાચિન સંભારણાઓનું નિવાસ કહી શકાય એવા મ્યુઝીયમોની આવો આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસે મુલાકાત લઈ સ્થાપત્યો, દુર્લભ વસ્તુઓને નિરખીએ પારખીએ

જૂનાગઢ, તા. ૧૬

વિશ્વભરમાં દર વર્ષે ૧૮મેના રોજ ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ મ્યૂઝિયમ દ્વારા, સમાજને સંગ્રહાલયના મહત્ત્વ વિશે જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે ૧૯૭૭થી આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ મનાવવામાં આવે છે. **International Council of Museums (ICOM)**,સ્થાપનાં ૧૯૪૬માં થઈ હતી. તેનું મુખ્યમથક : પેરિસ, ફ્રાંસ છે.ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ મ્યૂઝિયમ **(IOCM)** ઐતિહાસિક, ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતી વસ્તુઓનો સંગ્રહ કરનાર મુખ્ય સંગઠન છે. સમગ્ર વિશ્વમાં **IOCM**ની ૩૧ આંતરરાષ્ટ્રીય સમિતિઓ છે. આ તમામ સમિતિઓ સંગ્રહાલય સાથે સંકળાયેલ અલગ-અલગ ક્ષેત્રમાં વિશેષતા ધરાવે છે. આ સાથે જ **IOCM** મહત્ત્વની વસ્તુઓની ગેરકાયદેસર ચોરીને રોકવા માટેનું પણ કામ કરે છે અને કટોકટીની પરિસ્થિતિમાં સંગ્રહાલયોને સહાય પણ પૂરી પાડે છે. વિશ્વના દરેક દેશના સંગ્રહાલયો પોત-પોતાના દેશમાં વિવિધ આયોજન કરીને જાગૃત કરે છે

મ્યુઝિયમ કે સંગ્રહાલયમાં પ્રાચિન અલભ્ય વસ્તુંને સાચવી રાખવામાં આવે છે. આપણાં સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને સુરક્ષિત રાખવામાં સંગ્રહાલયની ભૂમિકા મહત્વની છે. દર વર્ષે આજે વિશ્વ મ્યુઝિયમ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વૈશ્વીકસ્તરે મ્યુઝિયમ ડેની ઉજવણી કરાય રહી છે. જેનો મુખ્ય હેતું સમાજમાં તેના મહત્વ વિશે લોક જાગૃત્તિનો હોય છે ૨૦૧૦ થી પછી પ્રચાર-પ્રસાર વધતા વૈશ્વિક સંમેલનો પણ યોજાવા લાગ્યા હતા. જેમાં ૨૦૧૨ ના છેલ્લા સંમેલનમાં ૧૨૯દેશોના ૩૦ હજારથી વધુ મ્યુઝિયમોએ ભાગ લઈને એકબીજા વચ્ચે આદાન-પ્રદાન કર્યું હતું. આપણા ગુજરાતમાં પણ વડોદરાના રાજાએ ૧૮૯૫માં ઈજિપ્તનું મમી ખરીધ્યું હતું જે આજેપણ મ્યુઝિયમમાં જોવા મળે છે. મ્યુઝિયમ ઉપરથી આપણને ખબર પડે છે કે આપણો ભૂતકાળ કેવો હતો. ભવ્ય ઐતિહાસિક વારસો સાચવવા માટે મ્યુઝિયમ ઉપયોગી છે. સંગ્રહાલયમાં સોના, ચાંદીના ઘરેણાના નમૂના, તેની ડીઝાઈન, યુધ્ધ શાસ્ત્રોના નમૂના જેવી ઘણી અલભ્ય વસ્તુંની સાચવતણી કરવામાં આવે છે.

આપણો પ્રાચિન વારસો આજના યુવા વર્ગને ખાસ જાણવો જરૂરી છે. જેમાં પુરાતત્વીય ઈતિહાસના નમૂના, પ્રાણીઓના અવશેષો, અન્ય સાધન સામગ્રી, વાહન વ્યવહાર, શિલ્પકલા સાથે સંસ્કૃતિ અને સભ્યતા પણ મ્યુઝિયમમાં જોવા મળે છે. કચ્છના સંગ્રહાલય હમીરસર તળાવ સામે મહાદેવ નાકા પાસે ભૂજમાં ૧૮૭૭માં બનાવેલ ગુજરાતનું સૌથી જુનું અને પ્રથમ સંગ્રહાલય છે, જે બ્રિટિશ હુકુમતે નિર્માણ કરેલ હતું. આપણે પણ આપણા સંતાનોને દેશના પ્રાચિન વારસા સાથે સંસ્કૃતિનો ખ્યાલ ખ્યાલ આવા મ્યુઝિયમ બતાવીને આપવો જરૂરી છે. દરેક દેશમાં પુરાતત્વ વિભાગ સમગ્ર મ્યુઝિયમોની વ્યવસ્થા સંભાળતું હોય છે.


કૃષ્ણ નાગણો વચ્ચે બંધાયેલા હોય તેવી એક અદ્ભૂત કલાકૃત્તિ અમદાવાદનાં મ્યુઝિયમમાં સચવાયેલી છે જે ૧૨માં સૈકાની છે. ૮૦૦ વર્ષ પહેલાની કલાકૃત્તિ આજના તમામ યુવા વર્ગે જોવા જેવી છે. ભોજે મ્યુઝિયમમાં અમદાવાદનો અમૂલ્ય ખજાનો સચવાયેલો છે. દર વર્ષે અપાતી ઉજવણી થીમમાં આ વર્ષે ખાસ "સંગ્રહાલયો સાંસ્કૃતિક વિનિમય, સંસ્કૃતિના સંવર્ધન અને લોકો વચ્ચે પરસ્પર, સમજણ, સહકાર અને શાંતિના વિકાસનું એક મહત્વપૂર્ણ માધ્યમ છે" હેતું સમાયેલ છે.

સંગ્રહાલયોમાં આપણી આસપાસની દુનિયાને બદલવાની શક્તિ છે. શોધના અનુપમસ્થાનો, સાથે તે આપણને આપણો ભૂતકાળ શીખવે છે, અને નવા વિચારોની દિશા ખોલે છે. જે ભવિષ્યના સારા નિર્માણ માટે ઉપયોગી છે. આજના દિવસે મ્યુઝિયમ શિક્ષકો યુવા અને વૃધ્ધાને નોલેજ આપશે. મ્યુઝિયમની વોક આજના યુગમાં આપણને ઘણી માહિતી શિખવી જાય છે.

મ્યુઝિયમો સામાન્ય રીતે સ્થાનિક સમુદાયો માટે અને પ્રવાસીઓ વચ્ચે પણ શહેરને અલગ-અલગ દ્રષ્ટિકોણથી સમજવામાં મોટી ભૂમિકા ભજવે છે. કેટલાય સંગ્રહાલયો હવે નવી ટેકનોલોજી અને વિકાસ રજૂ કરે છે. ડિજિટલ નવિનતા સંગ્રહાલયને વધુ સુલભ અને આકર્ષક બનાવે છે. સંગ્રહાલયો સમાજને ઈતિહાસ, સંસ્કૃતિની સાચી સમજ આપે છે. ૪૬વર્ષથી ઉજવાતા આ દિવસ અને મ્યુઝિયમો સમુદાય માટે એક અનન્ય ક્ષણનું પ્રતિનિધિત્વ કરે છે.

સંગ્રાહાલય દિવસે મ્યુઝિયમો ટકાઉપણું હાંસલ કરવાની શક્તિ, ડિજીટલાઈઝેશન અને સુલભતા પર નવીનતા અને શિક્ષણ દ્વારા સામુદાયિક નિર્માણની ત્રિલેન્સ દ્વારા તેમના સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા કાર્ય કરે છે. સંગ્રહ અને દસ્તાવેજોની સંભાળ અને એક્સેસ, સંગ્રહાલયોનો ઈતિહાસ, ભૂલી ગયેલી સ્મૃતિ, કુટુંબની ઓળખ, મેમરી, સમુદાયોની ઓળખ સાથે દેશનું કે રાજ્યનું સાંસ્કૃતિક યોગદાન પરત્વે મહત્વની કામગીરી સાથે લોકશિક્ષણનું અનેરૂ કાર્ય મ્યુઝિયમ કરે છે.

ગુજરાતના પ્રથમ ભૂજ મ્યુઝિયમમાં ૪૨હજારથી વધુ અમૂલ્ય વસ્તુંઓનો સંગ્રહ છે. ૧૮મી સદીનો સાત સૂંઢવાળો સફેદ હાથી, સોનાનો મયુર મુગટ, સાતમી સદીની ભગવાન બુધ્ધની મૂર્તિ, સિંધુ સંસ્કૃતિની વસાહતોના ઉત્ખનન દરમ્યાન મળેલા વાસણો, શક સમયના શિલા લેખો, ટીપુ સુલતાને કચ્છી ઘોડાને બદલે આપેલ તોપ જેવી અનેક બહુમૂલ્ય વિરાસતો મ્યુઝિયમમાં સંગ્રહિત છે. આપણી પ્રાચિન ભારતીય કોતરણી, ચલણી નાણું, નક્ષત્રોની ઊંચાઈ માપવાનું સાધન વિગેરે આપણને સંગ્રહાલયોમાં જોવા મળે છે. ગમે ત્યાં તમો ફરવા જાવ ત્યાં પરિવાર સાથે મ્યુઝિયમ અવશ્ય નિહાળીને આપણો પ્રાચિન વારસો દરેક ભારતીય જાણવો જ જોઈએ.




વિશ્વભરમાં જે-તે દેશને સંસ્કૃતિની ધરોહરની સાચવણી કરતાં મ્યુઝિયમની ઉજવણી સાથે તેના કાર્યોમાં સાથ સહકાર આપવાનો દિવસ છે. ખાસ કરીને યુવા વર્ગ આ પરત્વે વધુ રસ લેતો થાય તે માટે જનજાગૃત્તિના પ્રયાસો કરવા જરૂરી છે. આપણાં ગુજરાતમાં ૧૯મી સદીમાં દેશના સૌથી રસપ્રદ મ્યુઝિયમમાં વડોદરાના સયાજી મ્યુઝિયમનું સ્થાન હતું. આ મ્યુઝિયમમાં વિશ્વની અજાયબીભરી ચીજોનું કલેકશન છે, જેમાં ઈજિપ્તના મમીનો સમાવેશ થાય છે સાથે ગુજરાતમાં આ એક જ જગ્યાએ મમી જોવા મળે છે ઉપરાંત રાજકોટનું વોટ્સન મ્યુઝિયમ પણ ૧૫૦વર્ષ પહેલા સ્થાપના કરી હતી. દિલ્હીમાં મહાત્મા ગાંધી સંગ્રહાલય, મુંબઈનું મ્યુઝિયમ પણ જોવા લાયક છે

દરબાર હૉલ મ્યુઝિયમ એ જૂનાગઢ શહેરનું જાણીતું મ્યુઝિયમ રહ્યુ હતુ. જૂનાગઢનાં દિવાન ચોકમાં આવેલા દરબાર હોલમાં મ્યુઝિયમ સ્થળાંતર થઈને સરદાર બાગમાં આવેલી તાજમંઝીલ બિલ્ડીંગમાં પ્રસ્થાપિત થયેલ છે અહીં સક્કરબાગ પરિસરમાં પણ ચાલતા યુનિટનું એકીકરણ કરવામાં આવ્યુ છે.. જૂનાગઢના નવાબ મહંમદખાન બીજાના સમયમાં એટલે કે ઓગણીસમી સદીમાં જૂનાગઢમાં એક ઘણી ભવ્ય ઈમારત બંધાઈ હતી. તેમાંના વચલા હૉલને ૧૯૪૭માં સૌરાષ્ટ્ર સરકારના સમયમાં 'દરબાર હૉલ મ્યુઝિયમ' તરીકે ફેરવી નાખવામાં આવ્યો. નવાબ મહંમદખાન બીજાએ આ હૉલને ચાંદીનું રાજસિંહાસન, કલાત્મક ખુરશી, કીમતી તથા રંગબેરંગી ઝુમ્મરો વગેરે દેશપરદેશની વસ્તુઓથી શણગારીને તેને ભવ્ય રાજદરબારની રીતે ગોઠવ્યો હતો. ૧૯૬૭સુધી આ ખંડ મહેસૂલ વિભાગ હસ્તક રહ્યો અને ત્યારબાદ ગુજરાતના સંગ્રહાલય નિયામકની હકૂમત નીચે મુકાયો છે. આ મ્યુઝિયમના સંગ્રહમાં ઘણી કીમતી અને અલભ્ય ચીજવસ્તુઓ તથા દબદબાભરી રાજાશાહીનો ખ્યાલ આપતા અવશેષરૂપ નમૂના સચવાયેલા છે. ચાંદીનું રાજસિંહાસન, ખુરશી, રાજશસ્ત્રો, શાહી ગાલીચા, કાચનાં રંગબેરંગી, ઝુમ્મરો, રંગચિત્રો, જુદા જુદા નવાબના ફોટા અને તૈલચિત્રો, ચાંદીથી કંડારાયેલી હાથીની અંબાડીઓ, પાલખીઓ, શાહી પોશાકો વગેરે છે. ઉપરની ચીજવસ્તુઓ પાંચ વિભાગમાં પ્રદર્શિત કરેલી છે. નમૂનાની સંખ્યા લગભગ ૨૯૦૦ આસપાસ હોવાની વાત મળી છે. દર વર્ષે જૂનાગઢ તાજમંજીલ મ્યુઝીયમની મુલાકાત અંદાજે સાડાત્રણ લાખ લોકો લેતા હોવાની વાત છે. અહીં મ્યુઝિયમમાં પ્રદર્શિત વસ્તુઓ તથા નમૂના વિશે સમજ આપવા માટે કર્મચારીની પણ સુંદર વ્યવસ્થા છે. આવો આપણે પણ આપણાં નજીકનાં મ્યુઝીયમની મુલકાત લઈએ અને બાળકો અને યુવાનોને આપણાં સંસ્કારીત વારસાનો પરિચય કરાવીએ.

**આલેખન- અશ્વિન પટેલ**
**ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ. જૂનાગઢ**

# ધો.૧૦ બોર્ડની પરીક્ષામાં ૯૯.૯૭ PR મેળવી કાળી મજૂરી કરતા પિતાનું નામ રોશન કરતો ઉંબરીનો ધર્મેન્દ્ર વાણવી

## ગણિત, સંસ્કૃતમાં ૧૦૦માંથી ૧૦૦ સહિત તમામ વિષયમાં મેળવ્યો A1 ગ્રેડ : ગરીબીને દૂર કરવાનો એક માત્ર ઉપાય શિક્ષણ છે : ધર્મેન્દ્ર વાણવી


ગીર સોમનાથ તા.૧૬

તાજેતરમાં જ ગુજરાત બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ના પરિણામ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ગીર સોમનાથ જિલ્લાના ગોરખમઢીની સરસ્વતી હાઈસ્કુલમાં ધો.૧૦માં અભ્યાસ કરતા વાણવી ધર્મેન્દ્રકુમાર અરશીભાઈએ ૯૯.૯૭ **PR** મેળવી હાઈસ્કુલ અને વાણવી પરિવારનું ગૌરવ વધાર્યું છે.

ધો.૧૦માં ૯૯.૯૭ **PR** મેળવી ધર્મેન્દ્રએ પરિવારનું નામ તો રોશન કર્યું જ છે અને સાથે જ વિપરીત પરિસ્થિતિનો સામનો કરીને પણ અભ્યાસ કરી શકાય છે તેવું સાબિત કરી બતાવ્યું છે. ધર્મેન્દ્રના પિતા અરશીભાઈ છૂટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. જેમને સંતાનમાં ત્રણ દિકરીઓ અને ધર્મેન્દ્ર સૌથી નાનો છે. અરશીભાઈના પત્ની માનસિક રીતે બિમાર છે. તેમની પણ સારસંભાળ રાખવી પડે એમ છે. આમ, છતાં ગરીબ પરિવારમાંથી આવતા અરશીભાઈના સંતાનો અભ્યાસમાં અવ્વલ છે. ધર્મેન્દ્ર એવું માને છે કે, ઘરની પરિસ્થિતિને સારી બનાવવા માટેનો એક માત્ર રસ્તો શિક્ષણ છે. ધર્મેન્દ્ર ગોરખમઢીની સરસ્વતી હાઈસ્કુલમાં અભ્યાસ કરી ધો.૧૦ની પરીક્ષા આપી હતી.

ધર્મેન્દ્રએ ધો.૧૦ની બોર્ડની પરીક્ષામાં ગણિત અને સંસ્કૃતમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે. તેમજ સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાનમાં ૧૦૦માંથી ૯૯ ગુણ મેળવ્યા છે. જ્યારે ગુજરાતીમાં ૯૬ અને અંગ્રેજીમાં ૯૨ ગુણ મેળવ્યા છે. આમ ધર્મેન્દ્રએ તમામ વિષયમાં **A1** ગ્રેડ મેળવી ૯૯.૯૭ **PR** મેળવ્યા છે.

ધર્મેન્દ્રએ જણાવ્યું હતું કે, મને પહેલેથી જ અભ્યાસમાં રૂચિ છે. ભલે મારા માતા-પિતા મજૂરી કરતા હોય પરંતુ અમને



ભણાવવામાં ક્યારેય કોઈ જ કચાશ રાખી નથી. ટ્યૂશન ક્લાસ ચલાવતા મારા કાકા તેજસભાઈ વાણવીનો પણ મને ખૂબ જ ટેકો રહ્યો છે. જેના માર્ગદર્શન હેઠળ જ હું આજે ધો.૧૦માં સારા ગુણ મેળવી શક્યો છું. હવે ધર્મેન્દ્રને સાયન્સ રાખીને કારકિર્દીમાં આગળ વધવાની ઈચ્છા છે.

# અમદાવાદમાં એલઆઈબીનાં પોલીસ કોન્સટેબલની ફરજનિષ્ઠાને બિરદાવાઈ

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ શહેરમાં તા.૭/૫/૨૦૨૪ના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી યોજાનાર હોઈ, ઝોન ૦૬ વિસ્તારના જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે એલ.આઈ.બી.શાખામાં ફરજ બજાવતા પો.કોન્સ. મનીષભાઈ કાનજીભાઈ ડેડાણીયા ના બંહેન ગાયત્રીબેન ઉવ. ૨૬, કે જેઓ બોર્નમેરો કેન્સરની બીમારીથી પીડાતા હોય, તેઓ પોતાના વતન બોટાદ ખાતે માતા પિતા સાથે રહેતા હોય, તેઓની સારવાર ભાવનગર ચાલુ હોય દરમ્યાન તેઓનું અવસાન તા.૪/૫/૨૦૨૪ ના સવાર કલાક ૦૭.૩૦ વાગ્યે થતા, પો.કોન્સ. મનીષભાઈ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે



એલઆઈબી કોન્સ્ટેબલ તરીકે ચૂંટણી સમયે ચાવી રૂપ ભૂમિકા ભજવતા હોય, પરંતુ, બહેનના અંતિમ સંસ્કાર માત્ર ચાર કલાક જેટલા સમયમાં પતાવી, ચૂંટણી કામગીરીની ચાવી રૂપ ભૂમિકાની ગંભીરતા સમજી, પોલીસ અધિકારીઓ દ્વારા તેઓને સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવા પોતાના વતનમાં ઘરે હાજર રહેવા જણાવવા છતાં, પોતાની ફરજ ઉપર પરત હાજર થઈ ગયેલ હતા.

હાલના સાંપ્રત સમયમાં ફરજ પરના જવાન ને ચૂંટણી ફરજ પર નહિ જવા માટે કારણ શોધતા હોય છે, ત્યારે પો.કોન્સ. મનીષભાઈ એ પોતાના ફરજ પ્રત્યેની નિષ્ઠા, પ્રમાણિકતા તમામ પોલીસ સ્ટાફને ઉડીને આંખે વળગે એવી હોય, તેઓની ફરજ પ્રત્યેની નિષ્ઠા, ઈમાનદારી અને પ્રમાણિકતાની ચોમેર પ્રશંસા થઈ રહી છે. તેઓની ફરજનિષ્ઠા, ઈમાનદારી અને પ્રામાણિકતા ઉપર સમગ્ર પોલીસ બેડામાં પ્રેરણારૂપ હોઈ, તમામ પોલીસ બેડાને માનની લાગણી થયેલ છે.

સેવા સુરક્ષા અને શાંતિને વરેલી પોલીસ ફોર્સમાં **Duty First**નું સૂત્ર પ્રચલિત છે, જે સૂત્રને ચરિતાર્થ કરનાર વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનનના પોલીસ કોન્સ. મનીષભાઈ ડેડાણીયા ને રૂબરૂ બોલાવી, સન્માન પત્ર આપી, પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા ઉચ્ચ અધિકારીની હાજરીમાં બિરદાવવામાં આવ્યા હતા.

### કમોસમી વરસાદની આગાહીને પગલે

# ગીર સોમનાથ જીલ્લાની નગરપાલિકાઓ દ્વારા બેનર, હોર્ડીંગ્સ ઉતારવાની કામગીરી હાથ ધરાઈ





(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ, તા.૧૬

ગુજરાત રાજયના ઘણાં જિલ્લાઓમાં આપવામાં આવેલ કમોસમી વરસાદની આગાહી પરત્વે ગીર સોમનાથ જીલ્લામાં પણ આગાહી આપવામાં આવેલ હોય જે અંગે જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ.ડી.જાડેજાની સૂચના અને નિવાસી અધિક કલેકટર આર.જી.આલની દેખરેખ હેઠળ સંબંધિત વિભાગો, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ, નગરપાલિકાઓને જરૂરી સાવચેતીના પગલાં લેવાં, તેમજ મોટા ઝોખમી બેનર, હોર્ડીંગ્સ વગેરે તાકીદે ઉતારી લેવા સૂચના આપવામાં આવી છે. જે અન્વયે જિલ્લાની તમામ નગરપાલિકાઓ દ્વારા આવાં બેનર, હોર્ડીંગ્સ ઉતારવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. તેમજ, વરસાદ, પવન ફુંકાવાના સમયે નાગરિકોને મોટા બેનર, હોર્ડીંગ્સ, ભયજનક, જર્જરિત માળખાં હોય તો તેનાથી દૂર રહેવા સાવચેતી રાખવા જિલ્લા કલેકટર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# અદાણી પોર્ટ મુન્દ્રાની વૈશ્વિક કનેક્ટીવીમાં ઉમેરો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૬

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ **(APSEZ)** એ ભારતની સૌથી મોટી પોર્ટ અને લોજિસ્ટિક કંપની છે, **APSEZ**ના વ્યસ્ત અને વિશાળ મુંદ્રા પોર્ટ ખાતે આજે રોજઓશન નેટવર્ક એક્સપ્રેસ **(ONE)** લાઈનની **WIN** સેવાનું ઉદ્‌ઘાટન થયુંજેના ભાગરૂપે આ સર્વિસનું આજે પ્રથમ જહાજ **MV One Modern** હેન્ડલ કરવામાં આવ્યું, આ નવી સર્વિસનો હેતુ અદાણી પોર્ટ મુંદ્રા અને હજીરા, ઉત્તર પશ્ચિમ ભારત અને ઉત્તર અમેરિકા વચ્ચે જોડાણ વધારવાનો છે, જે વધુ ફાસ્ટ અને કાર્યક્ષમ રીતે વિકલી સર્વિસ થકી વ્યાપારી કામગીરી વધારશે. આ સર્વિસ મુન્દ્રાને ન્યુયોર્ક, નોર્ફોક, સવાન્નાહ અને ચાર્લસ્ટન સાથે જોડે છે. પ્રથમ સફરમાં ૩,૮૫૫ **TEUs** એક્સચેન્જ થવા પામ્યા હતા.

ઉદઘાટન કાર્યક્રમમાં **WIN** સર્વિસના પ્રથમ જહાજ, **MV One Modern**ના આગમન દ્વારા ચિહ્નિત કરવામાં આવ્યો હતો. આ સમારોહમાં કંપનીના અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી. અદાણી પોર્ટ્સ તરફથી, નોંધપાત્ર ઉપસ્થિતોમાં પોર્ટ્સના સીઈઓ પ્રણવ ચૌધરી સુજલ શાહ, મુન્દ્રા અને તુણા પોર્ટના સીઈઓ અને રક્ષિત શાહ, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર. વન લાઈન કંપની તરફથી સંદીપ સિબલ, પશ્ચિમ એશિયાના રિજનલ ડાયરેક્ટર અને મસાહિરો સાકીબુબો સાન, વન ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ આ મહત્વપૂર્ણ ભાગીદારીની શરૂઆતના પ્રતીકરૂપે સ્મૃતિચિહ્નોની આપલે કરીને આ નવી સર્વિસની શરૂઆત કરી હતી.



**ONE Line** એ પ્રખ્યાત વૈશ્વિક શિપિંગ કંપની છે, જે વિશ્વનો ૭મો સૌથી મોટો જહાજી બેડાનો કાફલો ધરાવે છે. તે એશિયા, લેટિન અમેરિકા અને આફ્રિકાના દેશોમાં વ્યાપક વ્યાપારી સર્વિસ પ્રદાન કરે છે. અદાણી મુંદ્રા પોર્ટ ઉપર **WIN** સેવાની રજૂઆત માત્ર નવા વાણિજ્યિક રૂટની સ્થાપનાને જ નહીં પરંતુ બાકીના વિશ્વ સાથે ભારતના દરિયાઈ વેપાર સંબંધોને વધારવામાં એક મોટું પગલું પણ દર્શાવે છે.

આ નવી સેવાથી ભારત માટે વેપારની તકો અને આર્થિક વૃદ્ધિના દરવાજા ખોલવાની અપેક્ષા છે, બહેતર વ્યાપારિક સંબંધો અને લોજિસ્ટિકલ કાર્યક્ષમતાને પ્રોત્સાહન મળશે. ઉમેરાયેલી કનેક્ટિવિટી ભારત અને ઉત્તર અમેરિકા વચ્ચે માલસામાનના સરળ અને વધુ વિશ્વસનીય પરિવહનને સરળ બનાવશે, જેનાથી નિકાસકારો, આયાતકારો અને વ્યાપક અર્થતંત્રને ફાયદો થશે.

અદાણી પોર્ટ મુંદ્રા ખાતે **WIN** સેવાની શરૂઆત એ એક સીમાચિહ્નરૂપ ઘટના છે જે વૈશ્વિક વેપારમાં ભારતની સ્થિતિને વધારવા, આર્થિક પ્રગતિને આગળ વધારવા અને વિશ્વના અન્ય દેશો સાથે સાથેના વ્યાપારી સંબંધોને મજબૂત બનાવવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# લોકોને ભ્રમિત કરી રાજકીય રોટલા શેકનારા હાંશિયામાં ધકેલાતા જશે

'તેમણે કંઈ બંગડીઓ નથી પહેરી. તેમની પાસે પણ એટમ બોમ્બ છે, તે આપણા પર જ પડશે.' આ નિવેદન રક્ષામંત્રી રાજનાથ સિંહના પીઓકેના સ્વયં ભારતમાં આવીને ભળી જવાના નિવેદન પર ફારુક અબ્દુલ્લાની પ્રતિક્રિયા છે, જેનાથી દેશનો દરેક વ્યક્તિ હેરાન છે. બધાને યાદ હશે કે જનરલ મુશર્રફે પણ આગ્રા સમિટ સમયે કહ્યું હતું, 'અમે ક્યાં બંગડીઓ પહેરેલી છે?' લાગે છે કે ફારુક અબ્દુલ્લાને એ જ ડાયલોગ યાદ આવ્યો હશે. સ્પષ્ટ છે કે ફારુક અબ્દુલ્લાએ ફરીથી એ જ જૂનો રાગ છેડી દીધો છે. એક દિવસ પહેલાં વાયુસેનાની ગાડીઓના કાફલા પર પુંછમાં થયેલ આતંકી હુમલામાં આપણો એક વાયુસૈનિક બલિદાન થઈ ગયો અને ચાર ઘાયલ થઈ ગયા. સેના આતંકીઓને શોધવામાં પડી હતી અને ફારુક અબ્દુલ્લા ટિપ્પણી કરી રહ્યા હતા કે જ્યાં સુધી ભારત અને પાકિસ્તાન વચ્ચે મંત્રણા નહીં થાય, ત્યાં સુધી આતંક નહીં અટકે. ચીન સાથે વાત થાય છે તો પાકિસ્તાન સાથે કેમ નહીં? અસલમાં ફારુકનો ડર એ જ છે, જે ક્યારેક શેખ અબ્દુલ્લાનો હતો. તે ભય છે પીઓકેની ભારતમાં વાપસીનો. ઉલ્લેખનીય છે કે ૧૯૪૭માં કબાઈલી આક્રમણ બાદ ભારતીય સેનાએ કબાઈલીઓને ખદેડવાનું શરૂ કર્યું, તો મોટી સંખ્યામાં કબાઈલી માર્યા ગયા અને કેટલાય ભાગી ગયા. તેમનો પીછો કરી રહેલી આપણી સેનાને અચાનક જ ઉરીમાં રોકી દેવામાં આવી. આવો આદેશ માઉન્ટબેટન અને નેહરુ સિવાય કોઈ આપી ન શકે. ઉરીથી આગળના વિસ્તારમાં કાશ્મીરી નથી બોલાતી. તે પહાડી, ગોજરી, પંજાબી બોલનારા ગુજર બકરવાલ, પંજાબીઓ, રાજપૂતોનો વિસ્તાર છે. તેઓ શેખ અબ્દુલ્લાના સમર્થક નહોતા. તેમના ભારતમાં રહેવાથી શેખના રાજકીય વર્ચસ્વને પડકાર ઊભો થાય તેમ હતું. તેથી પીઓકેને જાણીજોઈને પાકિસ્તાનના કબ્જામાં જવા દેવામાં આવ્યું. આજે જો પીઓકે અને ગિલગિટ-બાલ્ટિસ્તાન ભારતમાં પાછું આવી ગયું, તો ઘાટીમાં ફારુકના ખાનદાની વર્ચસ્વની સંભાવનાઓ ધૂમિલ થઈ જશે. તેથી ફારુક અબ્દુલ્લા ઈચ્છે છે કે પાકિસ્તાન સાથે વાતચીત થાય, જેથી કોઈ એવી સમજૂતી થઈ જાય કે પીઓકે અને ગિલગિટ-બાલ્ટિસ્તાન ભારતમાં ન આવી શકે અને નિયંત્રણ રેખાને જ આંતરરાષ્ટ્રીય સીમા માની લેવામાં આવે. તેથી ફારુક જેવા નેતાઓનાં આવાં નિવેદનો આવતાં રહે છે અને આવતાં રહેશે. હાલમાં કાશ્મીરમાં પણ ત્યાંની પાંચ સંસદીય સીટો પર ચૂંટણી થઈ રહી છે. સંભાવના છે કે પાછલાં વર્ષોના ૫-૧૦ ટકાની તુલનામાં આ વખતે મોટી સંખ્યામાં મતદારોની ભાગીદારી થશે. બારામુલાથી ઉમર અબ્દુલ્લા, અનંતનાગ-રાજોરીથી મેહબુબા મુફ્તી ઉમેદવાર છે. આ લોકો ચૂંટણીઓમાં પાકિસ્તાન અને અલગતાવાદને મુદ્દો બનાવતા રહે છે. તેથી મોકો મળતાં જ ફારુકે પોતાનું ખાનદાની પાકિસ્તાન કાર્ડ વાપરી લીધું, જે તેમના પિતા પણ વાપરતા હતા. એકંદરે ત્યારથી આજ સુધી ઝેલમ નદીમાં ઘણું પાણી વહી ગયું છે. કલમ ૩૭૦ ખતમ થવા, કાશ્મીર અને લદ્દાખ અલગ-અલગ કેન્દ્રશાસિત પ્રદેશ બની ગયા બાદ હવે ચૂંટણી જમ્મુ અને કાશ્મીરની જનભાવનાઓના લિટમસ ટેસ્ટ જેવી છે. પૂર્ણ રાજ્યથી કાશ્મીરને કેન્દ્રશાસિત બનાવી દેવા અને પછી કાશ્મીરના ઔદ્યોગિકીકરણના આર્થિક અને બુનિયાદી માળખા વિકાસ અને રોજગારી અભિયાન ચલાવવાથી એક મિશ્ર પરિદૃશ્ય ઉભર્યું છે. મતદારો સમજે છે કે રેલ નેટવર્ક, હાઈવે પરિવહનનો વિકાસ અને પરિણામે પર્યટનની સંભાવનાઓ કાશ્મીરનું ભાગ્ય બદલી નાખશે. પરંતુ એ ત્યારે થશે કે આ બધા સકારાત્મક પરિવર્તનોનું ચૂંટણીઓમાં આમ આદમીની માનસિકતા પર કેવો પ્રભાવ હશે. પાકિસ્તાન સાથે મંત્રણા શરૂઆતથી જ જમ્મુ-કાશ્મીરના રાજકીય પક્ષો, ચાહે તે નેશનલ કોન્ફરન્સ હોય કે મેહબૂબા મુફતીની પીડીપી, તેમનો પ્રિય એજન્ડા રહ્યો છે.તેમણે ઘાટીમાં આતંકીઓ અને આઈએસઆઈની દહેશતનો લાંબો દોર પણ જોયો છે. તેઓ પાકિસ્તાનની ભૂમિકાનું સમાપન નથી ઈચ્છતા. તેઓ ઈચ્છે છે કે બંને દેશો રાજકીય શતરંજમાં કાશ્મીરની સ્વતંત્રતાનો મુદ્દો ઊભો રાખે, ત્યારે જ કાશ્મીરની રાજનીતિમાં તેમની ભૂમિકા જળવાઈ રહેશે, નહીં તો તેઓ અપ્રાસંગિક અને અસુરિક્ષત થઈ જશે. તેથી તેમને પાકિસ્તાન ફેક્ટરની જરૂરિયાત અનુભવાઈ રહી છે. પરંતુ હવે ઘાટીની હવા બદલાઈ રહી છે. હવે કાશ્મીરના લોકોને મજહબી અને ક્ષેત્રીય સીમામાં બાંધી રાખવા મુશ્કેલ થતું જશે. અલગતાવાદ, બ્લેકમની અને બ્લેકમેલ દ્વારા રાજકીય રોટલા શેકનારા ધીમે ધીમે હાંશિયામાં ધકેલાતા જશે.

## મોદી છેલ્લી બે ટર્મથી વારાણસી બેઠકથી ચૂંટાય છે

# નરેન્દ્ર મોદીએ એફિડેવિટમાં તેમની પ્રોપર્ટીની વિગતો આપી

## ૨૩.૫ લાખ રૂપિયાની ટેક્સેબલ ઈનકમ ધરાવતા પીએમ મોદી પાસે કાર કે તેમના નામે કોઈ મકાન કે જમીન નથી



વારાણસી, તા.૧૬

ચૂંટણી લડી રહેલા નેતાઓ પોતાનું ફોર્મ ભરે ત્યારે તેમની પાસે કેટલી પ્રોપર્ટી છે તેની પણ વિગતો જાહેર કરવાની હોય છે. નેતા પાસે કેટલી પ્રોપર્ટી છે તે જાણવાની લોકોમાં ખાસ્સી ઉત્સુકતા રહેતી હોય છે, તેવામાં ૧૪ મેના રોજ વારાણસી બેઠક પરથી પોતાની ઉમેદવારી નોંધાવનારા પીએમ નરેન્દ્ર મોદીએ પણ એક એફિડેવિટમાં તેમની પ્રોપર્ટીની વિગતો આપી છે. નરેન્દ્ર મોદી છેલ્લી બે ટર્મથી વારાણસી લોકસભા બેઠક પરથી ચૂંટાઈ રહ્યા છે, અને આ વખતે પણ તેઓ આ જ બેઠક પરથી ચૂંટણી લડવાના છે.

તેમણે ફોર્મ ભરતી વખતે પોતાની પાસે રહેલી પ્રોપર્ટીની જે વિગતો આપી છે તે અનુસાર તેમની પાસે કુલ ૩,૦૨,૦૬,૮૮૯ રૂપિયાની અસેટ્સ છે જેમાં ૨.૮૫ કરોડ રૂપિયાની એફડીનો પણ સમાવેશ થાય છે, પરંતુ પીએમ પાસે ના તો પોતાની માલિકીની કોઈ કાર છે, ના ઘર છે કે ના તો તેઓ જમીન ધરાવે છે. ઈલેક્શન કમિશનની વેબસાઈટ પર ઉપલબ્ધ વિગતો અનુસાર પીએમ પાસે ચાર સોનાની વીંટી પણ છે જેનું કુલ વજન ૪૫ ગ્રામ અને વેલ્યૂ ૨.૬૭ લાખ રૂપિયા થાય છે.

પીએમ મોદીએ પોતાના જે બેંક અકાઉન્ટ્સની ડિટેઈલ્સ આપી છે તે બંને SBIના છે જેમાં ગાંધીનગરની બ્રાંચમાં આવેલા તેમના અકાઉન્ટમાં ૫૨,૯૨૦ રૂપિયા અને વારાણસીની બ્રાંચમાં માત્ર સાત હજાર રૂપિયા બેલેન્સ છે. પીએમ મોદી પાસે ભલે ૩ કરોડ રૂપિયાની અસેટ્સ હોય પરંતુ તેમણે એક પૈસો પણ શેર્સમાં નથી રોક્યો, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ૨.૮૫ કરોડની એફડી ઉપરાંત તેમણે ૯.૧૨ લાખ રૂપિયા નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટમાં રોક્યા છે, તેમજ પીએમ પાસે ૫૨,૯૨૦ રૂપિયાની રોકડ છે અને આ સિવાય ૨૦૨૨-૨૩માં ૩.૩૩ લાખ રૂપિયા ઈક્રમ ટેક્સ ડિડક્શન તરીકે તેમણે પોતાની એફિડેવિટમાં દર્શાવ્યા છે.

લોકસભા ચૂંટણીનું ફોર્મ ભરતી વખતે પોતાની અસેટ્સની જે વિગતો આપવાની હોય છે તેમાં ઈમૂવેબલ અસેટ્સની પણ દર્શાવવાની હોય છે, જેમાં પીએમ મોદીએ NIL દર્શાવ્યું છે, મતલબ કે તેમની પાસે મકાન કે જમીન જેવી કોઈ સ્થાવર પ્રોપર્ટી નથી. પોતાના ફોર્મમાં પીએમે જશોદાબેનને સ્પાઉસ તરીકે દર્શાવ્યા છે, પરંતુ તેમની મિલકતો અંગે પોતાને જાણ નથી તેવું એફિડેવિટમાં લખ્યું છે. ઉલ્લેખનીય છે કે, પીએમ નરેન્દ્ર મોદી અને તેમના પત્ની જશોદાબેન વર્ષોથી અલગ રહે છે. પ્રોપર્ટી ઉપરાંત પોતાની અન્ય વિગતો આપતા પીએમ મોદીએ એફિડેવિટમાં જણાવ્યું છે કે તેમની સામે હાલ કોઈ ક્રિમિનલ કેસ પેન્ડિંગ નથી કે ના તો તેઓ ભૂતકાળમાં કોઈ કેસમાં દોષિત જાહેર થયા છે. આ સિવાય તેઓ અમદાવાદના રહેવાસી હોવાનું તેમજ પોતાનો વ્યવસાય જાહેર જીવન અને રાજકીય ગતિવિધિ હોવાનું તેમણે એફિડેવિટમાં જણાવ્યું છે. પીએમ મોદી દ્વારા ફાઈલ કરવામાં આવેલી એફિડેવિટ અનુસાર તેમણે ૧૯૬૭માં દસમું ધોરણ પાસ કર્યું હતું અને ૧૯૭૮માં તેઓ દિલ્હી યુનિવર્સિટીથી બીએ થયા હતા જ્યારે ૧૯૮૩માં તેમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી અનુસ્નાતકની ડિગ્રી મેળવી હતી. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી વખતે પીએમ મોદીએ જે એફિડેવિટ ફાઈલ કરી હતી તેમાં તેમણે પોતાની એસેટ્સ કુલ અઢી કરોડ રૂપિયા બતાવી હતી જેમાં ગાંધીનગરમાં આવેલા એક પ્લોટ ઉપરાંત ૧.૨૭ કરોડ રૂપિયાની એફડી અને ૩૮,૭૫૦ રૂપિયા કેશનો સમાવેશ થતો હતો.

૨૦૧૪માં પહેલીવાર લોકસભા ચૂંટણી લડનારા પીએમ મોદીએ તે વખતે તેમની ટોટલ અસેટ્સ ૧.૬૫ કરોડ રૂપિયા દર્શાવી હતી. જો પીએમની ટેક્સેબલ ઈનકમની વાત કરીએ તો ૨૦૧૯ની સરખામણીએ તે ડબલ થઈ ગઈ છે. ૨૦૧૯માં પીએમની ટેક્સેબલ ઈનકમ ૧૧ લાખ રૂપિયા હતી જે ૨૦૨૨-૨૩માં વધીને ૨૩.૫ લાખ રૂપિયા થઈ હતી.

## જનતાએ વડાપ્રધાન મોદીને વિદાય આપવાનો નિર્ણય કર્યો છે : ખડગે

# ૪ જૂન બાદ INDIA ગઠબંધન બનાવશે સરકાર : કોંગ્રેસ અધ્યક્ષ

## ચાર તબક્કાની લોકસભા ચૂંટણી પછી INDIA ગઠબંધન મજબૂત સ્થિતિમાં છે : સપા સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં કોંગ્રેસ અધ્યક્ષે આ ટિપ્પણી કરી

નવી દિલ્હી, તા.૧૬

લોકસભા ચૂંટણીના પાંચમાં તબક્કાના મતદાનની તૈયારીઓ વચ્ચે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેનું મોટું નિવેદન સામે આવ્યું છે. વાત જાણે એમ છે કે, કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ બુધવારે લખનૌમાં જણાવ્યું હતું કે, ચાર તબક્કાની લોકસભા ચૂંટણી પછી INDIA ગઠબંધન મજબૂત સ્થિતિમાં છે. જનતાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિદાય આપવાનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું કે, INDIA ગઠબંધન ૪ જૂને નવી સરકાર બનાવી રહી છે. યુપીની રાજધાનીમાં સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરતી વખતે કોંગ્રેસ અધ્યક્ષે આ ટિપ્પણી કરી હતી.

INDIA ગઠબંધન સરકાર બનાવવાનો દાવો કરતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, ચૂંટણીના ચાર તબક્કા પૂર્ણ થઈ ગયા છે. INDIA ગઠબંધન મજબૂત સ્થિતિમાં છે. જનતાએ PM મોદીને વિદાય આપવાનો નિર્ણય કર્યો છે. સમગ્ર દેશના વાતાવરણને જોઈને અમે કહી શકીએ છીએ કે, INDIA ગઠબંધન ૪ જૂને નવી સરકાર બનાવી રહ્યું છે. તેમણે કહ્યું, ૨૦૨૪ની ચૂંટણી સૌથી મહત્વપૂર્ણ ચૂંટણી છે. આ લોકશાહી અને બંધારણને બચાવવાની ચૂંટણી છે. આ વિચારધારાની ચૂંટણી છે. એક તરફ ગરીબોના પક્ષમાં લડી રહેલા પક્ષો એક થઈને લડી રહ્યા છે. બીજી તરફ હાથ જેઓ અમીરો સાથે રહીને અંધશ્રદ્ધા માટે લડી રહ્યા છે તેઓ સાથે મળીને લડી રહ્યા છે.

કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું, અમારી લડાઈ ગરીબો વતી છે. જેમને એક સમયનું ભોજન નથી મળતું, જેમને નોકરી નથી મળતી. ડિગ્રી અને ડિપ્લોમા કર્યા પછી પણ તેમને નોકરી નથી મળી રહી. ઘણી જગ્યાઓ ખાલી છે. સરકારી નોકરીઓ, તે જગ્યાઓ ભરવાની છે, કેન્દ્ર સરકાર ખાલી જગ્યા ભરવા તૈયાર નથી. ખડગેએ વધુમાં કહ્યું, INDIA ગઠબંધન બેરોજગારી અને મોંઘવારી સામે લડી રહ્યું છે. આપણે બધાએ લોકશાહીને બચાવવા માટે કામ કરવું જોઈએ, નહીં તો આપણે ગુલામીમાં જઈશું. દરેકને મત આપવાનો અધિકાર છે. જો લોકશાહી નહીં હોય તો સરમુખત્યારશાહી હશે. તો તમે કેવી રીતે મત કરશો ?

ભાજપ પર મોટો આરોપ લગાવતા કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ કહ્યું કે, જ્યાં BJPના લોકો મજબૂત છે ત્યાં વિપક્ષના લોકોને પણ નામાંકન ભરવાથી રોકવામાં આવી રહ્યા છે. ચૂંટણી એજન્ટોને ડરાવવામાં આવી રહ્યા છે. ખડગેએ હૈદરાબાદમાં ભાજપના ઉમેદવાર માધવી લતા દ્વારા ID ચેકિંગનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. માધવીનું નામ લીધા વિના તેમણે કહ્યું કે, હૈદરાબાદમાં એક મહિલા ઉમેદવાર બુરખામાં જોઈ રહી હતી. આવા સંજોગોમાં નિષ્પક્ષ અને મુક્ત ચૂંટણીઓ થઈ શકે નહીં.

કોંગ્રેસ અધ્યક્ષ પણ લોકસભા ચૂંટણીમાં INDIA ગઠબંધનની લીડનો દાવો કરતા જોવા મળ્યા હતા. તેમણે કહ્યું કે અમને એવા અહેવાલ મળ્યા છે કે, ગઠબંધન આગળ છે અને ભાજપ પાછળ છે. વડાપ્રધાનમોદી પર નિશાન સાધતા તેમણે કહ્યું કે, ભાજપના નેતાઓ બંધારણ બદલવાની વાત કરે છે પરંતુ મોદી મૌન છે. આવા લોકોને પાર્ટીમાંથી કેમ હાંકી કાઢવામાં આવતા નથી? ખડગેએ કહ્યું કે, મોદી પોતાના ભાષણમાં મટન, ચિકન, મંગલસૂત્ર આ બધી વાતો કરે છે. જો તમારે વોટ લેવા હોય તો તમારા કામને આધારે વોટ લો.

મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, અમે પછાત લોકો, મહિલાઓ અને નબળા લોકોને આગળ લાવવા માટે જાતિ ગણતરી કરીશું. આ જ્ઞાતિ-જાતિ વચ્ચે સંઘર્ષ ઊભો કરવાનો નથી પણ અમે તેમની સ્થિતિ જોઈને પછી નીતિ બનાવવા માગીએ છીએ.

તેમણે કહ્યું કે અમે દલિતો, પછાત લોકો અને આદિવાસીઓના ભલા માટે જાતિ ગણતરી કરીશું. મોદીજીએ કહ્યું કે, જો તમારા ઘરમાં બે ભેંસ છે તો તમે એક મુસ્લિમને આપી દેશો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એટલું ખોટું બોલે છે કે શું બોલવું.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જીવનની એક પળ, કરોડો સૂવર્ણ મુદ્રાઓ આપવા છતાંય નથી મળતી.

- વાલ્મીકીજી

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ સુદ-૮ સીતા નવમી તા.૧૬ મે ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૫, મુસ્લિમ તા.૭, મઘા નક્ષત્ર, ધ્રુવ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૧૦, સૂ.અ.૭:૨૪

આજનો દિવસ અશુભ છે

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પરિશ્રમનું શ્રેષ્ઠ ફળ મળે. ઉપરી અધિકારીથી લાભ થાય.
વૃષભ:મિલ્કતના પ્રશ્નો હલ થાય. વ્યર્થ ક્રોધ ટાળવો હિતાવહ.
મિથુન:સફળતા માટે મહેનત કરવી પડે. નવિન ખરીદી થાય.
કર્ક: કાર્યબોજ વિશેષ રહે. નાણાંભીડ અનુભવાય.
સિંહ: અણધાર્યો ધનલાભ થાય. ભાગીદારથી ચેતતા રહેવું હિતાવહ.
કન્યા: મનમાં ચંચળતા રહે. અણધારી આફત આવી પડે.
તુલા: જીવનસાથીના આરોગ્ય અંગે સંભાળવું. મનમાં વ્યગ્રતા રહે.
વૃશ્ચિક:કાર્યોમાં વિલંબથી સફળતા મળે. પરિવારજનોમાં વાદ-વિવાદ થાય.
ધન: ખર્ચ પર કાબુ રાખવો. ચિંતાનો ઉકેલ મળે.
મકર: મનમાં અશાંતિ રહે. મનની મુરાદ બર આવે.
કુંભ: નવિન આયોજનો સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.
મીન: આર્થિક સમસ્યા હળવી બને. અગત્યના કાર્યમાં સફળતા મળે.

## પ. બંગાળમાં ગૃહમંત્રી અમિત શાહે કહી મોટી વાત

# POK ભારતનો જ એક ભાગ છે, અમે તેને પ્રાપ્ત કરીને રહીશું



### ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ થયા પછી એક સમયે અશાંત ગણાતા કાશ્મીરમાં આજે શાંતિ પરત ફરી છે : અમિત શાહ

કોલકાતા, તા.૧૬

ગૃહમંત્રી અમિત શાહે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરને લઈને એક મોટી વાત કહી છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર ભારતનો જ એક ભાગ છે અને અમે તેને પ્રાપ્ત કરીને જ રહીશું. એક રેલીને સંબોધતા ગૃહમંત્રીએ કહ્યું કે ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ થયા પછી એક સમયે અશાંત ગણાતા કાશ્મીરમાં આજે શાંતિ પરત ફરી છે. જોકે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં હાલ આઝાદીના નારાઓ સંભળાઈ રહ્યાં છે.

પશ્ચિમ બંગાળમાં એક ચૂંટણી રેલીને સંબોધતા અમિત શાહે કહ્યું કે, સરકારે ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ કર્યા બાદ કાશ્મીરમાં શાંતિ પાછી આવી છે પરંતુ હવે અમે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં વિરોધ જોઈ રહ્યા છીએ.

પહેલા અહીં આઝાદીના નારા સંભળાતા હતા હવે એ જ નારા PoKમાં સંભળાય છે. પહેલા અહીં પથ્થરમારો થતો હતો હવે PoKમાં પથ્થરબાજી થઈ રહી છે. PoK પર કબજો કરવાની માંગને સમર્થન ન આપવા બદલ કોંગ્રેસના નેતાઓ પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું, મણિશંકર ઐયર જેવા કોંગ્રેસના નેતાઓ કહે છે કે, આવુ ન કરવું જોઈએ કારણ કે તેમની પાસે પરમાણુ બોમ્બ છે. હું કહેવા માંગુ છું કે, તે ભારતનો એક ભાગ છે અને અમે તેને (PoK) લઈશું.

અમિત શાહે કહ્યું કે વર્તમાન લોકસભા ચૂંટણી એ INDIA ગઠબંધનના ભ્રષ્ટ નેતાઓ અને પ્રામાણિક રાજકારણી નરેન્દ્ર મોદી વચ્ચે પસંદગી કરવાની ચૂંટણી છે. મોદી મુખ્યપ્રધાન અને વડા પ્ધાન હોવા છતાં તેમના પર ક્યારેય એક પૈસો પણ આરોપ લાગ્યો નથી. તેમણે કહ્યું, પશ્ચિમ બંગાળને નક્કી કરવાનું છે કે તે ઘૂસણખોરો ઈચ્છે છે કે, શરણાર્થીઓ માટે નાગરિકતા સંશોધન કાયદો (CAA). બંગાળે નક્કી કરવાનું છે કે, તેમણે જેહાદને મત આપવો છે કે વિકાસને મત આપવો છે.

# વિપક્ષી INDIA ગઠબંધનને આ વખતે ૩૫૦ બેઠકો મળશે

અગરતલા, તા.૧૬

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં વિપક્ષી 'I.N.D.I.A.' ગઠબંધનને ૩૫૦ બેઠકો મળશે અને નવી સરકાર બનશે. ત્રિપુરા કોંગ્રેસના અધ્યક્ષ આશીષ કુમાર સાહાએ આ દાવો કર્યો છે. આ પહેલીવાર છે જ્યારે કોંગ્રેસ સહિત વિપક્ષના કોઈ નેતાએ આટલો મોટો દાવો કર્યો હોય. સાહાએ કહ્યું કે, 'ભાજપનો અબકી બાર ૪૦૦ પારનો નારો ખોખલો છે. હકીકતમાં 'I.N.D.I.A.' ગઠબંધનને ૩૫૦ બેઠકો મળશે અને અમે નવી સરકાર બનાવીશું. નરેન્દ્ર મોદી હવે ત્રીજી વખત વડાપ્રધાન પદ પર વાપસી નહીં કરે. આખા દેશમાં 'I.N.D.I.A.' ગઠબંધનને સમર્થન મળી રહ્યું છે.'

સાહાએ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, 'ભાજપ ખોટા વાયદા કરીને લોકોને મુરખ બનાવતી રહી છે. તે વાયદાને તેઓ પૂરા ન કરી શક્યા. એટલા માટે લોકોએ મન બનાવી લીધું છે કે આ સરકારને બેદખલ કરી દેવાની છે. હવે 'I.N.D.I.A.' ગઠબંધનની સરકાર બનાવવાની છે. ૩૫૦ બેઠકો પર જીતની સાથે 'I.N.D.I.A.' ગઠબંધનની સરકાર બનશે. '

તો કોંગ્રેસ નેતાની આ ટિપ્પણી પર ભાજપ પ્રવક્તા નબેન્દુ ભટ્ટાચાર્જીએ કહ્યું કે, 'અબકી બાર ૪૦૦ પારનો નાર હકીકતમાં બદલાશે કારણ કે આપણી પાસે લોકોનું સમર્થન છે. જો 'I.N.D.I.A.' ગઠબંધનના નેતા સત્તામાં આવવાના સપના જુએ છે તો અમને તેનાથી કોઈ તકલીફ નથી.'

# નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી નહીં બને : રાહુલ ગાંધી

ભુવનેશ્વર, તા.૧૬

લોકસભા ચૂંટણી માટે ચાર તબક્કામાં મતદાન થઈ ચુક્યું છે અને હવે પાંચમા તબક્કાની લડાઈ ચાલી રહી છે. ઓડિશાના બાલનગીરમાં જાહેરસભાને સંબોધન કરતા રાહુલ ગાંધીએ ફરી એક વાર સંવિધાન અને લોકતંત્રને બચાવવાનો નારો આપ્યો છે અને ગરીબોની ભાગીદારી પર ભાર આપ્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, અમે એક ક્રાંતિકારી કામ કરવા જઈ રહ્યા છીએ. આજ સુધીમાં કોઈએ આવું કામ કર્યું નથી. તેમણે કહ્યું કે, પીએમ મોદીએ ૨૨ લોકોને અબજોપતિ બનાવ્યા, પણ અમે કરોડોને લાખોપતિ બનાવીશું. રાહુલ ગાંધીએ અહીં ફરી એક વાર દાવો કર્યો કે, નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી નહીં બને. તેની સાથે જ તેમણે કહ્યું કે, ૪ જૂન બાદ ઈંડિયા ગઠબંધનની સરકાર બનશે અને તેની સાથે જ ગરીબો, મજૂરો અને જરુરિયાતમંદ મહિલાઓની યાદી બનાવવામાં આવશે. લિસ્ટ બનાવતાની સાથે જ અમારી ગેરેન્ટી સ્કીન લાગૂ થઈ જશે.

C M Y K C M Y K C M Y K

### આખી ફ્લાઈટ બુક કરી અમેરિકામાં ઘૂસાડવાના વધુ એક ષડયંત્રનો પર્દાફાશ

# યુએસમાં ઘૂસવા જતા ઝડપાયેલ ભારતીયોમાં પાંચ લોકો મહેસાણાના શંકરપુરાના વતની

અમદાવાદ, તા.૧૬

આખી ફ્લાઈટ બૂક કરીને ગુજરાતીઓને અમેરિકામાં ઘુસાડવાનું વધુ એક ચોંકાવનારૂ ષડ્યંત્ર તાજેતરમાં બહાર આવ્યું છે. ૧૦ દિવસ પહેલા દુબઈથી ઉડાન ભરીને નીકળેલી ફ્લાઈટને જમૈકામાં રોકી દેવામાં આવી હતી. આ પ્લેનમાં કુલ ૨૫૩ મુસાફર હતા, જેમાં ૧૫૦થી ૧૭૫ ભારતીય હતા. એમાંથી મોટા ભાગના ગુજરાતીઓ અને પંજાબી હતા. આ ફ્લાઈટને કિંગ્સ્ટનની રાજધાની જમૈકાથી દુબઈ પરત મોકલી દેવામાં આવી છે. આ ગુજરાતી મુસાફરોમાં માણસા પાસે આવેલા શંકરપુરા ગામના પાંચ લોકો હોવાનો પણ ખુલાસો થયો છે. આ ડંકી ફ્લાઈટને પગલે ગામમાંથી ગયેલા લોકોની તપાસ કરતા આ વાત સાંભળીને લોકો મોઢું ચૂપ કરી દેતા હતા અને અમારે શું કામ કહેવું એમ કહીને આખા પ્રકરણ ઉપર પૂર્ણ વિરામ મૂકી દેવાનો પ્રયાસ થતો હોય તેમ જણાય છે. અમદાવાદથી ૪૦ કિલો મીટર દૂર આવેલા મહેસાણાના શંકરપુરા ગામની વસ્તી ભલે ૧૨૦૦ લોકોની જ હોય પણ ગામમાં જોવા મળતા બંગ્લો અમેરિકન ટચના અને તમામ વૈભવી સુવિધા ધરાવે છે. ગામના લોકો મકાન બતાવે છે પણ નામ આપતા નથી. શંકરપુરાના એક દંપતી સહિત કુલ પાંચ લોકો જમૈકાથી ડિપોર્ટ થયા છે. આ ફ્લાઈટ પણ એક ડંકી ફ્લાઈટની જેમ હોવાનું આંતરરાષ્ટ્રીય સ્તરે જાણવા મળ્યું છે. આ ફ્લાઈટમાં રહેલા શંકરપુરાના પાંચ વ્યક્તિમાંથી એક વ્યક્તિને જમૈકાથી ડિપોર્ટ કરીને દુબઈ મોકલી દેવામાં આવી છે, પરંતુ તેઓ હજી પણ ભારત આવ્યા નથી. માત્ર એટલું જ નહીં અગાઉ કબૂતરબાજીમાં સામેલ કિરણ સાલ્વીનો ભાગીદાર આ પાંચ લોકોને અહીંથી અમેરિકા મોકલવામાં સંડોવાયેલો હોવાની વાત સામે આવી છે. આ એજન્ટ પણ જયારથી ફ્લાઈટની વિગતો સામે આવી ત્યારથી ગાયબ થઈ ગયો છે. હવે ગામમાં બધાને ખબર છે. પરંતુ પોલીસ આવે છે અને વિગત લઈને જતી રહે છે. હાલ મહેસાણા પોલીસના સતત ગામમાં આંટાફેરા જોવા મળી રહ્યા છે. કેટલાક લોકોએ પોલીસને માહિતી પણ આપી હોવાનું જાણવા મળેલ છે. કરોડો રૂપિયા ખર્ચીને ગેરકાયદે અમેરિકા જવા માટે ગાંધીનગર માણસા આસપાસના ગામોના લોકોએ અનેક વખત એજન્ટો મારફતે વિદેશ પહોંચવાનો પ્રયાસ કર્યો છે. હવે મેક્સિકોના રૂટથી જવાના બદલે અલગ અલગ રૂટથી અમેરિકા પહોંચાડવા માટેના પ્રયાસો એજન્ટો કરી રહ્યા છે. જ્યાં સુધી કોઈપણ વ્યક્તિને અમેરિકા પહોંચાડી દેવામાં ન આવે ત્યાં સુધી રૂપિયા લેવામાં આવતા નથી અને સમાજના અગ્રણીના કહેવા બાદ જ રૂપિયા એ વ્યક્તિને આપી દેવામાં આવે છે. જે રીતે એક કોર્પોરેટ કંપની ચાલતી હોય તે રીતે એજન્ટ અને કબૂતરબાજીનું રેકેટ ચાલી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા જ્યારે નિકારાગુઆ ગયેલી આખી ફ્લાઈટ કબૂતરબાજીના લોકોથી ભરેલી હતી. તે સમયે આ પ્રકરણની ખૂબ જ ચર્ચા થઈ હતી. પરંતુ ત્યારબાદ મુસાફરોની આખી યાદી સામે આવી અને તેમાં પણ એજન્ટ કિરણ સાલ્વીનું જ નામ સામે આવ્યું હતું. જો કે કિરણ સાલ્વી હજી સુધી પોલીસ પકડથી દૂર છે. આ અગાઉ પણ કિરણ સાલ્વી કબૂતરબાજીમાં સામેલ હોવાની વાતો વહેતી થઈ હતી. આ અંગે ટીમે જ્યારે ગામના એક મોભીનો સંપર્ક કર્યો ત્યારે તેમણે કહ્યું કે, હું બહારગામ છું. પરંતુ ખરેખર તે પાંચ મિનિટ બાદ ત્યાં જ સામે જ જોવા મળ્યા હતા એટલે કે તેઓ ગામમાંથી ગયેલા લોકો વિશે મૌન સેવવા માગતા હતા. તેમની સાથે થોડીવાર ચર્ચા કર્યા બાદ તેમણે કહ્યું કે ગામમાં બે પક્ષો છે એટલે સામેવાળા પક્ષના લોકો ગયા છે તેવી અમને ખબર પડી છે અમે તેમનું નામ નહીં આપીએ. થોડીવાર પછી આખી વાત એજન્ટ ઉપર આવી એટલે કહ્યું કે ગામમાં ઘણા લોકો વિદેશ જવા માટે પ્રયાસ કરે છે. પરંતુ જે એજન્ટનું નામ આવી રહ્યું છે તે ૪૮ કલાકથી ગામમાં નથી તે પહેલાં ફેકટરી ચલાવતો હવે કંઈ ખબર નથી. આ ગામની નજીક આવેલા મંદિરમાં એજન્ટોએ કરોડો રૂપિયાનું ડોનેશન કર્યુ હોવાનું ગ્રામજનો કહી રહ્યા છે અને કરોડો રૂપિયા ડોનેશનની સાથે તે લોકોને પોતાના પ્રભાવમાં લાવે છે. ત્યાર પછી આ રેકેટમાં અમેરિકા સુધીની લાઈન દોરી શરૂ કરે છે.

આ મામલે વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે કહ્યું કે, દુબઈથી જમૈકામાં ઉતરેલી ચાર્ટર્ડ ફ્લાઈટમાં અનેક ભારતીયો સવાર હતા. તેમની પાસે પહેલેથી યાત્રા અને હોટલનું બુકિંગ હતું. પરંતુ સ્થાનિક અધિકારી તેનાથી સંતુષ્ટ નહોતા. આ અધિકારીઓએ ભારતીયોને ૭ મેના રોજ તેમના મૂળ સ્થળે પરત મોકલવાનો નિર્ણય કર્યો. આ ફ્લાઈટમાં મોટા ભાગના પુરૂષો હતા. તેઓ પાંચ દિવસના પ્રવાસે આવ્યા હતા. પરંતુ તેમના પ્રવાસની તપાસમાં માત્ર એક જ દિવસનો પ્રવાસ હોવાની જાણ થઈ હતી. ત્યારબાદ આ તમામ પ્રવાસીઓની એન્ટ્રી ઉપર મનાઈ ફરમાવી દીધી હતી. જો કે અધિકારીઓએ માનવતા દાખવી તેને પરત મોકલવા માટેની વ્યવસ્થાના ભાગરૂપે કિંગ્સ્ટનની એક હોટલમાં ઉતરવાની મંજૂરી આપી હતી. આ ફ્લાઈટ દુબઈથી ઊપડી હતી અને ઈજિપ્તના કેરો એરપોર્ટ ખાતે રોકાઈ હતી, જ્યાંથી ઉઝબેકિસ્તાનના નાગરિકો એમાં ગોઠવાયા હતા. બાદમાં આ ફ્લાઈટ જમૈકા પહોંચી હતી, જ્યાં ઓફિસરોને ગરબડની જાણ થઈ હતી. પ્લેનમાં બેઠેલા લોકો પાસે જમૈકા આવવાની મંજૂરી ઉપરાંતના દસ્તાવેજો નહોતા. પ્રાથમિક તપાસમાં મુસાફરો પાસે જરૂર દસ્તાવજો ન મળતાં એરપોર્ટ ઉપર આટલા બધા મુસાફરોને રાખવા માટે ડિટેન્શન સેન્ટર કે રિમાન્ડ રૂમ ન હોવાથી તેમને હોટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ લોકોને ઘુસાડવામાં ચાર ગુજરાતી એજન્ટની ભૂમિકા સામે આવી છે. અમેરિકામાં ઘૂસવાના ચાલતા નેટવર્કમાં સંડોવાયેલા આ ચાર એજન્ટો તેના ઉપનામથી જાણીતા છે, જેમાં શંકરપુરાનો ઘનશ્યામ, હસમુખ બિલાડી, રવિ મોસ્કો અને બોબી બ્રાઝિલ સામેલ હોવાનું કહેવાઈ રહ્યું છે.

# અમિત શાહે ભારપૂર્વક કહ્યું PoK ભારતનું છે

નવી દિલ્હી તા.૧૬

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પાકિસ્તાન કબ્જા હેઠળના કાશ્મીર (PoK) ઉપર પ્રશ્ન કરવા બદલ કોંગ્રેસની ઝાટકણી કાઢી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, PoKની જમીનની એક-એક ઈંચ ભારતની છે અને કોઈ તાકાત તેને છીનવી નહીં શકે. અમિત શાહે ઝારખંડના ખુંટીની ચૂંટણી સભામાં જણાવ્યું હતું કે, ‘‘પાકિસ્તાન પાસે પરમાણુ બોમ્બ હોવાથી મણીશંકર ઐયર આપણને તેની સાથે સાચવીને વર્તવાનું જણાવી રહ્યા છે. થોડા દિવસ પહેલાં ઈન્ડિયા ગઠબંધનના નેતા ફારૂક અબ્દુલ્લાએ પણ કહ્યું હતું કે, પાકિસ્તાન પાસે પરમાણુ બોમ્બ હોવાથી PoKની વાત ન કરશો. હું કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધનને કહેવા માંગું છું કે, PoK ભારતનું છે અને કોઇ તાકાત તેને છીનવી નહીં શકે.’’ શાહે જણાવ્યું હતું કે, ‘‘કોંગ્રેસને શું થઈ ગયું છે? PoK ભારતનો ભાગ હોવાનો ઠરાવ સંસદમાં પસાર થઈ ચૂક્યો છે. તમે (કોંગ્રેસ) હવે પરમાણુ બોમ્બની વાતો કરી તેના ઉપર પ્રશ્નો ઊભા કરો છો.’’ તેમણે કહ્યું હતું કે, ‘‘ભાજપનું વલણ બહુ સ્પષ્ટ છે કે PoKની જમીનની પ્રત્યેક ઈંચ ભારતની છે અને ભારતની જ રહેશે.’’ તેમણે જણાવ્યું હતું કે, ‘‘કોંગ્રેસે કલમ ૩૭૦ની ૭૦ વર્ષ સુધી સાચવી રાખી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેને નાબૂદ કરી.’’ તેમ ગૃહમંત્રીએ જણાવ્યું હતું.

# પરસ્પર હિતો અને પારસ્પરિક સંવેદનશીલતા ઉપર આધારિત છે ભારત-માલદીવ્સ સંબંધોનો વિકાસ : વિદેશમંત્રી જયશંકર



નવી દિલ્હી, તા.૧૬

વિદેશપ્રધાન એસ. જયશંકરે તાજેતરમાં તેમના માલદીવ્સના સમકક્ષ મૂસા ઝમીર સાથેની વાતચીત દરમ્યાન જણાવ્યું હતું કે, ભારત-માલદીવ્સ સંબંધોનો વિકાસ ‘પરસ્પર હિતો’ અને ‘પારસ્પરિક સંવેદનશીલતા’ ઉપર આધારિત છે. માલદીવ્સના ચીન તરફી પ્રમુખ મોહમ્મદ મુઈઝ્ઝુએ છ મહિના પહેલા કાર્યભાર સંભાળ્યા પછી માલેથી પ્રથમ ઉચ્ચ સ્તરીય પ્રવાસમાં ઝમીર નવી દિલ્હી આવ્યા હતા. જયશંકરે ઝમીર સાથેની મીટિંગમાં તેમની શરૂઆતની ટિપ્પણીમાં જણાવ્યું કે, ‘નજીકના અને નિકટવર્તીના પડોશીઓ તરીકે, અમારા સંબંધોનો વિકાસ દેખીતી રીતે પરસ્પર હિતો અને પારસ્પરિક સંવેદનશીલતા ઉપર આધારિત છે.’ તેમણે કહ્યું, ‘જ્યાં સુધી તેમનો ભારતનો સંબંધ છે, તે અમારી નેબરહુડ ફર્સ્ટ પોલિસી અને SAGAR (પ્રદેશમાં બધા માટે સુરક્ષા અને વૃદ્ધિ)ની દષ્ટિના સંદર્ભમાં સ્પષ્ટ છે. હું આશા રાખું છું કે, આજની અમારી મીટિંગ અમને વિવિધ ક્ષેત્રોમાં અમારા પરિપ્રેક્ષ્યના સંકલનને મજબૂત કરવામાં સક્ષમ બનાવશે.’ મુઈઝ્ઝુએ ટાપુ રાષ્ટ્રમાં ત્રણ લશ્કરી પ્લેટફોર્મ ચલાવતા ભારતીય સૈન્ય કર્મચારીઓને પાછા ખેંચવાનો આગ્રહ રાખતા બંને દેશો વચ્ચેના સંબંધો ગંભીર તણાવ હેઠળ આવ્યા હતા. ભારતે તેના મોટાભાગના સૈન્ય કર્મચારીઓને પહેલાથી જ પાછા બોલાવી લીધા હતા. મુઈઝ્ઝુએ તેના દેશમાંથી ભારતીય સૈન્ય સૈનિકોને પાછા ખેંચવાની અંતિમ તા.૧૦ મે નક્કી કરી હતી. જયશંકરે કહ્યું, ‘ભારત માલદીવ્સને વિકાસ સહાયનો મુખ્ય પ્રદાતા છે. અમારા પ્રોજેક્ટ્સથી તમારા દેશના લોકોને ફાયદો થયો છે; અમે જીવનની ગુણવત્તામાં ફાળો આપ્યો છે. તેમાં માળખાકીય પ્રોજેક્ટ્સઅને સામાજિક પહેલથી લઈને તબીબી સ્થળાંતર અને આરોગ્ય સુવિધાઓ સુધીની છે.’ જયશંકરે ઉમેર્યું, ‘અમે ભૂતકાળમાં સાનુકૂળ શરતો ઉપર નાણાકીય સહાય પણ આપી છે. ભારત માલદીવ માટે અસંખ્ય પ્રસંગોએ પ્રથમ પ્રતિસાદ આપનાર છે. અમારા સહકારે વહેંચાયેલ પ્રવૃત્તિઓ, સાધનોની જોગવાઈ, ક્ષમતા નિર્માણ અને તાલીમ દ્વારા તમારા દેશની સુરક્ષા અને સુખાકારીમાં પણ ખાસ વધારો કર્યો છે.’

# CBSE ધો.૧૦માં મૂળભૂત ગણિત ધરાવતાં વિદ્યાર્થીઓને ધો.૧૧માં વિષય લેવાની મંજૂરી આપે છે

નવી દિલ્હી, તા.૧૬

વિદ્યાર્થીઓ માટે ગણિતને સરળ બનાવવા માટે CBSE વિદ્યાર્થીઓને ધો.૧૦માં મૂળભૂત અને ધોરણ ગણિત વચ્ચે પસંદગી કરવાનો વિકલ્પ આપે છે. મૂળભૂત ગણિત તે વિદ્યાર્થીઓ માટે છે જેઓ ધો.૧૧ અને ૧૨માં આ વિષય પસંદ કરવા માંગતા નથી. CBSEએ તાજેતરમાં ધો.૧૧ના વિદ્યાર્થીઓ માટે નવી નીતિ રજૂ કરી છે. CBSE દ્વારા બહાર પાડવામાં આવેલી નવીનતમ સૂચના અનુસાર જે વિદ્યાર્થીઓએ ધો.૧૦માં મૂળભૂત ગણિતનો અભ્યાસ કર્યો છે તેમને હવે ધો.૧૧માં યોગ્ય વિષય તરીકે અભ્યાસક્રમ લેવાની મંજૂરી આપવામાં આવશે. નીતિઓએ મંજૂરી આપી હતી કે, જે વિદ્યાર્થીઓએ ધો.૧૦માં મૂળભૂત ગણિત લીધું હતું તેઓને આ વિષય આગળના વર્ગમાં લેવાની મંજૂરી ન હતી અને તેઓ ફક્ત લાગુ ગણિત પસંદ કરી શકે છે. બોર્ડે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું કે, ‘સત્ર ૨૦૨૪-૨૦૨૫ માટે પણ NEPને કારણે ઘણા ફેરફારોની દરખાસ્ત કરવામાં આવી છે, તેથી વિગતવાર ચર્ચા કર્યા પછી બોર્ડ દ્વારા નીચે મુજબનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિયમમાં છૂટછાટ ફક્ત શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫ માટે જ ચાલુ રહેશે. આમ, જે વિદ્યાર્થીઓએ ગણિતની મૂળભૂત (૨૪૧) ઓફર કરી હતી તેમને પણ X1 ધોરણમાં ગણિત (૦૪૧) ઓફર કરવાની મંજૂરી આપવામાં આવી છે. સૂચનાને ધ્યાનમાં લીધા વિના શાળા પાસે સંપૂર્ણ વિવેકબુદ્ધિ છે અને તેઓએ એ સુનિશ્ચિત કરવું પડશે કે વિદ્યાર્થીઓ વરિષ્ઠ વર્ગોમાં ગણિત લેવા માટે યોગ્ય યોગ્યતા અને ક્ષમતા ધરાવે છે. જો તેમને લાગે કે વિદ્યાર્થીઓમાં યોગ્યતાનો અભાવ છે તો તેઓ તેમને વિષય લેતા અટકાવી શકે છે. નોટિફિકેશન આગળ જણાવે છે કે, આવા વિદ્યાર્થીઓને ગણિતનું ધોરણ (૦૪૧) ભણવાની મંજૂરી આપતાં પહેલાં સંસ્થા/શાળાના વડાએ સંતુષ્ટ થવું જોઈએ કે વિદ્યાર્થી પાસે ધો.૧૧માં ગણિતનું ધોરણ (૦૪૧) મેળવવા માટે યોગ્ય યોગ્યતા છે. CBSEએ સત્તાવાર રીતે જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓ ઉમેદવારોની યાદી (LOC)માંથી જે પણ વિષય પસંદ કરે છે, તેમને પછીથી કોઈ ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

# ધોરણ-૧૨નું પરિણામ આવી ગયું, હવે આગળ શું કરવું ? જરાય મુંઝાશો નહીં આ રહ્યા તમામ સવાલોના જવાબ

**ધોરણ-૧૨નું જાહેર થયેલું પરિણામ ઐતિહાસિક રીતે ઊંચુ પરિણામ આવ્યું હોવાથી સ્વાભાવિક રીતે બધા જ વિદ્યાર્થીઓ ખુશખુશાલ હશે. પરંતુ સાથે સાથે એ વાત પણ ખાસ ધ્યાનમાં લેવાની રહેશે કે બધા વિદ્યાર્થીઓ પાસ થયા હોવાથી અને સારી ટકાવારી આવી હોવાથી સારી સંસ્થામાં પ્રવેશ માટે પણ ગળાકાપ સ્પર્ધા રહેશે. ત્યારે સૌને મનગમતી જગ્યાએ પ્રવેશ મળી જાય તે માટે શુભેચ્છા અને ચાલો આજે આપણે કારકિર્દી વિશે જાણીએ**




**ધોરણ-૧૨ કોમર્સના વિદ્યાર્થીઓ માટે...**

મિત્રો ધોરણ-૧૨ કોમર્સના વિદ્યાર્થીઓને વિપુલ તકો છે. સાયન્સના વિદ્યાર્થીઓ કરતા કંઈ કમ તકો નથી. બસ ખાલી તમારો રસ શેમાં છે અને દિલથી અભ્યાસ કરીને આગળ વધશો તો ઉત્તમ કારકિર્દીના દ્વાર તમારા માટે ખુલ્લા જ છે. તો ચાલો આજે ધોરણ-૧૨ કોમર્સ પછી કઈ-કઈ લાઈન લઈ શકાય તેની માહિતી આપું.

**મેનેજમેન્ટ** - જો તમારે મેનેજમેન્ટમાં જવું હોય તો બીબીએ અને પાંચ વર્ષનો ઈન્ટીગ્રેટેડ એમબીએનો કોર્ષ કરી શકો છો. પહેલા ત્રણ વર્ષ બીબીએ હોય છે અને પછી બે વર્ષના એમબીએમાં સીધો પ્રવેશ મળે છે. ત્રણ વર્ષ પછી એક્ઝીટનો પણ ઓપ્શન હોય છે. આ કોર્ષનો ફાયદો એ છે કે એક જ ઈન્સ્ટીટ્યુટમાં રહીને અભ્યાસ કરી શકો છો અને એમબીએ માટે પ્રવેશ પરીક્ષા આપવી પડતી નથી.

**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને કંપની સેક્રેટરી** - જો તમે એકાઉન્ટીંગ ક્ષેત્રમાં રસ ધરાવતા હોવ તો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એટલે કે સીએ બનવા માટે આગળ વધી શકો છો અને કંપની સેક્રેટરી બનવા માટે પ્રવેશ મેળવી શકો છો. બન્ને કોર્ષ કોલેજમાં બી.કોમ, બીબીએની સાથે પણ થઈ શકે છે.

**કાયદો-** જો તમને કાયદા -કાનૂનના ક્ષેત્રમાં રસ હોય તો પાંચ વર્ષના એલએલબીના કોર્ષમાં પ્રવેશ મળે છે. જો પાંચ વર્ષનો કોર્ષ ના કરવો હોય તો ત્રણ વર્ષના સ્નાતકના અભ્યાસ બાદ બીજા ત્રણ વર્ષનો એલએલબીનો કોર્ષ કરી શકાય છે.

**એમએસસી-આઇટી** - ઘણા વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરમાં રસ હોય તો બીએસસી આઈટી અથવા તો એમએસસી આઈટીના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે. આ પણ એક સારી કરિયર છે અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રમાં આગળ વધી શકો છો.

**મીડિયા** - જો મીડિયા અને માસ કોમ્યુનિકેશમાં રસ હોય તો ધોરણ-૧૨ પછી ત્રણ વર્ષનો સ્નાતકનો અભ્યાસ ચાલે છે. અમદાવાદમાં અને વિદ્યાનગરમાં આ કોર્ષ ઉપલબ્ધ છે. આ કોર્ષ કર્યા પછી તમે પત્રકાર, ન્યુઝ એન્કર, વોઈસ ઓવર આર્ટીસ્ટ, વિડીયો એડીટર સહિતની કરિયરમાં આગળ વધી શકો છો.

**સ્પેશિયલાઇઝડ્ સબજેક્ટસ** - જો તમે કોઈ ખાસ વિષયમાં આગળ વધવા માગતા હોવ ધારો કે ઈકોનોમીક્સ, સ્ટેટેસ્ટીક્સ, ઈંગ્લીશ, સાયકોલોજી વગેરે. તો પછી બી. કોમ કે બીએ કરી શકાય છે. ત્યારબાદ માસ્ટર ડિગ્રી કોર્ષ અને પીએચડી કરીને શિક્ષક કે સંશોધક બની શકાય છે. પ્રોફસર બનવા માટે પણ રસ્તા ખુલી જાય છે.

**એનીમેશન અને મલ્ટીમિડીયા** - એનીમેશન, ગેમીંગ અને મલ્ટીમિડીયામાં રસ હોય તો ગુજરાત યુનિવર્સિટી ખાતે ખાનગી સંસ્થા સાથે પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપના માધ્યમથી કોર્ષીષ ચાલે છે. ત્યાં પ્રવેશ માટે પુછપરછ કરી શકાય. બાકી કોઈ ખાનગી સંસ્થામાં પણ તપાસ કરીને પ્રવેશ લઈ શકાય.

**ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે...**

**મેડિકલ** - મેડિકલ લાઈનમાં જવું હોય તો બી ગ્રુપના વિદ્યાર્થીઓ માટે વિશાળ તકો છે. તમે ડોકટર બની શકો છો. આ માટે એમબીબીએસમાં પ્રવેશ મેળવવાનો રહે છે. જો તેમાં પ્રવેશ ના મળે તો ડેન્ટલ, આયુર્વેદ, હોમિયોપેથી, ફાર્મસી, ફિઝીયોથેરીપી, નર્સીંગમાં પ્રવેશ માટે મહેનત કરી શકો છો. આ ઉપરાંત ફાર્માસિસ્ટ તથા તબીબી આલમને લગતા અનેક શોર્ટ ટર્મ અને લોંગ ટર્મ કોર્ષીષ ઉપલબ્ધ હોવાથી તે બાબતે જાગૃત થઈને જે-તે સંસ્થામાં તપાસ કરી શકો છો.

**ઇજનેરી** - ઈજનેરી ક્ષેત્ર ખૂબ જ વિશાળ અને જૂનું ક્ષેત્ર છે. હવે તો પરંપરાગત ઉપરાંત અવનવા ક્ષેત્ર ખુલી ગયા છે કે જેમાં તમે ઈજનેરી અભ્યાસક્રમ કરી શકો છો. સાયબર સિક્યુરીટી, બેચલર ઓફ ટેકનોલોજી, રેલવે એન્જિનીયરીંગ, કોમ્પ્યુટર એન્જિનીયરીંગ સહિતના બહોળા વિકલ્પો ઉપલબ્ધ છે.

**ડેરી ટેક્નોલોજી, કૃષિ અને પશુ ચિકિત્સા** - સાયન્સ લીધા બાદ ડેરી ટેકનોલોજીના અભ્યાસક્રમો કરવા તરફ ખાસ વિચારવું જોઈએ. આણંદ સહિતની અલગ -અલગ કૃષિ યુનિવર્સિટીઓ ખાતે ડેરી, પ્રોસેસીંગ અને કૃષિને લગતા અભ્યાસક્રમો થાય છે. વળી આજકાલ પશુ ચિકીત્સા પણ એક સારી કારકિર્દીના દ્વાર ખોલી આપે છે. આથી જો તમને પશુઓ પ્રત્યે લાગણી હોય તો આ ક્ષેત્રમાં પણ આગળ વધી શકો છો.

**આર્કીટેક્ચર** - જો તમારે આર્કીટેક્ટ બનીને બિલ્ડીંગ ડિઝાઈનીંગ ક્ષેત્રમાં આગળ વધવું હોય તો હાલમાં બેચલર અને માસ્ટર ડિગ્રીના ઘણા બધા અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. આ ક્ષેત્રમાં કારકિર્દીની વિશાળ તકો છે.

**ડિઝાઇનીંગ** - અમદાવાદમાં વિશ્વ પ્રસિદ્ધ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈન નામની સંસ્થા આવેલી છે ત્યાં તમે ડિઝાઈનીંગનો અભ્યાસક્રમ કરી શકો છો. આ ઉપરાંત કેટલીક ખાનગી સંસ્થાઓ પણ વિવિધ પ્રકારના ડિઝાઈનીંગના અભ્યાસક્રમો ચાલી રહ્યા છે. તેમા તપાસ કરીને પ્રવેશ મેળવી શકાય.

**બીએસસી, એમએસસી** - સાયન્સમાં જો શિક્ષણ અને રિસર્ચના ક્ષેત્રમાં આગળ વધવા માંગતા હોવ તો બીએસસી અને ત્યારબાદ કોઈ વિશેષ વિષય સાથે એમએસસીનો માસ્ટર ડિગ્રી કોર્ષ કરી શકાય છે. તમે શિક્ષક, પ્રોફેસર કે સંશોધક તરીકે કારકિર્દી બનાવી શકો છો. આ ઉપરાંત વૈજ્ઞાનિક બનવા માટે પણ વિશાળ તકો છે. ઉપરોક્ત વિષયો ઉપરાંત એવીએશન, એરોનોટીકલ એન્જિનીયરીંગ, મરીન એન્જિનીયરીંગ, રેલવે એન્જિનીયરીંગ, ડીફેન્સ સર્વિસ, પાયલોટ, નેવોલ સર્વિસ, બોટની, હોર્ટીકલ્ચર, હોટલ મેનેજમેન્ટ, પેકેજીંગ, ફુટવેર ડિઝાઈન, ફુડ પ્રોસેસીંગ, આર્ટીફીશયલ ઈન્ટેલીજન્સ, કોમ્પ્યુટર, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ડેટા સાયન્સ અને સાયબર સિક્યુરીટી સહિતની કારકિર્દી માટેના અભ્યાસક્રમો ઉપલબ્ધ હોવાથી તેના બાબતે તપાસ કરી શકાય.

**વિશેષ યુનિવર્સિટીઓના વિશેષ અભ્યાસક્રમો...**

પાછલા પંદર વર્ષમાં ગુજરાતમાં વિશેષ સેન્ટ્રલ યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવી છે. તેની વેબસાઈટમાં તપાસ કરીને તેના વિષયોની છણાવટ કરી લેવી. તમને ત્યાં અનેક પ્રકારના કોર્ષ વિશે જાણવા મળશે. જો તમને રસ હોય તો તેમાં પ્રવેશ માટે વિચારી શકો છો. દાખલા તરીકે ગાંધીનગર ખાતે આવેલી નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, સ્વિર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી, ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ઈન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ રિસર્ચ, સેન્ટ્રલ યુનિવર્સિટી, આઈઆઈટી-ગાંધીનગર, નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, વડોદરા ખાતે આવેલી ગતિશક્તિ યુનિવર્સિટી વગેરેની વેબસાઈટ ચેક કરી લેવી. તમને તમારા રસના વિષયના અભ્યાસક્રમો મળી જશે.

તો મિત્રો હવે ઉત્તમ કારકિર્દીમાં ઝંપલાવો. ઓલ ધ બેસ્ટ.

# સોમનાથ વેરાવળ ડિવીઝને સ્માર્ટ ડીઝીટલ વીજ મીટરના યુગમાં માંડયો કદમ

## વેરાવળ, સોમનાથ, તાલાળા, સુત્રાપાડાના ૧ લાખ ૫ હજાર ઘર અને દુકાનોમાં સ્માર્ટ વીજ મીટર નાખવાનો થયો પ્રારંભ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૬

સોમનાથ-વેરાવળ વિસ્તારમાં પીજીવીસીએલ ડીઝીટલ સ્માર્ટ વીજ મીટર લગાડવાનો પ્રારંભ થઈ ચુકયો છે. ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર જે.જે. કાચાએ જણાવ્યું હતું કે, વેરાવળ ડિવીઝન હસ્તક આવતા સોમનાથ-વેરાવળ, તાલાળા, સુત્રાપાડાના લાઈટીંગ ઘર અને દુકાનોના વીજ જોડાણોમાં આ મીટરો લગાવવાનો પ્રારંભ કરાયો છે. અને સમગ્ર ડીવીઝનમાં પ્રથમ તબકકે એક લાખ પાંચ હજાર સ્માર્ટ મીટરો લગાડાશે. હાલની તકે ખેતીવાડીમાં આવા મીટરો લગાડાશે નહીં.

અત્યાર સુધીમાં ૪૦૦ જેટલા ઘરોમાં આ મીટરો લાગાવી દેવામાં આવ્યા છે. જેમાં વેરાવળ બસ સ્ટેશન વિસ્તાર, સટ્ટાબજારની દુકાનો, જલારામનગર, ૧૮૦ ફુટ રોડ, આમ ક્રમશઃ કામ આગળ વધી રહયું છે. આ માટે ૧૦૦ જેટલા માણસો કામ કરી રહયા છે. જેમાં ફોર્મ ભરવા, ડિઝીટલની વિગત સમજાવવી, એપ્લીકેશન ડાઉનલોડ કરવી, સુપરવાઈઝરી કરવી વિગેરેની ટુકડી હોય છે.

અમારા હસ્તક હાલ ૨૦૦૦ મીટરો આવેલ છે જેનો પુરવઠો જેમ જેમ વપરાશ થશે તેમ મળતો રહેશે. ગ્રાહકોએ પણ સારો પ્રતિસાદ આપેલ છે. શું છે ડિઝીટલ પ્રિપેઈડ વીજ સ્માર્ટ મીટર? આનો સીધો અર્થ એ છે કે, જેમ મોબાઈલમાં અગાઉથી રૂપિયા ભરી બેલેન્સ નાખી પછી મોબાઈલ વાપરીએ છીએ તેવી આ પધ્ધતી છે. જાણકારોમાં આશાવાદ છે કે, આથી ગ્રાહક અને પીજીવીસીએલ બંનેને ફાયદા થશે. તેના રીચાર્જથી વીજ પુરવઠો યથાવત રાખી શકાશે અને પ્રત્યેક ઉપભોકતાને વીજબીલ ભરવા માટેની લાંબી લાઈનોમાં ઉભવું અને કલાકોના સમય વેડફાતો અટકશે.

આ સ્માર્ટ ડિઝીટલ મીટર થકી ગ્રાહક પોતાની મોબાઈલ એપ્લીકેશનમાં પોતાના જ મોબાઈલમાં વીજળીનો કેટલો વપરાશ થયો અને કેટલું રીચાર્જ હજુ બાકી છે તે દૈનિક ધોરણે જોઈ શકશે અને જેને કારણે વીજ બચાવવાની સભાનતા પણ આવશે. રી-ચાર્જ કરેલી રકમ રાત્રે અથવા જાહેર રજાના દિવસોમાં પુરી થઈ હશે તો પણ રજા કે રાત્રી દરમ્યાન વીજ પુરવઠો કપાશે નહીં. પરંતુ ગ્રાહકે બીજા દિવસે ખુલતી ઓફીસે તેના સ્માર્ટ મીટરમાં અનુકુળતા મુજબનું રીચાર્જ અવશ્ય કરાવવું પડશે.

નાની રકમનું કે જો બહારગામ જવાનું થતું હોય તો તેની અંદાજેની રકમનું રીચાર્જ પણ કરાવી શકાશે. આ રીચાર્જ માત્ર પીજીવીસીએલની એપ્લીકેશન થ્રુ જ કરાશે. પ્રાથમિક માહિતી મુજબ ૨૦૨૪ સુધીમાં જુના મીટરની જગ્યાએ તમામ ઘર લાઈટ અને દુકાનની લાઈટ તથા સરકારી કચેરીઓ અને વોટરવર્કસ જોડાણોમાં આ મીટર લાગી જશે. અને જુના મીટરની જગ્યાએ જે નવું મીટર લાગશે તેનો તમામ ખર્ચ રાજય સરકાર ભોગવશે તેમ સુત્રોનું માનવું છે.

# જૂનાગઢમાં પોલીથીન પેકીંગ પાન-મસાલાઓના પીસ ઉપયોગ, વેંચાણ, સંગ્રહ અને ઉત્પાદન સદંતર બંધ કરવા મનપાની અપીલ

## પોલીથીન પેકીંગનો ઉપયોગ કરનાર સામે કડક પગલા લેવાશે

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ શહેર વિસ્તારમાં પાન-મસાલા, લારી-ગલ્લાવાળાઓ, પાન-મસાલા તથા માવાના ગ્રાહકોને પોલીથીન પેકીંગ(પાનપીસ)માં આપે છે, જે પોલીથીન પેકીંગ પાન-મસાલાઓ અને તેવા પ્રકારના માવા ખાનારાઓ દ્વારા શહેરની જાહેર જગ્યાએ તેમજ રસ્તાઓ ઉપર મનસ્વી રીતે અને બેજવાબદારીથી ફેંકી દેવામાં આવે છે. આ પેકીંગ અને આવા પ્લાસ્ટીક હવામાં ઉડીને ઉપદ્રવ ઉભો કરે છે. શહેરની મહાનગરપાલિકાની ડ્રેનેજ લાઈનમાં તથા પાણીની લાઈનમાં આવા પેકીંગ તથા પ્લાસ્ટીક અને પીસ ફસાઈ જઈને ગટર લાઈનમાં પાણીનો નિકાલ સ્થગીત કરી દે છે. જેના કારણે પાણીનો પણ નિકાલ થઈ શકતો ન હોય જેથી આવી લાઈનમાં ફસાયેલ પોલીથીનનો નિકાલ કરવો ઘણો મુશ્કેલ બની જાય છે, તેમજ ચોમાસામાં વરસાદી પાણીના નિકાલને અવરોધ બનવાથી વરસાદી પાણીનો નિકાલ થઈ શકતો નથી તેમજ શહેરની સ્વચ્છતા જાળવાતી નથી. જાહેર આરોગ્ય સમક્ષ ગંભીર પ્રશ્નો ઉભો થાય છે. અને તેના કારણે આરોગ્ય માટે જોખમ ઉભુ થાય છે. આનાથી સ્વચ્છ નાગરિક જીવનમાં ઉપદ્રવ ઉભો થાય છે, જે અટકાવવા અગાઉ વર્ષ – ૨૦૧૮માં જાહેર નોટીસ પ્રસીધ્ધ કરવામાં આવેલ છે જેનો અમલ કરવાનો થાય છે.

શહેરના પાન, મસાલા વેચતા લારી ગલ્લાવાળા, આ પ્રકારના પ્લાસ્ટીક પાન પીસ વેચતા, સંગ્રહકર્તા, ઉત્પાદન કરતા,તેમજ ઉપયોગ કર્તાને અપીલ કરવામાં આવે છે કે જૂનાગઢ મહાનગર હદ વિસ્તારમાં પાન-મસાલા તથા માવાના (પ્લાસ્ટીક પાનપીસ) સદંતર બંધ કરવામાં આવે છે. જેથી પાન-મસાલા લારી-ગલ્લાવાળાઓએ પાન-મસાલા તથા માવાના ગ્રાહકોને કોઈપણ પ્રકારના પ્લાસ્ટીક પાનપીસ પેકીંગમાં આપવું નહિ તેમજ કોઈપણ ગ્રાહકોએ પાનપીસનો ઉપયોગ કરવો નહિ કે વેપારી ઉત્પાદક દ્વારા વેચાણ કે સંગ્રહ કરવા નહીં. જો આ પ્રકારની પ્રવૃતી કરતા જે કોઈ આસામી - જણાઈ આવશે, તો તેની પાસેથી હેલ્થ બાયલોઝ, પ્લાસ્ટીક બાયલોઝના નિયમ મુજબ દંડની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને જરૂર જણાયે ફોજદારી રાહ સુધીના પગલા લેવામાં આવશે,જેની સબંધકર્તાઓએ નોંધ લેવી તેમ જનસંપર્ક અધિકારી, મહાનગરપાલિકા, જૂનાગઢની યાદીમાં જણાવાયું છે.

# દ્વારકા : નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયાના અધ્યક્ષસ્થાને પ્રિ-મોન્સુન કામગીરી અંગે બેઠક યોજાઈ

## ચોમાસાને સંલગ્ન જરૂરી ડિઝાસ્ટર પ્લાન તૈયાર કરવા અધિકારીઓને સૂચના અપાઈ

(પ્રતિનિધિ દ્વારા)


દ્વારકા, તા.૧૬



દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં નિવાસી અધિક કલેકટર શ્રી ભૂપેશ જોટાણીયાના અધ્યક્ષ સ્થાને વર્ષાઋતુ -૨૦૨૪ પ્રી-મોનસુન કામગીરી અંગેની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરે તળાવોની સફાઈ, વિવિધ વોકળા- નદીપટની સફાઈ, વોર્ડ કે તાલુકા અનુસાર રેસ્કયુ ટીમ બનાવવી, અગમચેતીના સંદેશા પહોંચાડવા માટેની નેટવર્કિંગ સિસ્ટમ, કંટ્રોલ રૂમમાં ફરજ સોંપણીના હુકમ તૈયાર કરવા, દરિયાકાંઠા અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા નાગરિકોની યાદી તૈયાર કરવી, અગરિયા, તરવૈયા સ્થળાંતર માટેના વાહનો અને આશ્રય સ્થળોની વ્યવસ્થા, પીવાનું પાણી, દવાની વ્યવસ્થા, વરસાદી પાણીનો નિકાલ, પશુઓ માટે રસીકરણ અને પૂરતા પ્રમાણમાં ઘાસચારાની વ્યવસ્થા સહિતની બાબતો પર વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ સાથે ચર્ચા કરી હતી. આ ઉપરાંત, ડેમ-કેનાલના દરવાજાની ચકાસણી અને સફાઈ, જરૂરી સ્થળો પર વાયરલેસ નેટવર્ક ગોઠવવા, તાલુકા કક્ષાએ ૨૪x૭ કંટ્રોલ યુનિટ સેટઅપ, કોઝવે પર સાઈન માર્ક કરવા, વૈકલ્પિક રસ્તાઓની યાદી, વીજળીના તૂટેલા તાર, જોખમી વીજ પોલ નિકાલની કામગીરી, અનાજ પુરવઠાની જાળવણી, આરોગ્ય કેન્દ્ર હોસ્પિટલોમાં સાધનો, દવાઓ, રસીનો પૂરતો સ્ટોક પહોંચાડવા,રોગચાળો ફેલાતો અટકાવવા જંતુનાશક દવાઓના જથ્થા, પશુઓનું રસીકરણ કરવું, જિલ્લા કંટ્રોલ રૂમ સાથે તમામ વિભાગોનું સંકલન બની રહે જેવા વિવિધ મુદ્દાઓ ઉપર જિલ્લા કલેકટરે ચર્ચા કરી હતી અને પ્રિ-મોન્સૂન અને પોસ્ટ મોનસૂન કામગીરીમાં કોઈપણ રીતે કચાસ ના રહે, કોઈ જાનહાનિ ના થાય તે માટે સર્વેને જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. આ બેઠકમાં નાયબ પોલીસ અધિક્ષક એમ.એમ.પરમાર, ખંભાળિયા પ્રાંત અધિકારી કે.કે.કરમટા તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વેરાવળ શહેરમાં રસ્તા ઉપર રખડતા પશુઓના ત્રાસને નાથવા માટે ઢોરને પકડવા કામગીરી હાથ ધરાઈ





(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ, તા.૧૬

પ્રાંત અધિકારી, વેરાવળ અને વેરાવળ નગરપાલિકા દ્વારા ઢોર પકડવાની ત્રણ દિવસથી ચાલી રહી છે સંયુક્ત કામગીરી વેરાવળ શહેરમાં રસ્તા ઉપર રખડતાં ઢોરોને પકડવાની કામગીરી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા છેલ્લાં ત્રણ દિવસથી હાથ ધરવામાં આવી છે. જેમાં રસ્તા પર રખડતા ઢોરોને પકડીને દૂર કરવામાં આવી રહ્યાં છે.

જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાની સૂચના અન્વયે પ્રાંત અધિકારીશ્રી, વેરાવળ અને વેરાવળ નગરપાલિકા દ્વારા ઢોર પકડવાની આ સંયુક્ત કામગીરી કરવામાં આવી હતી. છેલ્લાં ઘણાં સમયથી રોડ પર રખડતાં ઢોરના ઉપદ્રવને કારણે સોમનાથમાં દર્શન કરવા આવતા દર્શનાર્થીઓ તથા શહેરીજનોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો, તેને ધ્યાનમાં રાખીને જિલ્લા દ્વારા પકડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

### સુપ્રીમકોર્ટના CJI ચંદ્રચૂડનું નિવેદન

# જજ કોઈ રાજકુમાર નથી, એમનું કામ તો સેવા કરવાનું

## એક ન્યાયાધીશનો નિર્ણય અને તે નિર્ણય સુધી પહોંચવાની પ્રક્રિયામાં પારદર્શક હોવી જોઈએ : ડી.વાય.ચંદ્રચુડ

રિયો ડી જનેરિયો, તા.૧૬


બ્રાઝિલના રિયો ડી જનેરિયોમાં યોજાયેલા શિખર સંમેલનમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ ધનંજન વાય. ચંદ્રચુડે ભાગ લીધો હતો, જેમાં તેમણે સંબોધન દરમિયાન ન્યાયાધીશોના નિર્ણય મુદ્દે મહત્વનો સંદેશો આપ્યો છે. ડી.વાય.ચંદ્રચુડે શિખર સંમેલનમાં સંબોધન દરમિયાન કહ્યું કે, 'જજ કોઈ રાજકુમાર કે સર્વોપરી નથી, જજ જાહેર પદ પર બેઠેલા અધિકારી છે. જજ તિરસ્કાર કરનારા દોષિતોને દંડ ફટકારે છે તેમજ બીજાના જીવન પર મહત્વપૂર્ણ નિર્ણય લેતા હોય છે, તેથી તેમના નિર્ણય લેવાના રસ્તાઓ પારદર્શક હોવા જોઈએ. એક ન્યાયાધીશનો નિર્ણય અને તે નિર્ણય સુધી પહોંચવાની પ્રક્રિયામાં પારદર્શક હોવી જોઈએ. તેઓ તમામને એક દ્રષ્ટિએ ચાલનારા હોવા જોઈએ.'

તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉલ્લેખ કરીને કહ્યું કે, 'કોઈપણ કેસમાં સ્પષ્ટીકરણ ખૂબ મહત્વનું છે અને તે કેસ પર નિર્ણય કેમ લેવાયો અને કયા આધારે લેવામાં આવ્યો, તે જાણવું ખૂબ જ જરૂરી છે, તેથી એઆઈની મદદથી એવા કોઈપણ નિર્ણયો કરી શકાતા નથી. જજ તરીકે અમે ન તો ક્યાંયના રાજકુમાર છીએ અને ન તો સંપ્રભુ, જે કોઈપણ નિર્ણયના સ્પષ્ટીકરણની અવગણના કરી દઈએ. અમે સેવા કરનારા લોકો છીએ અને લોકોના અધિકારનું રક્ષણ કરનાર સમાજના સંચાલક છીએ.' સીજેઆઈએ વધુમાં કહ્યું કે, 'એક ન્યાયાધીશનો નિર્ણય અને તે નિર્ણય સુધી પહોંચવાનો રસ્તો પારદર્શક હોવો જોઈએ. જજનો નિર્ણય કાયદાકીય અભ્યા કરનારા લોકો અને સામાન્ય લોકોની સમજમાં આવે તેવો હોવો જોઈએ. ન્યાયાધીશોએ દરેક લોકો સાથે એક જેવો વ્યવહાર કરવાનો પ્રયાસ કરવો જોઈએ.' વિશ્વભરની ન્યાયિક પ્રણાલીમાં ટેકનોલોજીની ભૂમિકા અંગે તેમણે કહ્યું કે, 'ન્યાયિક પ્રણાલી નવીનતા અને પારદર્શક હોવી જોઈએ. ટેકનોલોજીના કારણે કાયદો અને સમાજ વચ્ચેનો સંબંધ મૌલિક રૂપે બદલાઈ ગયો છે. જેમ કે ટેકનોલોજી ન્યાયની પહોંચ વધારવા ઉપરાંત નિર્ણયમાં સુધારો કરવા માટે અગાઉના કેસમાં લેવાયેલા નિર્ણયોને પણ સામે રાખી શકે છે.' તેમણે ટેકનોલોજીનું ઉદાહરણ આપી કહ્યું કે, 'વીડિયો કોન્ફરન્સથી ૭.૫૦ લાખથી વધુ કેસોની સુનાવણી કરાઈ અને YouTube પર મહત્વપૂર્ણ બંધારણીય કેસોનું લાઈવ-સ્ટ્રીમ કરાયું.'

### સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય સંભળાવ્યો

# ૨૭ અઠવાડિયાથી વધુના ગર્ભના ગર્ભપાત કરવાની માંગ કરતી અરજી

## સુપ્રિમ કોર્ટે અરજીને લઈ ઇનકાર કર્યો અવલોકનમાં કહ્યું કે ગર્ભમાં રહેલા ભ્રુણને પણ જીવવાનો મૂળભૂત અધિકાર છે



નવી દિલ્હી, તા.૧૬

સુપ્રીમ કોર્ટે આજે મોટો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે ૨૦ વર્ષીય અપરિણીત મહિલા દ્વારા ૨૭ અઠવાડિયાથી વધુની તેની ગર્ભાવસ્થાને સમાપ્ત કરવાની માંગ કરતી અરજીને ધ્યાનમાં લેવાનો ઈનકાર કર્યો હતો, કહ્યું હતું કે ગર્ભમાં રહેલા ભ્રુણને પણ જીવવાનો મૂળભૂત અધિકાર છે. જસ્ટિસ બી આર ગવઈની આગેવાની હેઠળની બેન્ચે મહિલાની અરજી પર સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો, જેમાં દિલ્હી હાઈકોર્ટે ૩ મેના રોજ તેણીને ગર્ભાવસ્થા સમાપ્ત કરવાની પરવાનગી નકારી હતી.

જસ્ટિસ એસવી એન ભાટી અને જસ્ટિસ સંદીપ મહેતાની બનેલી સુપ્રીમ કોર્ટની બે જજની બેન્ચે અરજદારના વકીલને કહ્યું હતું કે, "અમે કાયદાની વિરુદ્ધ કોઈ આદેશ આપી શકીએ નહીં."

ખંડપીઠે પૂછ્યું, "ગર્ભાશયમાં રહેલા બાળકને પણ જીવનનો મૂળભૂત અધિકાર છે. આ અંગે તમે શું કહો છો?" મહિલાના વકીલે કહ્યું કે મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી (એમટીપી) કાયદો માત્ર માતાની વાત કરે છે."

ખંડપીઠે કહ્યું કે ગર્ભાવસ્થાનો સમયગાળો હવે સાત મહિનાને વટાવી ગયો છે, તો બાળકના જીવિત રહેવાના અધિકારનું શું? તમે આ કેવી રીતે સમજાવશો?" આના પર, અરજદારના વકીલે કહ્યું કે ભ્રૂણ ગર્ભમાં છે અને જ્યાં સુધી બાળકનો જન્મ ન થાય ત્યાં સુધી તે માતાનો અધિકાર છે.

વકીલે કહ્યું, "અરજીકર્તા એટલી ગંભીર પીડાદાયક સ્થિતિમાં છે કે તે તેમાંથી બહાર પણ આવી શકતી નથી.

તે NEET પરીક્ષા માટે ક્લાસ લઈ રહી છે. તે અત્યંત પીડાદાયક સ્થિતિમાં છે. તે આ સમયે સમાજની ટીકાનો સામનો કરી શકતી નથી.

વકીલે દલીલ કરી હતી કે તેની માનસિક અને શારીરિક તંદુરસ્તીને ધ્યાનમાં લેવી જોઈએ. આના પર ખંડપીઠે કહ્યું કે અમને માફ કરો.

### દહેજના મામલે અલ્હાબાદ હાઈકોર્ટનું સુચન

# લગ્નમાં મળેલી ભેટોની યાદી જરૂર બનાવો અને તેની પર વર-કન્યાની સહી કરાવો

અલ્હાબાદ, તા.૧૬

અલ્હાબાદ હાઈકોર્ટે એક કેસની સુનાવણીમાં કહ્યું કે લગ્નમાં મળેલી ભેટોની યાદી જરૂરથી બનાવી જોઈએ અને તેની પર વર અને કન્યા બંનેની સહી કરાવી જરૂરી છે. જેથી લગ્ન પછી સર્જાતા વિવાદમાં મદદ મળી રહે. કોર્ટે દહેજ પરના પ્રતિબંધને અનુલક્ષીને કાયદાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે કાયદા મુજબ વર-કન્યાને મળેલી ભેટની યાદી બનાવવી જોઈએ. જસ્ટિસ વિક્રમ ડી. ચૌહાણની બેન્ચે પૂછ્યું કે દહેજની માંગના આરોપો લગાવનારા લોકો પોતાની અરજી સાથે આવી યાદી કેમ નથી બનાવતા? દહેજ નિષેધ અધિનિયમને તેની સંપૂર્ણ ભાવનાથી અનુસરવામાં આવે તે જરૂરી છે. આ સિવાય હાઈકોર્ટે કહ્યું કે આ નિયમ દહેજ અને ભેટ વચ્ચેનો તફાવત સમજાવે છે. લગ્ન દરમિયાન વર કે કન્યાને મળેલી ભેટને દહેજમાં સમાવી શકાય નહીં. તેમજ સ્થળ પર જ મળેલી તમામ ભેટોની યાદી બનાવવી જોઈએ અને તેના પર વર અને કન્યા બંન્નેની સહી હોવી જોઈએ. જેનાથી ભવિષ્યમાં બિનજરૂરી આરોપોને અટકાવી શકાય છે. હાઈકોર્ટે બાર અને બેંચના અહેવાલ અનુસાર કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા દહેજ પ્રતિબંધ કાયદો, ૧૯૮૫ એ ભાવનાથી બનાવવામાં આવ્યો હતો કે ભારતમાં લગ્નમાં ભેટ આપવાનો રિવાજ છે. ભારતની પરંપરાને ધ્યાનમાં રાખીને ભેટ અલગ રાખવામાં આવી છે. આ જ કારણ છે કે જ્યારે યાદી બનાવવામાં આવશે તો બિનજરૂરી આરોપોથી બચી શકાશે. ઘણીવાર લગ્ન પછી વિવાદ થાય ત્યારે આવા આક્ષેપો કરવામાં આવે છે.

# દ્વારકાના સ્વામિનારાયણ આશ્રમ ખાતે ૨૬મી મેથી પ્રથમ વાર્ષિક પાટોત્સવ અંતર્ગત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ યોજાશે



(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૧૬

યાત્રાધામ દ્વારકામાં નાગેશ્વર રોડ ઉપર આવેલ શ્રી સ્વામિનારાયણ આશ્રમ ખાતે વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે દેવભૂમિ દ્વારકામાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજ આદિ દેવોના પ્રથમ વાર્ષિક પાટોત્સવ નિમિત્તે આગામી તા.૨૬-૫-૨૦૨૪ને રવિવારથી તા.૩૦-૫-૨૦૨૪ને ગુરૂવાર સુધી શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રેરક તથા સંસ્થાપક ગોવિંદપ્રસાદદાસજી સ્વામીના માર્ગદર્શનમાં યોજાનાર પંચાન્હ પારાયણ કથામાં દરરોજ સવારે ૯ થી ૧૧:૩૦ તથા બપોરે ૩ થી ૬ સુધી કથાવકતા શા.સ્વા. રાધારમણદાસજી (રાજકોટ-જામજોધપુર)ની સંગીતમય શૈલીમાં ઉપસ્થિત હરિભક્તોને કથાનું રસપાન કરાવવામાં આવશે. આ સંસ્થાના સ્થાપક સ્વામી ગોવિંદપ્રસાદજીએ તેમનું સંપૂર્ણ જીવન દ્વારકાના ગોમતી રોડ ઉપર આવેલ સ્વામિનારાયણ મંદિરમાં ધનશ્યામ મહારાજ તથા આવનારા હરિભક્તોની સેવામાં વ્યતિત કર્યુ છે. હાલમાં તેમણે હરિભક્તોના સહયોગથી કો.સ્વા જેપી સ્વામી તથા દીપુભગતના સહકારથી નવા સંકુલનું થોડા સમય પહેલા જ નિર્માણ કર્યું છે. આ નવા સંકુલમાં ધનશ્યામ મહારાજ તથા આદિ દેવોની અલૌકિક મૂર્તિઓ સ્થાપિત છે. હરિભક્તો માટે આ સંસ્થા એક દર્શનીય સ્થળ છે. તેમજ હરિભક્તો માટે રહેવા તથા ભોજન માટે તેમજ સત્સંગ માટે પણ અલાયદી વ્યવસ્થા ઉપલબ્ધ છે.

# દિપાંજલીમાં શ્રીમદ ભાગવત સપ્તાહમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૬





જૂનાગઢ દિપાંજલી-૨માં આવેલ રૂદ્ર હનુમાન મંદિરના પટાંગણમાં ચાલી રહેલ શ્રીમદ ભાગવત સપ્તાહમાં ગઈકાલે ભવ્ય શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી અને ભગવાન શ્રી કૃષ્ણને વધાવ્યા હતા. સપ્તાહમાં બધા ભગતો એ ગોવાળો ગોપી બની રાસ ગરબાની રમઝટ સાથે જગતનજા નાથ ભગવાન શ્રી કૃષ્ણને વધાવ્યા હતા.

નંદ ઘેર આનંદ ભૈયોના નાદ ગુંજી ઉઠયા હતા. શાસ્ત્રી હાર્દિકભાઈ ઠાકરે બહુ સરસ રીતે ભગવાન શ્રી કૃષ્ણ જન્મોત્સવને પીરસી હતી. મધુબેન જોશીના સંગીત ગ્રુપ દ્વારા પણ ભગવાન શ્રી કૃષ્ણના કિર્તન ગીત પીરસયા હતા. આમ રૂદ્ર હનુમાન મંદિરના પટાંગણમાં શ્રીમદ ભાગવત સપ્તાહમાં ધામધુમથી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

# નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયાના અધ્યક્ષ સ્થાને પ્રિ-મોન્સુન કામગીરી અંગે બેઠક યોજાઈ

## ચોમાસાને સંલગ્ન જરૂરી ડિઝાસ્ટર પ્લાન તૈયાર કરવા અધિકારીઓને સૂચના અપાઈ

(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૧૬

દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયાના અધ્યક્ષ સ્થાને વર્ષાઋતુ -૨૦૨૪ પ્રી-મોનસુન કામગીરી અંગેની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રીએ તળાવોની સફાઈ, વિવિધ વોકળા- નદીપટની સફાઈ, વોર્ડ કે તાલુકા અનુસાર રેસ્ક્યુ ટીમ બનાવવી, અગમચેતીના સંદેશા પહોંચાડવા માટેની નેટવર્કિંગ સિસ્ટમ, કંટ્રોલ રૂમમાં ફરજ સોંપણીના હુકમ તૈયાર કરવા, દરિયાકાંઠા અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા નાગરિકોની યાદી તૈયાર કરવી, અગરિયા, તરવૈયા સ્થળાંતર માટેના વાહનો અને આશ્રય સ્થળોની વ્યવસ્થા, પીવાનું પાણી, દવાની વ્યવસ્થા, વરસાદી પાણીનો નિકાલ, પશુઓ માટે રસીકરણ અને પૂરતા પ્રમાણમાં ઘાસચારાની વ્યવસ્થા સહિતની બાબતો પર વિવિધ વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. આ ઉપરાંત, ડેમ-કેનાલના દરવાજાની ચકાસણી અને સફાઈ, જરૂરી સ્થળો પર વાયરલેસ નેટવર્ક ગોઠવવા, તાલુકા કક્ષાએ ૨૪*૭ કંટ્રોલ યુનિટ સેટઅપ, કોઝવે ઉપર સાઈન માર્ક કરવા, વૈકલ્પિક રસ્તાઓની યાદી, વીજળીના તૂટેલા તાર, જોખમી વીજ પોલ નિકાલની કામગીરી, અનાજ પુરવઠાની જાળવણી, આરોગ્ય કેન્દ્ર હોસ્પિટલોમાં સાધનો, દવાઓ, રસીનો પૂરતો સ્ટોક પહોંચાડવા,રોગચાળો ફેલાતો અટકાવવા જંતુનાશક દવાઓના જથ્થા, પશુઓનું રસીકરણ કરવું, જિલ્લા કંટ્રોલ રૂમ સાથે તમામ વિભાગોનું સંકલન બની રહે જેવા વિવિધ મુદ્દાઓ ઉપર નિવાસી અધિક કલેકટરએ ચર્ચા કરી હતી અને પ્રિ-મોન્સૂન અને પોસ્ટ મોનસૂન કામગીરીમાં કોઈપણ રીતે કચાસ ના રહે, કોઈ જાનહાનિ ના થાય તે માટે સર્વેને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ બેઠકમાં નાયબ પોલીસ અધિક્ષક એમ.એમ.પરમાર, ખંભાળિયા પ્રાંત અધિકારી કે.કે.કરમટા તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયા શહેરમાં દૂષિત પાણીનું થતું વિતરણ : લોકોમાં ચિંતા



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૬

## ડેડ વોટર લેવલ તેમજ પવનના કારણે પાણીમાં ડહોળાશ : નગરપાલિકા



ખંભાળિયા શહેરમાં આજરોજ નગરપાલિકા દ્વારા વિતરણ કરવામાં આવેલું પાણી ડહોળું તેમજ દુર્ગંધયુક્ત હોવા અંગેની ફરિયાદો નગરજનોમાં ઊઠવા પામી છે. જોકે હાલ તળિયા ઝાટક રહેલા ઘી ડેમ તેમજ તેજ પવનના કારણે પાણીમાં ડહોળાશ હોવા અંગેનો ખુલાસો પાલિકા તંત્રએ કર્યો હતો.

ખંભાળિયા શહેરમાં ઘી ડેમ મારફતે સંગ્રહિત થયેલું પાણી નળ વાટે વિતરણ કરવામાં આવે છે. ત્યારે આજરોજ શહેરના જુદા જુદા વિસ્તારોમાં નગરપાલિકા દ્વારા આપવામાં આવેલો પાણી પુરવઠો ડહોળાશભર્યો તેમજ દુર્ગંધયુક્ત હોવા અંગેની ફરિયાદો નગરજનોમાંથી ઉઠી હતી. લોકોએ પાણી ભરેલી ડોલમાં તળિયું પણ ન જોઈ શકાય તેવી ડહોળાશ આજના પાણીમાં જોવા મળી હતી. આટલું જ નહીં, આ પાણીમાં ફીણ તેમજ કેટલાક સ્થળોએ દુર્ગંધ હોવા અંગેની ફરિયાદો પણ લોકોએ કરી હતી. આ અંગે નગરપાલિકાના ઈજનેર એન.આર. નંદાણીયાએ જણાવ્યું હતું કે હાલ ઘી ડેમમાં ડેડ વોટર લેવલ સુધીનું જ પાણી બચ્યું છે. જેમાં એક થી દોઢ માસ ચાલે જેટલું ચાલે તેટલો પુરવઠો છે. હાલ તેજ પવન હોવાના કારણે આ પાણીમાં ડહોળાશ વધી જાય છે. નગરપાલિકા તંત્ર દ્વારા હાલ ક્લોરીનેશનનું પ્રમાણ પણ વધારી દેવામાં આવ્યું છે અને આ પાણીથી લોકોના સ્વાસ્થ્યને હાની ન પહોંચે તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. આગામી દિવસોમાં શહેરને નર્મદાના નીર મળે તે માટે પણ નગરપાલિકા તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું પણ શ્રી નંદાણીયાએ વધુમાં ઉમેર્યું હતું. હાલ દૂષિત જેવા આ પાણીથી લોકોની ચિંતામાં પણ વધારો થયો છે.

# ખંભાળિયાની લોહાણા કન્યા છાત્રાલયનું સો ટકા પરિણામ



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૬

રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૪ માં લેવામાં આવેલી ધોરણ ૧૦ તથા ૧૨ ના બોર્ડની જુદી જુદી પરીક્ષાઓમાં ખંભાળિયાની જાણીતી રઘુવંશી મહિલા સેવા સંસ્થા માતૃશ્રી સંતોકબેન ગોરધનદાસ મપારા લોહાણા કન્યા છાત્રાલયની તમામ વિદ્યાર્થીનીઓએ ઉત્તિર્ણ થઈ લોહાણા કન્યા છાત્રાલયનું ગૌરવ વધાર્યું છે. આ છાત્રાલયમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની દ્રષ્ટિ લધાણીએ ૭૪ ટકા, સીમરન સોનેચાએ ૭૩ ટકા તેમજ દસમા ધોરણમાં શિવાની બથીયાએ ૭૦ ટકા મેળવ્યા છે. આ સાથે અન્ય તમામ વિદ્યાર્થીનીઓએ નોંધપાત્ર ગુણ મેળવીને સફળતા સાથે પરીક્ષાઓ પાસ પાસ કરી છે. આ કન્યા છાત્રાલયના અનુભવી ગૃહમાતા મૃદુલાબેન તન્ના તેમજ અન્ય શિક્ષણવિદો પાસેથી નિયમિત રૂપે છાત્રાલય ખાતે જ દીકરીઓએ ઉચ્ચ શિક્ષણ અને માર્ગદર્શન મેળવી અથાગ પ્રયત્નો દ્વારા આ સિદ્ધિ હાંસલ કરી છે. જે બદલ મુંબઈ ખાતેના છાત્રાલયના ટ્રસ્ટ પ્રમુખ દીપુભાઈ તન્ના તેમજ તમામ ટ્રસ્ટીઓ તથા અહીં ખાતેના અહીંના ટ્રસ્ટી ડો. કાશ્મીરાબેન રાયઠઠા, ઉષાબેન તન્ના, ધીરેનભાઈ બદીયાણી તેમજ વિનોદભાઈ પંચમતીયાએ તમામ વિદ્યાર્થીનીઓને શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવ્યા હતા.

# જૂનાગઢ અને સોંદરડામાં અપમૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢનાં મજેવડી ગેઈટ પાસે હિતેશ રતીલાલભાઈ (ઉ.વ. ૩૯) તા. ૪ મેનાં રોજ સિવીલ હોસ્પીટલમાં સારવારમાં જતા તા. ૬ મેનાં રોજ મૃત્યું પામતાં બીડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. કેશોદનાં સોંદરડા ગામનાં બાબુભાઈ મેઘજીભાઈ ભાલોડીયા (ઉ.વ. ૭૦) પોતાની વાડીખે થાંભલો ખોડતા તે દરમ્યાન પડી જતા માથાના ભાગે કપાળમાં નીચે પડેલ પથ્થર વાગી જતાં મૃત્યું પામેલ છે.


# જૂનાગઢના સરગવાડા ગામનું ગૌરવ, મજુરીકામ કરતા પીતાના પુત્રએ ૧૨ સાયન્સમાં ૯૬ ટકા માર્કસ મેળવ્યા



(રેનિશ મહેતા દ્વારા)
ભેસાણ તા.૧૬

"કદમ અસ્થિર હોય જેના તેને કદી રસ્તો નથી જડતો, અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી પડતો " કહેવતને સરગવાડા ગામના રોનક દિનેશભાઈ વાઘેલાએ ખરા અર્થમાં સાર્થક કરી બતાવી છે. રોનક વાઘેલા સાધારણ કુટુંબમાં જન્મેલ અને તેના પિતા લુહારી કામની મજૂરી કરે છે માતા-પિતા થોડું ભણેલ હોવા છતાં તેને તેના બાળકોને ભણાવવાની ધગશ હતી જેથી તેમણે તેમના બંને સંતાનોને ભણાવવાની જવાબદારી સરગવાડા ગામની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક જે.બી. ચૌહાણને સોંપી શિક્ષક જે.બી. ચૌહાણ પરોપકારી ભાવના ધરાવતા શિક્ષણ એટલે તેમણે તરત જ આ બંને બાળકોના માર્ગદર્શન અને ઉછેર સહિતની જવાબદારી સ્વીકારી લીધી. બાળકોને સરગવાડા પ્રાથમિક શાળામાં શિક્ષણ લીધું તેમાં નિવૃત્ત થયેલ ગુરૂ શિક્ષક તરીકે ફરજ બજાવતા જમનાદાસ બી. ચૌહાણ ધોરણ ૧ થી પમાં અભ્યાસ કર્યો તેને વાલીને બોલાવીને કીધું કે તમારા બંને બાળકો હોશિયાર છે તો તેને નવોદય વિદ્યાલયમાં પરીક્ષા આપજો તેનું પ્રથમ બાળક હિમાંશુ દિનેશ વઘેરા નવોદય વિદ્યાલયમાં પાસ થયો અને તે ધોરણ ૬ થી ૧૨ ધોરણ નવોદય વિદ્યાલયમાં કોડીનારમાં ભણેલ તેને નીટમાં ૫૮૦ માર્ક મળેલ આજે તે વડોદરા એમ.બી.બી.એસ માં સરકારી કોલેજમાં બીજા વર્ષમાં અભ્યાસ કરે છે.૧ થી ૧૨ ધોરણ સુધી ફકત તેના ગુરૂ શ્રી જમનાદાસ બી.ના જ સંપર્કમાં રહીને દીકરાની જેમ માર્ગદર્શન પૂરી મહેનત કરેલ હતી. મારો એક બાળક નવોદયમાં ગયો હતો. મારો બીજો પુત્ર રોનક દિનેશ વાઘેલા પણ સાહેબ પાસે ૧ થી ૫ અભ્યાસ કરેલ તે પણ નવોદય વિદ્યાલયમાં પાસ કરેલ તે નવોદય વિદ્યાલય જૂનાગઢમાં ૬ થી ૧૦ ધોરણ અભ્યાસ કરી તેના ગુરૂ જમનાદાસ બી. ચૌહાણના માર્ગદર્શન અને રાજ્ય સરકારના અનુસૂચિત જાતિ વિદ્યાર્થીઓને સીબીએસઈ માન્ય સંસ્થા જે બાળકોના માતા-પિતા ગરીબ હોય તેઓને શાળાઓમાં વિનામૂલ્યે ઉચ્ચ શિક્ષણ માટે એનઈટીએસ પરીક્ષા આપેલ તે પાસ થતા તે મોરબી તાલુકાની નાલંદા વિદ્યાલય બેસ્ટ શાળામાં એડમિશન મળતા ત્યાં ૧૧થી ૧૨ અભ્યાસ કરેલ તે શાળામાં સાયન્સના તમામ શિક્ષકોએ પ્રેમ અને લગ્ન અન્ય અભ્યાસ પ્રત્યે ખૂબ ધ્યાન આપેલ આજે સને ૨૦૨૪ માં તેણે ૧૨ સાયન્સમાં ૯૬% મેળવી અમારા કુળનું ગૌરવ વધારેલ છે મારા બંને પુત્રને જમનાદાસ બી ચૌહાણ એ બંને પુત્રને પૂરેપૂરૂ માર્ગદર્શન અને નિયમિત સંપર્શને કારણે આજે મારા બંને પુત્ર એક ડોક્ટર ચાલુ છે અને બીજો ડોક્ટર બનશે. તેના ગુરૂને આભારી છે.

# ઉના : સ્કોર્પીયોનાં ચાલકે કાબુ ગુમાવતાં એકનું મોત : ૯ને ઈજા






(નિરવ ગઢીયા દ્વારા)
ઉના તા.૧૬

ઉના શિવાજી પાર્ક પાસે આજે સવારે ૭:૦૦ વાગે સ્કોર્પિયો ફોરવીલ સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા ઉના શહેરની ખાઉધરી ગલીમાં આવેલ રોડ ઉપરની દુકાન નાઘેર પાઉંભાજીમાં scorpio ફોરવ્હીલ ગાડી ધસી આવી દુકાનની બહાર સૂતેલા એક વ્યક્તિની જીવ લઈ લીધો હતો. આ સિવાય એક બાઈકને પણ હડફેટે લીધી ઉના શહેરના મુખ્ય માર્ગ ઉપર આ ઘટના બનતા લોકોના ટોળા એકઠા થયેલ હતા. કારમાં સવાર પરિવારને પણ નવ લોકોને ઈજા પહોંચતા મહેતા હોસ્પિટલ ખાનગીમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગે પોલીસ ઘટના સ્થળે પહોંચી ફરિયાદ નોંધવાની તજવી જ હાથ ધરી હતી.

# કણકોટ સરકારી ઈજનેર કોલેજ, મતગણતરી કેન્દ્ર ખાતે સ્ટ્રોંગરૂમ અને સુરક્ષા વ્યવસ્થાનું એ.આર.ઓ. રાજેશ્રી વાંગવાણીએ ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું



(પંકજ ઝીબા દ્વારા)
રાજકોટ તા.૧૬

રાજકોટ લોકસભા સંસદીય બેઠક માટે કણકોટ સરકારી ઈજનેર કોલેજ ખાતે આગામી તા. ૪ જૂનના રોજ મતગણતરી કરવામાં આવનાર છે.


મતદાન પૂર્ણ થયા બાદ તમામ ઈ.વી.એમ. અને વી.વી.પેટને કાલાવડ રોડ કણકોટ સરકારી ઈજનેર કોલેજ ખાતે લશ્કરી દળોના જવાનોની નિગરાની હેઠળ સુરક્ષિત રાખવામાં આવ્યા છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ ઈ.વી.એમ. અને વી.વી.પેટ માટે ત્રી સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ત્રી સ્તરીય સુરક્ષા વ્યવસ્થામાં મતગણતરી કેન્દ્રનું મુખ્ય પ્રવેશદ્વાર, બિલ્ડીંગ તેમજ કેન્દ્રના તમામ રૂમ પર સુરક્ષા દળના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. ત્યારે એ.આર.ઓ. રાજેશ્રી વાંગવાણીએ સ્ટ્રોંગરૂમ, સીલીંગરૂમ તથા કંટ્રોલરૂમની સમગ્ર સુરક્ષા વ્યવસ્થાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી હિટવેવની આગાહીને ધ્યાને રાખીને કણકોટ સરકારી ઈજનેર કોલેજ ખાતે સુરક્ષા માટે સતત ખડેપગે રહેતા જવાનો તથા સ્ટાફની તબિયતની પણ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કાળજી રાખવામાં આવી રહી છે. તે માટે મેડીકલ, ફાયર બ્રીગેડના જવાનો સહીતનો સ્ટાફ ૨૪*૭ ફરજ નિભાવી રહ્યો છે. કંટ્રોલરૂમની સુરક્ષા માટે ૨૪*૭ ક્લાસ વન અધિકારીઓને ફરજ ઉપર નિયુક્ત કરવામાં આવ્યા છે.

# માણાવદરમાં ઘનઘોર વાદળો ગોરંભાયા અને ઝાપટાં પડતાં દોડધામ મચી

(પ્રતિનિધિ દ્વારા)
માણાવદર તા.૧૬

માણાવદરમાં આજે સવારે ઘનઘોર વાદળો ગોરંભાયા અને ઝાપટાં પડયા હતાં. છેલા અનેક દિવસોથી ભારે ગરમીથી પશુપક્ષી અને પ્રજાજનો ત્રસ્ત હતા જેમાં કાલે સાંજે વાતાવરણ એકદમ અલગ જ પ્રકારનો પલ્ટો આવ્યો હતો અને આજે સવારે ઝાપટાં પડ્યાં હતા. જેમાં શહેરમાં ખુલ્લામાં પડેલ વસ્તુઓ અને જીનીગમાં પડેલ કપાસ ગાંસડીને ઢાંકવા દોડધામ મચી ગઈ હતી. હજી વાતાવરણ એકદમ ઘનઘોર વાદળો ગોરંભાયા છે, ઉકળાટ અનુભવ્યો છે. ઝાપટાં પડતાં કેરીના ભાવ વધુ ઊંચકાયા છે. હજી વાતાવરણ વરસાદ આવે તેવું લાગે છે. વરસાદથી માર્ગો ભીના થયા હતા અને વરસાદથી થોડી ક્ષણો માટે ઠંડક પ્રસરી હતી.

# ફિશીંગ નેટમાં ફસાયો અજગર : સેવાભાવી દ્વારા રેસક્યુ કરીને અપાઈ સારવાર



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૬

ભાણવડ નજીક આવેલા એક વાડી વિસ્તારમાં ફિશીંગ નેટમાં આશરે છ ફૂટનો એક અજગર ફસાયેલો હોવા અંગેની જાણ વાડી માલિકે ભાણવડના જીવદયા પ્રેમી રેસ્ક્યુઅર અશોકભાઈ ભટ્ટને જાણ કરતા તેઓએ તુરત આ સ્થળ ઉપર પહોંચીને લાંબી જહેમત બાદ નેટમાં ફસાયેલા આ વિશાળ અજગરનું રેસક્યુ કર્યું હતું. ત્યાર બાદ આ અજગરને પ્રાથમિક સારવાર આપી અને પ્રાકૃતિક આવાસમાં મુક્ત કરાયો હતો. આ રેસ્ક્યુ ઓપરેશનમાં વિજયભાઈ ખુંટી અને વિશાલ પણ જોડાયા હતા.

# સોની સમાજ જૂનાગઢનું ગૌરવ



જૂનાગઢ તા.૧૬

સરસ્વતી સ્કૂલની વિદ્યાર્થીનીને ધોરણ ૧૨ કોમર્સમાં ૭૦૦માંથી ૬૬૫ માર્ક મળ્યા છે. તેમાં બે વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ માર્ક મળ્યા છે. સ્ટેટેસ્ટિક અને બીએ વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ માર્ક મળ્યા છે. એકાઉન્ટમાં ૯૯, ઈકોનોમિકસમાં ૯૮, એસ.પી. એન્ડ સીસીમાં ૯૭, ગુજરાતીમાં ૮૮ તથા અંગ્રેજીમાં ૮૩ માર્ક મળ્યા છે. કડેચા ઝરણાએ જણાવ્યું કે, આ સિધ્ધી મેળવવામાં મારી મહેનતની સાથે સાથે મારા માતા-પિતા અને શિક્ષકોની પણ મહેનત છે. એક જ દિવસમાં હું ત્રણ થી ચાર પેપર લખતી હતી.

# એ.બી.વી.પી. દ્વારા ઓખા મંડળમાં ગ્રામ્ય જીવન દર્શન કાર્યક્રમ





(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૧૬ : ખંભાળિયા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા "ગ્રામ્ય જીવન દર્શન - અનુભૂતિ ૨૦૨૪ "નું તાજેતરમાં ત્રિદિવસીય આયોજન ઓખા - દ્વારકા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા આ કાર્યક્રમ "ગામને જાણો અને ગામને માણો" એવા હેતુથી દર વર્ષે આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં ગુજરાતમાંથી આશરે ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. જેમાં વિદ્યાર્થીઓએ દ્વારકા, બેટ દ્વારકા અને ઓખાના અલગ અલગ ગામડાઓમાં જઈ, અને ઐતિહાસિક અને પૌરાણિક સ્થળોની માહિતી

# રવનીનાં ચકચારી ડબલ મર્ડર કેસનાં તમામ સાત આરોપીઓ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ જીલ્લાનાં વંથલી તાલુકાનાં રવની ગામની સીમમાં જુની અદાવત અને વેરઝેરનાં કારણે પિતા-પુત્ર સહિતની હત્યાનો બનાવ બન્યો હતો. ગત તા. ૧૦ મેનાં રોજ રાત્રીનાં ૯.૩૦ કલાકે આ ઘટના બની હતી. ડબલ મર્ડરને અંજામ આપ્યા બાદ આ ઘટનાનાં તમામ સાત આરોપીઓ ફરાર થઈ ગયા હતાં. પોલીસે આરોપીઓને ઝડપી લેવા ભારે દોડધામ કરી હતી. જયારે આજે પોલીસે આ ઘટનામાં સંડોવાયેલા તમામ સાત આરોપીઓને ઝડપી લેવામાં સફળતા મળી છે.

આ બનાવ અંગે ડીવાયએસપી બી.સી. ઠકકરે કહયું કે તમામ ૭ આરોપીઓ ઝડપાઈ ગયા છે. આજે બપોરે જીલ્લા પોલીસ વડા દ્વારા પ્રેસ કોન્ફરન્સ બોલાવી તમામ વિગતો જાહેર કરવામાં આવશે. સુત્રોનાં જણાવ્યા મુજબ તમામ ૭ આરોપીઓમાં (૧) રહિમ ઉર્ફે ખુરી ઈશાભાઈ સાંધ, રહે. ઝાંપોદડ (૨) જુમાભાઈ હબીબભાઈ સાંધ રહે. રવની, (૩) હનીફ ઈસ્માઈલભાઈ સાંધ રહે. રવની (૪) અબ્દુલ ઉર્ફે અબ્લો ઈબ્રાહીમ સાંધ રહે. રવની, (૫) ઈસ્માઈલ ઈબ્રાહીમ સાંધ રહે. રવની (૬) પોલાભાઈ યુસુફભાઈ સાંધ રહે. ઝાંપોદડ (૭) હુસેન અલારખા સાંધ રહે. રવનીવાળાનો સમાવેશ થાય છે જે તમામની ધરપકડ કરી લેવામાં આવી છે. અને હવે રીમાન્ડની માંગણી સાથે અદાલતમાં રજુ કરવામાં આવશે તેવું જાણવા મળે છે. ઉપરોકત આરોપીઓને ઝડપી લેવા માટે પોલીસ દ્વારા વ્યાપક કાર્યવાહી કરવામાં આવી હતી. અને જુદી જુદી ટીમો બનાવી સઘન કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં પોલીસને સફળતા મળતા તમામ સાત આરોપીઓ ઝડપાઈ ગયા છે. ઉપરોકત આરોપીઓએ રવની ગામની સીમમાં પિતા-પુત્રની હત્યા કરી હતી. જેમાં મરણજનારમાં રવનીનાં રહીશ રફીકભાઈ આમદભાઈ સાંધ અને તેનાં પુત્ર જીહાન રફીકભાઈ સાંધની હત્યા કરવામાં આવી હતી. આ બનાવ અંગે હુસેનભાઈ ઉમરભાઈ સાંધ (ઉ.વ. ૬૦) રવનીવાળાએ ઉપરોકત આરોપીઓ સામે વંથલી પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી. આમ ડબલ મર્ડરની ઘટનામાં પાંચ દિવસ બાદ આરોપીઓને ઝડપી લેવામાં પોલીસને સફળતા મળી છે.

## વાતાવરણમાં અચાનક ફેરફાર

# જૂનાગઢમાં બપોરે-ગરમી, સાંજે-વરસાદી ઝાપટું, રાત્રે-મિની વાવાઝોડું

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ શહેરમાં બુધવારે વાતાવરણમાં અચાનક ભારે ફેરફાર જોવા મળ્યો હતો. બપોરે આકરી ગરમી પડી હતી, સાંજના જોરદાર વરસાદી ઝાપટું પડ્યું હતું અને રાત્રિના મિની વાવાઝોડા જેવો પવન ફૂંકાતા ધૂળની ડમરી ઉઠી હતી.જોકે, કમોસમી વરસાદ પડતા સાંજના સમયથી વાતાવરણમાં થોડી ઠંડક પ્રસરી ગઈ હતી. વરસાદના કારણે માર્ગો પર પાણી દોડવા લાગ્યા હતા. અચાનક ઝાપટું પડતા અનેક લોકો- વાહન ચાલકોએ વરસાદમાં પલળવાથી બચવા દુકાનોના છાપરાનો આશરો લેવો પડ્યો હતો.

હવામાન વિભાગ દ્વારા ૧૬ મે સુધીમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. બુધવારે અચાનક વાતાવરણમાં ભારે ફેરફાર જોવા મળ્યો હતો. સવારથી જ સૂર્યનારાયણ ભગવાન લાલઘૂમ થઈ ગયા હોય તેમ આકરી ગરમી જોવા મળી હતી અને મહત્તમ તાપમાન ૪૨.૫ ડિગ્રીએ પહોંચી ગયું હતું. ત્યાં સાંજના સમયે ફરી વાતાવરણમાં ફેરફાર આવ્યો હતો. આકાશમાં કાળા ભમ્મર વાદળો ચડી આવ્યા હતા અને સૂર્ય નારાયણ ભગવાનને ઘેરી લીધા હતા. બાદમાં જોરદાર વરસાદી ઝાપટું પડ્યું હતું. અચાનક વરસાદ શરૂ થતા વરસાદમાં પલળવાથી બચવા અનેક લોકો- વાહન ચાલકો વાહનો પાર્ક કરી દુકાનોના ઓટલાનો આશરો લીધો હતો. જૂનાગઢ શહેરમાં બુધવારે રાત્રે જોરદાર પવન સાથે મિની વાવાઝોડું ફૂંકાયું હતું. જોકે, સાથે વરસાદ ન હોય અનેક સ્થળે ધૂળની ડમરીઓ ઉઠી હતી અને વૃક્ષો ઝૂલવા માંડ્યા હતા.

માવઠાની અસર કાળવા ચોક, દાતાર રોડ, માંગનાથ રોડ, એમ. જી. રોડ, આઝાદ ચોક, ગાંધીચોક, રેલવે સ્ટેશન, દોલતપરા, જીઆઈડીસી, ઝાંઝરડા રોડ, મધુરમ, ટીંબાવાડી સહિત શહેરભરમાં રહેવા પામી હતી જેથી તમામ વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો.

## જૂનાગઢ શહેરમાં માવઠાથી મેલેરીયા, ડેન્ગ્યુ જેવા રોગો માથુ ઉંચકશે : સિવિલ સર્જન

### ગરમીને લઈ ઝાડા- ઉલ્ટીના કેસ વધ્યા, રોજ ૨૦ થી વધુને બાટલા ચડાવવા પડે

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢમાં હાલ વાતાવરણમાં સતત ફેરફાર જોવા મળી રહ્યો છે. આગામી બે- ત્રણ દિવસ સુધી હવામાન વિભાગ દ્વારા માવઠાની પણ આગાહી કરવામાં આવી છે. માવઠુ પડશે તો પાણી, મચ્છર જન્ય રોગોની માથુ ઉંચકવાની ભિતી સેવાય રહી છે. હાલમાં જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ગરમીને લઈને ઝાડા- ઉલ્ટીના કેસોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને રોજના ઝાડા- ઉલ્ટીના ૨૦ થી વધારે દર્દીને તો દાખલ કરી બાટલા પણ ચડાવવા પડી રહ્યા છે. જૂનાગઢ સિવિલ હોસ્પિટલ સુપ્રિટેન્ડન્ટ ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટે જણાવ્યુ કે, હાલમાં સિવિલ હોસ્પિટલમાં જનરલ વોર્ડમાં ઝાડા- ઉલ્ટીના દર્દીઓ વધારે પ્રમાણમાં જોવા મળી રહ્યા છે. આગામી સમયમાં હવામાન વિભાગ દ્વારા માવઠાની આગાહી કરવામાં આવેલ છે. જો માવઠુ થશે તો પાણીનો ભરાવો રહેતા વિસ્તારોમાં રોગોચાળો વધવાની સંભાવના છે. ખાસ કરીને મેલેરીયા અને ડેન્ગયુ જેવા રોગોની ભિતી છે. હાલમાં થોડા દિવસી આકરી ગરમી પણ પડી રહી છે. તેમજ લગ્ન પ્રસંગની સિઝનમાં લોકો તળેલુ, ઠંડી વસ્તુનુ વધારે સેવન કરતા હોવાથી ડીહાઈડ્રેશન થાય છે. સિવિલમાં રોજના ૨૦ થી વધારે દર્દીને ઝાડા- ઉલ્ટીની વધારે અસર થવાથી બાટલા ચડાવવા પડે છે. આમ, આગામી સમયમાં માવઠાની આગાહીને લઈને મેલેરીયા, ડેન્ગ્યુ જેવા રોગો વધવાની સંભાવના છે. હાલમાં ગરમીને લઈને ઝાડા- ઉલ્ટીના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ઉપરાંત આગામી બે- ત્રણ દિવસ સુધી હવામાન વિભાગ દ્વારા માવઠાની આગાહી કરાય છે. જેને લઈને તબીબ દ્વારા જણાવાયુ છે કે, બાળકો, વૃદ્ધો આ સમયમાં બહાર નિકળવાનુ ટાળે અને આકરી ગરમીમાં ઠંડો ખોરાક, બહારની વસ્તુનુ સેવન ઓછા પ્રમાણ કરવુ એ હિતાવહ છે.

## જૂનાગઢ નરસિંહ સરોવરનું કામ જલ્દી પૂર્ણ કરવા મુખ્યમંત્રીને પત્ર

જૂનાગઢ તા. ૧૬

નરસિંહ મહેતા તળાવના બ્યુટિફિકેશનની ગોકળગાયની ગતિથી ચાલતી કામગીરીથી જૂનાગઢ શહેર પર ફરી પુર હોનારત થવાની ભીતિ વ્યકત કરાઈ છે.ખાસ કરીને મનપાના અધિકારી, કોન્ટ્રાકટરની બેદરકારીના કારણે ગત વર્ષે લોકોના ઘરમાં પાણી ઘુંસ્યા હતા. ત્યારે હવે ફરી આવી સ્થિતી નિર્માણ ન પામે તે માટે નરસિંહ સરોવરની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા જૂનાગઢના ધારાસભ્યએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પાઠવેલા પત્રમાં જૂનાગઢના ધારાસભ્યએ જણાવ્યું છે કે, ગોકળગાયની ગતિથી ચાલી રહેલી તળાવના નવિનીકરણની કામગીરીથી ફરી કૃત્રિમ પુર હોનારત ઉભી થવાની દહેશત છે. ત્યારે આવી સ્થિતી ફરી નિર્માણ પામે તે પહેલા પ્રિ - એકશન પ્લાન તૈયાર કરવો જોઈએ. ગત વર્ષે શહેરમાં આ કામગીરીમાં કોન્ટ્રાકટર અને અધિકારીઓની બેદરકારીને કારણે વરસાદના પાણી રહેણાંક વિસ્તારોમાં ઘુસ્યા હતા. જેના કારણે કૃત્રિમ પુર હોનારતની પરિસ્થિતી ઉભી થતા લોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. હાલ કામની મુદત પણ પૂર્ણ થયેલ છે, પરંતુ કામ પૂર્ણ થયેલ નથી. હવે ચોમાસાને દોઢ માસ જેવો સમય બાકી છે. હાલની કામની ધીમી ગતિ જોતા દોઢ માસમાં કામ પુરૂં થાય તેવું લાગતું નથી. તળાવ આસપાસના રહેણાંક વિસ્તારમાં નાના - મધ્યમ વર્ગિય પરિવારો રહે છે, જેની આર્થિક પરિસ્થિતી સાવ સાધારણ છે. જો ફરીથી વરસાદ થશે એટલે ગત વર્ષની જેમ કૃત્રિમ હોનારત સર્જાશે તો તેમની હાલત કફોડી થશે. ત્યાં દિવાલ નબળી હોવાના કારણે સર્જાનાર પરિસ્થિતીની અસર આ લોકોને થશે એના જવાબદાર કોણ રહેશે તેનો જવાબ કોર્પોરેશને આપવો જોઈએ. ટૂંકમાં આ કામગીરી સત્વરે પૂર્ણ કરવા મહાનગરપાલિકાને સીએમ કાર્યાલયથી આદેશ થાય તેવી માંગ કરાઈ છે.

## તરલ ભટ્ટ તોડકાંડમાં એએસઆઈની જામીન અરજી ફગાવાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢમાં તોડકાંડમાં આરોપી પીઆઈ તરલ ભટ્ટ કેસમાં આરોપી સસ્પેન્ડેડ એએસઆઈ દિપક જગજીવનભાઈ જાની (ઉ. ૪૫) એ જામીન અરજી કરી હતી. જેમાં એવી દલીલ કરી છેકે, કોઈપણ એકાઉન્ટ ફ્રીઝ કે અનફ્રીઝ કરવાની સતા તેમને નથી. તેમણે ફક્ત પીઆઈ ગોહિલની સુચના મુજબ કોમ્પ્યુટરની કામગિરી કરી છે. મૂળ ફરિયાદી કાર્થિક ભંડેરીએ તેમની વિરૂદ્ધ ખોટા આક્ષેપો કર્યા છે. પીઆઈ ગોહિલ અધિકારી હોઈ અને રાજકીય વગ ધરાવતા હોઈ તેમની સામે સમરી ભરી છે. આથી પોતાને પણ સાહેદ તરીકે લઈ પોતાની વિરૂદ્ધ પણ સમરી ભરવામાં આવે. પોતે પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી છે. આજ સુધી પોતાની સામે કોઈ અરજી કે ફરિયાદ થઈ નથી. આની સામે જિલ્લા સરકારી વકીલ નિરવ પુરોહિતે એવી દલીલ કરી હતી કે, આરોપીએજ સીધા મૂળ ફરિયાદી કાર્થિક ભંડેરી પાસેથી પીઆઈ ગોહિલના નામે પૈસાની માંગણી કરી છે. આથી તે મુખ્ય આરોપી છે. સહ આરોપી દીપ શાહને હાઈકોર્ટે જામીન આપ્યા તેનો રોલ અલગ છે. આથી સમાનતાનો સિદ્ધાંત આરોપીને લાગુ પડી શકાય નહીં. વળી તે પોલીસ કર્મચારી છે. તેને સાક્ષીઓને કઈ રીતે તોડી ફોડી શકાય એની જાણ છે. આથી જો તેને જામીન પર મુક્ત કરાય તો ફરિયાદપક્ષના સાહેદોને ધાક ધમકી આપે અને પુરાવા સાથે ચેડાં કરે એવી પૂરી શક્યતા છે. આથી સેશન્સ જજ હેમંતકુમાર એ. દવેએ આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.

**એક સરખા નામ હોઈ ફાયર ઓફિસરને પણ મુશ્કેલી**

તોડકાંડમાં આરોપી એએસઆઈ દિપક જાનીનું નામ જૂનાગઢ મહાનગરપાલીકાના ચીફ ફાયર ઓફિસર દિપક જાનીને મળતું આવતું હોઈ ફાયર ઓફિસરને અનેક લોકો અને પત્રકારો આરોપી માની લઈને પૂછતા તેઓ પરેશાન થઈ ગયા છે.

જોકે, તોડકાંડના આરોપી એએસઆઈ દિપક જાનીના પિતાનું નામ જગજીવનભાઈ છે જ્યારે ફાયર ઓફિસર દિપક જાનીના પિતાનું નામ નવિનચંદ્ર છે. પણ આખું નામ ખબર ન હોવાથી અનેક લોકોને ગેરસમજ થઈ રહી છે.

## આવતીકાલે ભારત સાધુ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ પુ. મુકતાનંદજી બાપુનો ૬૬મો પ્રાગટયોત્સવ ઉજવાશે

### ગુજરાત, મધ્યપ્રદેશ, પંજાબ, ઉતરાખંડ સહિતના રાજયોમાં વિવિધ જગ્યાએ ૭૧ રકતદાન કેમ્પ, ૪૦ સર્વરોગ નિદાન કેમ્પ સાથે લોકસેવા દ્વારા ઉજવણી કરાશે ચાપરડા નવનિર્મીત ગૌશાળમાં યજ્ઞ, દેહદાન, ચક્ષુદાનના સંકલ્પો લેવડાવાશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

વિસાવદર નજીક આવેલ ચાંપરડા સુરેવધામ આશ્રમના મહંત અને બ્રહ્માનંદ શૈક્ષણીક સંકુલના સંસ્થાપક અને શ્રી પંચ અગ્નિ અખાડાના સભાપતી તેમજ ભારત સાધુ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ પુ. મુકતાનંદજી મહારાજનો આવતીકાલે ૬૬માં પ્રાગટયોત્સવની સેવક સમુદાય દ્વારા સેવા દિવસ તરીકે ઉજવવામાં આવનાર છે. તા.૧૭-૫-૧૯૫૯ના રોજ વિસાવદર ખાતે બ્રહ્મ પરિવારમાં જન્મ થયેલ બાળપણમાં વિસાવદર નજીક આવેલ સરસઈ ગામે પ્રાથમિક શિક્ષણ મેળવેલ ત્યારથી જ પુ. બાપુ સરસઈ ગઢમાં આવેલ નાગદેવતા મંદિરની પુજા વિધી કરતા હતા. પુ. મુકતાનંદબાપુએ ચાંપરડા સુરેવધામ આશ્રમના મહંત પુ. ભગવતીનંદજી બાપુના સાનિધ્યમાં રહી સેવા સમર્પણ કરી નાની વયે તેર વર્ષની ઉમરમાં ભગવતીનંદબાપુ પાસે દિક્ષા ગ્રહણ કરી સંત અમલનો માર્ગ અપનાવ્યો અને માનવ સેવાની ધુણી ધખાવી હતી. દિક્ષા ગ્રહણ કર્યા બાદ પુ. બાપુ ચાંપરડાથી ખુલ્લા પગે ચાલી નર્મદા પદયાત્રા પરિક્રમા કરી ત્યારબાદ જામનગર જીલ્લાના ટપકેશ્વર મહાદેવ ખાતે તપ સાધના કરી તેમજ વડવાળા ગામ પાસેના જંગલેશ્વરના સાનિધ્યમાં તેમજ ગિરનારની છત્રછાંયામાં પણ તપસ્યા કરેલ. આશરે પાંચ દાયકા પહેલા પુ. ભગવતીનંદબાપુ બ્રહ્મલીન થતા પુ. મુકતાનંદબાપુની ચાપરડા સુરેવધામ આશ્રમના મહંત પદે આરૂઢ થયેલ ત્યારથી માનવ સેવા એ જ પ્રભુસેવા ચરિતાર્થ કરવા ચાંપરડામાં વિનામૂલ્યે અન્નક્ષેત્ર અને જય અંબે મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પિટલનું નિર્માણ કરી મોટા સીટીમાં મળતી તબીબી સેવાઓ પણ આ હોસ્પિટલમાં ઉપલબ્ધ કરાઈ છે. છેલ્લા એક દાયકામાં વિવિધ રોગના નિષ્ણાંત તબીબો દ્વારા આ વિસ્તારના હજારો દર્દીઓને વિનામૂલ્યે નિદાન સારવાર આપી રહ્યા છે અને આ જય અંબે હોસ્પિટલ ગરીબ દર્દીઓ માટે આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે. આ ઉપરાતં ચાંપરડા, ગાંધીનગરના પેથાપુર, મેંદરડા સહિતના ગામોમાં તરછોડયેલ વૃધ્ધો માટે વૃધ્ધાશ્રમ વર્ષોથી શરૂ કરવામાં આવ્યા છે. ત્યાં વૃધ્ધોને પરિવારની જેમ રાખવામાં આવે છે. પુ. બાપુ દ્વારા ધાર્મિક સ્થળોએ યાત્રા કરાવે છે. અન્ન, વસ્ત્ર, તબીબી સારવાર પણ આપવામાં આવે છે અને વૃધ્ધો પુ. મુકતાનંદ બાપુમાં સાક્ષાત ભગવાનના દર્શન કરે છે અને બાપુને જોવા ત્યાં સીધા તેના ચરણ સ્પર્શ કરવા દોડી જાય છે એ નજરે જોવા મળે છે. કચ્છમાં આવેલ વિનાશક ભુકંપમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવેલ ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓને દતક લઈ ભરણપોષણ, અભ્યાસની જવાબદારી પણ બાપુ નિભાવી રહ્યા છે. આ ઉપરાંત ઉતરાખંડમાં આવેલ વાવાઝોડામાં લોકોને મકાન બનાવી આપેલ, અનાજ કરીયાણાની કીટ, રોકડ સહાય પણ પુ. બાપુ દ્વારા કરાઈ હતી. પુ. બાપુના જન્મોત્સવને લોકસેવા દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે સૌરાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, પંજાબ સહિતના રાજયોમાં વિવિધ જગ્યાએ ૭૧ રકતદાન કેમ્પ, ૪૦ સર્વરોગ નિદાન કેમ્પ, ૧૦ પર્યાવરણ જાગૃતિ કેમ્પ તથા વિવિધ જગ્યાએ દેહદાન, ચક્ષુદાન સંકલ્પો લેવાશે.

## બનાસકાંઠા જીલ્લાના સને-૨૦૨૨થી નાસતા ફરતા આરોપીને જૂનાગઢ, મજેવડી દરવાજા ખાતેથી પકડી પાડતી જૂનાગઢ "એ" ડિવીઝન પોલીસ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ વિભાગ-જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિલેષ જાજડીયા અને પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા દ્વારા અલગ-અલગ ગુનામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા પરીણામલક્ષી કામગીરી કરી શકાય તે માટે અવાર નવાર સલાહ/સુચનો આપવામાં આવેલ હોય, જે અનુસંધાને જૂનાગઢ-વિભાગ જૂનાગઢના નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલ્યાના સીધા માર્ગદર્શન હેઠળ "એ" ડિવીઝન પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર વી.જે.સાવજની સુચના અન્વયે ગુન્હા નિવારણ શાખાના પો.સ.ઈ. ઓ.આઈ.સીદી તથા પો.સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય દરમ્યાન એ.એસ.આઈ. સરતાજ સાંધ તથા પો.કોન્સ. રામભાઈ ચાવડા તથા સાજીદખાન બેલીમનાઓને સંયુકતમાં ખાનગી રાહે હકીકત મળેલ કે "એ" ડિવીઝન પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૩૦૨૨૦૦૦૬/૨૦૨૨ આઈ.પી.સી. ક.૧૮૮, જેલ અધિનીયમ ક. ૪૨, ૪૩(૧૨), ૪૫(૧૨) મુજબનો ગુન્હો તા.૩-૧-૨૦૨૨ના રોજ રજી થયેલ હોય અને આ કામનો આરોપી આ કામે પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો ફરે છે તે હાલ જૂનાગઢ મજેવડી દરવાજા વિસ્તારમાં આંટાફેરા કરતો હોય આ મુજબની હકકીત આધારે એ ડીવીઝન પોલીસે બાબાભાઈ ઉર્ફે બાબા હાજાભાઈ અભાભાઈ ચૌધરી (રહે.ગામ-મોરવાડા તા.સુઈગામ, જી. બનાસકાંઠા)ને પકડી પાડી આ કામના ગુન્હાની વધુ તપાસ અર્થે તજવીજ હાથ ધરેલ છે.

આ કામગીરી "એ" ડિવી.પો.સ્ટે.ના પો.ઈન્સ. વી.જે.સાવજ સા. તથા પો.સ.ઈ. ઓ.આઈ.સીદી તથા એ.એસ.આઈ. સરતાજ સાંધ તથા પો.હેડ.કોન્સ. કિરણ રાઠોડ તથા પો.કોન્સ. રામભાઈ ચાવડા તથા સાજીદખાન બેલીમ તથા જીગ્નેશભાઈ શુકલા તથા જુવાન લાખણોત્રા તથા વીક્રમ છેલાણા તથા નરેન્દ્ર બાલસ તથા નીલેષ રાતીયા તથા ભરતભાઈ ઓડેદરા નાઓએ સાથે રહી કરેલ છે.

## જૂનાગઢ : બોગસ ફાયર એનઓસી પ્રકરણમાં પોમલની જામીન અરજી ફગાવાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ મહાનગર પાલિકામાં બોગસ ફાયર એનઓસી રજૂ કરી એક બહુમાળી ઈમારતના બાંધકામને મંજૂરી આપી દેવાના પ્રકરણમાં જેને મુખ્ય આરોપી દર્શાવવામાં આવ્યો છે એવા છુટા કરી દેવાયેલા હંગામી કર્મચારી સુજલ પોમલની જામીન અરજી જૂનાગઢ સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. મંગળવારે જૂનાગઢ સેશન્સ કોર્ટમાં આરોપી હિમાંશુ ઉર્ફે સુજલ નલીનભાઈ પોમલની જામીન અરજી ઉપરની સુનાવણી હતી. આ સુનાવણી દરમ્યાન કોર્ટ દ્વારા કહેવાયું હતું કે, પ્રિ ફાયર એનઓસી ખુબ અગત્યની છે. તેના આધારે એ નક્કી થાય છે કે મંજૂરી વાળા સ્થળ ઉપર ફાયરના સાધનો છે. આ બેદરકારી ચલાવી લેવાય તો લોકોના જીવનું જોખમ થાય એ ઉપરાંત આ કેસમાં સરકારી વકીલ કે તપાસનીશ પોલીસ અધિકારી દ્વારા આજ સુધી જામીન અરજી સામે વાંધા રજૂ કરવામાં આવ્યા નથી. પરંતુ ગુણદોષના આધારે આ કેસમાં આરોપીની મુખ્ય ભૂમિકા હોય તેવું સ્પષ્ટ થયું હોઈ હાલના તબક્કે જામીન આપી શકાય નહીં.

## જૂનાગઢ : જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ રેન્જ આઈજી નિલેશ જાંજડીયાને એસપી હર્ષદ મહેતાએ જૂનાગઢમાં ચાલતા ગેરકાયદેસર દારૂ જુગારના ધંધાને ડામવા પોલીસને સૂચના કરી હતી. જેને લઈ જુનાગઢ નાયબ ડીવાયએસપી હિતેશ ધાંધલીયા તમામ પોલીસ સ્ટેશનમાં પોલીસ પેટ્રોલિંગ વધારવા સૂચના કરતા એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ વી.જે સાવજે પોતાના સ્ટાફને સતર્ક રહેવા જણાવ્યું હતું. ત્યારે એ ડિવિજન પોલીસે ગેરકાયદેસર ચાલતા ધંધાવો અને આરોપીઓને પકડવા પેટ્રોલિંગ શરૂ કર્યું હતું. જેમાં પીએસઆઈ ઓ.આઈ સિદી અને રામભાઈ રૂડાભાઈ અને સાજીદ ખાન યુસુફખાને બાતમીના આધારે ખત્રીના ડેલામાં જાહેરમાં જુગાર રમતા કે શેબાઝ ઉર્ફે શેખ, અફઝલ હુસેન પટેલ, અને શિરાજ સલીમભાઈ પરમાર નામના ત્રણ જુગારીઓને ૨૨,૯૦૦ મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. એ ડિવિજન પોલીસે ત્રણે જુગારીઓને પકડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સ્કૂટર હંકારતાં સગીરનો વીડિયો વાયરલ થતાં પિતા સામે ગુનો નોંધાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૬

ભવનાથમાં સગીર સ્કૂટર હંકારતો વીડિયો વાયરલ થયો હતો. જેની તપાસ કરી પોલીસના બાળકના પિતા સામે કાર્યવાહી કરી સ્કૂટર કબજે લીધું હતું. આ અંગે પોલીસમાંથી મળતી માહિતી અનુસાર ભવનાથ વિસ્તારમાં એક સગીર વયનો બાળક સ્કૂટર ઉપર ડબલ સવારીમાં બેસી જોખમી રીતે ડ્રાઈવિંગ કરીને જતો હોવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જે અંગે ભવનાથ પોલીસે તપાસ કરી સગીરને તેના વાલી સાથે પોલીસ સ્ટેશન પર બોલાવી પૂછપરછ હાથ ધરતા આ સગીર શહેરમાં પ્રદીપ સિનેમા પાસે આવેલ બોર્ડિંગ વાસમાં રહેતો હોવાનુ જણાવ્યુ હતુ. આથી પોલીસે બાળકના પિતા સામે કલમ ૩૩૬ અને ૨૭૯ મુજબ બાળકના પિતાની અટક કરી રૂપિયા ૧૦,૦૦૦ની કિંમતનું જીજે-૧૧-કે-૪૪૬૦ નંબરનું સ્કૂટર કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.